શ્રી

મુંબઈ પ્રાન્તિક ભાટીઆ પરિષદ્.

પ્રથમાધિવેશનનો
અહવાલ.

પ્રસિદ્ધ કર્તા —

મુંબઈ પ્રાન્તિક ભાટીઆ પરિષદ

ની

કારોબારી સમિતિ.

સને ૧૯૨૪ મ॰ ૬૯

શ્રી

મુંબઈ પ્રાન્તિક ભાટીઆ પરિષદ્

ના

ઠરાવ નં૦ ૨ પ્રમાણે તમારી કારોબારી સમિતિએ ઘડેલો

પરિષદ્‌નાં બંધારણનો

ખરડો

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ

આપણા માસિક "ભદ્રી હિતેચ્છુ" ના પ્રથમ અંકમાં

તથા

સ્વતંત્રપણે પણ છપાવવામાં આવ્યો છે.

આગામી પરિષદ્

તેને છેવટનું રૂપ આપવાની છે

તો

ત્યારથીજ તે ઉપર વિચાર ચલાવવા વિનંતિ છે.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराईट विभाग]

अनुक्रमांक [illegible] वर्गीक

पुस्तकनुं नाम [illegible] પરિષદ

विषय [illegible]

ઉપોદ્‌ઘાત.

ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ

પરિષદ્ શબ્દ એક છતાં તેમાં વિસ્તૃત અર્થવાળા એક મહત્ત્વ પૂર્ણ વાક્યનો સમાવેશ થાય છે. આ શબ્દ મૂળ સંસ્કૃત ધાતુ **સદ્**=બેસવું અને ઉપસર્ગ **પરિ**=ચોતરફ (all-round) એ બંનેનો બનેલો છે, અને તેનો મૂળ અર્થ જ્યાં સર્વ સાથે વીંટળાઇને બેસે તે એવો થાય છે. એ પછી જ્યાં જુદા જુદા વિચારોનું મન્થન કરી થોડા જુદા જુદા વિચારના નેતાઓ કે જુદા જુદા પક્ષના પ્રતિનિધિયો સાથે મળી કોઇ નિર્ણય ઉપર આવવાનુ કરે તેને **પરિષદ્** (Round-table Conference) એ નામ અપાતુ બાદ **પરિષદ્** શબ્દ, સર્વ દિશાઓને પોતાના અંકમાં સમાવી વિચાર મન્થનો કરી અનેક કોમીય કે પક્ષીય પ્રશ્નોના નિર્ણય માટે બધા ભેગા મળે એ વિસ્તૃત "કોન્ફરન્સ" (Conference) અર્થમા વપરાવા લાગ્યો.

આધુનિક સમયાન્તર દશામા (transitional stage) મા ચોક્કસ નિશ્ચિત નિર્ણય ઉપર આવવુ, અને તે પછી ભિન્ન ભિન્ન મતના સમૂહને અનુકૂળ પડે એવા નિર્ણય ઉપર આવવુ એ મુશ્કેલ છે. તેમા વળી માત્ર કાગળ ઉપરજ રાખવાના નિર્ણયો કરવાના હોત તો તે કામ કેટલેક અંશે સુગમ થાત. પરંતુ આ પ્રાન્તિક ભાટીઆ પરિષદ્‌મા એક તત્વ વધારે છે અને તે એ કે ભિન્ન ભિન્ન રૂચિના આપણા બંધુઓને રૂચે એવું અને તેનું પરિપાલન કરે એવુ બંધારણ આપણા ભાટીઆ ભાઇઓ માટે ખોખાં રૂપે ઘડવાનુ છે. આ કાર્ય સુગમ નથી, મુશ્કેલ છે–વિટંબણાથી ભરપૂર છે–પરંતુ તે ભદ્રીવીરો અને વીરભગિનીઓ માટે ભદ્રીવીરો અને વીરભગિનીઓના એકત્ર પ્રયત્નથી કરવાનુ કર્યું છે. વીરનો ધર્મ મુશ્કેલીના સમયે તેનો પરાભવ કરવા અર્થે તેનો સામનો કરવા કટિબદ્ધ થવાનો અને તેનો સ્વભાવ પણ આવી વિટંબણાઓને આદરસત્કારથી નોતરી, આનંદથી વધાવી લેવાનો છે.

વળી ઉપર જણાવ્યા પ્રમાણે આ કામ "**ભિન્ન ભિન્ન રૂચિવાળા આપણા બંધુઓ**"નુ છે. એ વાક્યમાં પરસ્પર બે વિરૂદ્ધ ભાવો જોવામા આવે છે. "**ભિન્ન ભિન્ન રૂચિવાળા**" એ શબ્દો મુશ્કેલી દેખાડે છે, પણ "**આપણા બંધુઓ**" આ મુશ્કેલ કામ ઉમંગથી પાર ઉતારવા પ્રેરે છે. "**આપણા બંધુઓ**" આ શબ્દો સાંભળી એવો વીર્યહીન અને હતભાગી કોણ હશે કે જે પોતાનાં કર્તવ્યનું પાલન કરવાનો સમય આવતાં પોતાની પીઠ દેખાડે ? "**આપણા બંધુઓ**" આ ધ્વની કાન સાથે અથડાતાં પ્રિય લાગે છે ! સુતેલાંને પણ જગાડે છે ! સ્વાર્થનોએ પરિત્યાગ કરાવી કર્તવ્ય તરફ દોરે છે !

આપણી પરિષદ્‌એ નિમેલી કમિટી યથામતિ પોતાને સોંપેલું કાર્ય બજાવવા અનેક વખત મળી છે, મળે છે, અને મળશે; અને તેનાં પરિણામે જે કોઇ ઘાટ તૈયાર થશે તે તમો ભાઇઓ

સમક્ષ યથા સમયે રજુ કરશે. આ ઘાટ-ખોખું-આપ ભાઇઓનાં મનન માટે રજુ કરવામાં આવે ત્યારે બહોળી સમૂહને અનુકૂળ પડે એવા સુધારા, વધારા અથવા ફેરફાર, કરી આપ ભાઇઓને જોઇએ તેવા તેને હાલના માટે છેવટનો રંગ (finishing touch) આપશો. પણ આ પછી વખતના વહેવા સાથે આપણાં ભવિષ્યનાં યુવકો અને યુવતીઓ તેમાં વધારે રંગ પૂરવા માટે પોતાનાં બુદ્ધિ અને ચાતુર્યનો ઉપયોગ કરી શકે તથા જ્ઞાતિનાં ઉન્નતિ અને શ્રેય માટે ફેરફાર કરવા ઇચ્છે તો તેમ કરવા તેમને અવકાશ રહે એવો માર્ગ એ અગમચેતી કરી રાખશો તો પરિણામે શુકલ પક્ષના ચંદ્રની ચઢતી જતી કળાની જેમ આપણી જ્ઞાતિની કળા પણ દિનપ્રતિદિન વૃદ્ધિંગત થતી જશે અને તે જેમ વૃદ્ધિંગત થતી જશે તેમ તેનો પ્રકાશ જ્યાં જે જાતનો અન્ધકાર હશે તેને દૂર કરી ત્યાં પોતાનો નિર્મળ પ્રકાશ ફેંકશે.

આ કાર્ય કરી આપણે બેસી રહેવાનુ નથી. સૂર્ય જેવો ગ્રહોનો અધિષ્ઠાતા પણ એકે ક્ષણ સ્વસ્થ બેસી શકતો નથી, તો જ્ઞાતિરૂપી નાવ ઊર્ધ્વ દિશાએ નિરંતર ચાલુ રાખવા દરેક બંધુઓ પ્રવૃત્ત રહેવાની આવશ્યકતા અનિવાર્ય છે.

છેલ્લે આ સમિતિ આપ સૌ ભાઇઓની નિમેલી છે. તેને સોંપેલું આ કામ તેણે બજાવેલું છે. પણ તે આપની આજ્ઞાનુ પરિણામ છે. તેમાં દોષ હોય તો સમિતિ પોતાને શિરે લે છે અને યશ જેવું કાંઇ હોય તો તે આપણી જ્ઞાતિને-આપ ભાઇઓને-છે.

સંવત્ ૧૯૮૦ ના
ભાદ્રપદ વદિ ૧૨
ને વાર ગુરૂ.
તા૦ ૨૫-૯-૨૪

કારોબારી સમિતિ,
મુંબઇ પ્રાન્તિક ભાટીઆ પરિષદ્.

પ્રસ્તાવના.

મુંબઇ પ્રાન્તિક ભાટીઆ પરિષદ્‌ની આ શહેર મધેની પ્રથમ બેઠક દરમ્યાન થયલા કામકાજનો અહેવાલ ભાટીઆ કોમના હાથમાં બને તેટલો વહેલો મુકતાં અમોને હર્ષ થાય છે. આપણી પરિષદ્ કેવા અને કયા સંજોગોમાં મળી તેથી સર્વે માહિતગાર હોવાથી તે વિષે અહિં વધુ કશું કહેવાની જરૂર નથી. પણ ઓલ-ઇન્ડીઆ ભાટીઆ કોન્ફરન્સ અને આ પરિષદ્ વચ્ચે જે એક મોટો ફરક જણાયો છે તે ઉપર વિશેષ ધ્યાન ખેંચ્યા વિના અમો રહી શકતા નથી. ઓલ-ઇન્ડીઆ ભાટીઆ કોન્ફરન્સની બેઠકો મળ્યા પછી તે દ્વારા એવો કોઇ પ્રબંધ કરવામાં આવ્યો ન હતો કે તેનું કામકાજ સતત ચાલુ રહે. મુંબઇ પ્રાન્તિક ભાટીઆ પરિષદ્‌એ તે કરતાં પૃથક્ રીતે એવું ઠરાવ્યું છે કે તેણે કરેલા ઠરાવોનો અમલ થવો જોઇએ અને તેવો અમલ થાય માટે તે એક કારોબારી સમિતિ નિમી ઉઠી છે, અને તે સમિતિ ચોકકસ દિશામાં કામ કરી રહી છે. તેવા સમયે આપણી પરિષદ્‌ની પ્રથમ બેઠકનાં કામકાજનો અહવાલ પ્રજાના હાથમાં રહે તે, સમિતિ અને ભાટીઆ કોમ ઉભય માટે, ઇચ્છવા યોગ્ય હોવાથી પરિષદ્‌ની બેઠકો મળ્યા પછી તે પ્રેસમાં બને તેટલું વહેલું મોકલવા માટેની તજવીઝ કરવામાં આવી હતી અને તે પછી તે બને તેટલો વહેલો બહાર પાડવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. તે પ્રયત્નોને પરિણામે આ અહવાલ બહાર પડયો છે અને અમો આશા રાખીશુ કે પોતાની પ્રગતિ કરવાના ઉપાયો યોજવામાં ભાટીઆ કોમ તેનો બનતો સંપૂર્ણ લાભ ઉઠાવશે.

આ પરિષદ્‌ના અહવાલના અંતે ૪ પરિશિષ્ટો ઉમેરવામાં આવ્યા છે; અને તેમાં સન્માનકારિણી સભાનાં સભ્યોનાં અને પ્રતિનિધિયોનાં નામ, પરિષદ્‌નાં અંગે બહાર પડેલી ૧૧ પત્રિકાઓ, પરિષદ્‌એ પસાર કરેલા ઠરાવો, અને પરિષદ્‌નાં ડોનેશન ફંડમાં નાણાં ભરનારા ભાઇઓ તથા બ્હેનોનાં નામો જોડવામાં આવ્યા છે.

અહવાલમાં પરિષદ્‌ના પ્રમુખ ભાઇ પુરૂષોત્તમ વિશ્રામ માવજી, તેની સન્માનકારિણી સભાના પ્રમુખ ભાઇ પુરૂષોત્તમ જીવણદાસ મુલજી અને પરિષદ્‌નો લેવામા આવેલો ફોટાનાં ચિત્રો દાખલ કરવામાં આવ્યાં છે.

પરિષદ્‌ની આવક અને ખરચના સંબંધમાં તેની સઘળી વિગતો અત્રે દાખલ કરવાનું બની શકયું નથી. તે આપણી પરિષદ્‌ની કારોબારી સમિતિ પોતાના આવક અને ખરચનો હીસાબ બહાર પાડશે તે જોડે તે પ્રગટ કરશે. પણ તે વિષેનો કોઇ સ્થૂલ ખ્યાલ કોમને આવી શકે તે માટે તે સંબંધી નીચલી બાબતો અત્રે રજુ કરવાની રજા લઇશું:—

આ અહવાલમાંના પરિશિષ્ટ ૪ માં જણાવ્યા મુજબ પરિષદ્ સહાયક ફંડમાં સ્થાનિક અને બહારગામના મળી રૂ. ૭૯૬૭ાાા ભરાયા હતાં. ઉપરાંત સન્માનકારિણી સભાના

સભ્યોની તથા ડેલીગેટોની ફીના રૂ. ૧૩૧૩ ઉપજ્યા હતા. એટલે પરિષદ્‌ની ૦. કુલ્લે રૂ. ૯૨૮૦ાાા થઇ હતી. તેની સામે તા૦ ૨૫-૬-૨૪ સુધી થયેલા સ્વાગત ખરચ, રસોઇ ખરચ, ઉતારા ખરચ, સ્ટેશનરી, પ્રીન્ટીંગ અને જાહેરખબર ખરચ, તથા પગાર પોસ્ટ વગેરેનાં ખરચો મળી કુલ્લે રૂ. ૩૮૦૪-૯-૩ નો ખરચ થયો છે. એટલે તા૦ ૨૫-૬-૨૪ નાં દિને પરિષદ્ ફંડની જમા શીલક રૂ. ૫૪૭૬-૨-૯ ની હતી.

પરિષદ્ ભરવાનાં અને તેને ફત્તેહમંદ બનાવવાનાં કામમાં દરેક રીતની સહાય આપનારાં સર્વ ભાઇઓ તથા બ્હેનોનો આ તકે અમો આભાર માનવાની રજા લઇએ છીએ.

છેલ્લે, પરિષદ્‌ના આ અહેવાલમાં કયા ત્રુટિઓ જણાય તો જે અણધાર્યા અને વિચિત્ર સંજોગોમાં કાર્યકર્તાઓની સબળ સહાય વિના પરિષદ્ ભરાઇ તેને તે આભારી ગણી તે બદલ અમોને ક્ષમા આપવા અમો ભાટીઆ કામને વિનંતિ કરીએ છીએ.

લી૦ સેવકો,

ઠે૦ ઠા. હીરજી વીરજીની દુકાને
જુની હનુમાન ગલ્લી
મુંબઇ નં૦ ૨.
તા૦ ૨૫-૯-૨૪.

વિઠલદાસ દામોદર ગોવિંદજી.
હીરજી વીરજી કાપડીઆ.
ગોવર્ધનદાસ પ્રાગજી.
માનદ મંત્રીઓ, મુંબઇ પ્રાન્તિક ભાટીઆ પરિષદ્.



મુંબઈ પ્રાંતિક ભાટીયા પરિષદ—૧૯૨૪.

1681-Lakshmi Art, Bombay 8

મુંબઇ પ્રાન્તિક ભાટીઆ પરિષદ્.

પ્રથમ દિવસની બેઠકનું કામકાજ.

મુંબઇ પ્રાન્તિક ભાટીઆ પરિષદની પ્રથમ દિવસની બેઠક શનિવાર તા૦ ૩-૫-૨૪ નાં દિને પાછલા પહોરના ૨-૩૦ (સ્ટાં. ટા) કલાકે તેના આધ્યક્ષ ભાઇ શ્રી૦ પુરૂષોત્તમ વિશ્રામ માવજીનાં અધ્યક્ષપણાં હેઠળ કાલકાદેવીના રસ્તા ઉપર આવેલી હાલાઇ ભાટીઆ મહાજનવાડીમાં મળી હતી. આ માટે મહાજનવાડીનું લગ્નમંડપવાળું સ્થળ શ્રીહાલાઇ ભાટીઆ મહાજનની કમિટીની પહેલેથી મેળવવામાં આવેલી સંમતિથી ખાસ રોકવામાં આવ્યું હતું. પાકેલા બાંધેલા આ સ્થળની બહારના ભાગમાં માણુસોને બેસાડવાની વધારાની સગવડ માટે એક ખાસ મંડપ ઉભો કરવામાં આવ્યો હતો અને અંદરના ભાગની સપાટીએ તેમાંની બેઠકો આવી રહે તે માટે ત્યાં એક પ્લેટફોર્મ ઉભો કરવામાં આવ્યો હતો. પરિષદની બેઠકો માટેની આ આખીએ જગ્યાની ખાદી અને સ્વદેશી વસ્ત્રોથી ખાસ રચના કરવામાં આવી હતી. આખા મંડપમાં આસો પાલવનાં તથા પુષ્પોનાં તોરણો ટાંગી દેવામાં આવ્યાં હતાં.

મંડપમાં એક ફુલ-સાઇઝની શ્રીનાથજીની છબી ઉપરાંત ભાટીઆ જ્ઞાતિના હિતકર્તા સ્વર્ગવાસી વીરનરોની ફુલ અને હાફ-સાઇઝની છબીઓ ચોમેર ગોઠવવામાં આવી હતી. મંડપની પુર્વે ગોઠવવામાં આવેલી શ્રી નાથજીની ભવ્ય છબીની જમણી બાજુએ ભાટીઆ જ્ઞાતિના દાનવીર શેઠ ચત્રુભુજ મુરારજી તથા શેઠ વસનજી ખીમજીની અને ડાબી બાજુએ પરિષદ્ના અધ્યક્ષ ભાઇ શ્રી૦ પુરૂષોત્તમના પિતા શેઠ વિશ્રામ માવજીની તથા પરોપકારી શેઠ ગોવિંદજી ઠાકરસિંહ મુલજીની છબીઓ ગોઠવવામાં આવી હતી મંડપની પશ્ચિમે મધ્યમાં શેઠ ગોવર્ધનદાસ સુંદરદાસની, તેની જમણી બાજુએ વીરનર શેઠ લક્ષ્મીદાસ ખીમજીની અને ડાબી બાજુએ ગુપ્તદાનેશ્વરી શેઠ વલ્લભદાસ વાલજીની છબીઓ ગોઠવવામાં આવી હતી. શ્રી. લક્ષ્મીદાસ ખીમજીની છબીના ઉપરિ ભાગમાં ભાટીઆ જ્ઞાતિના પહેલા નાઇટ (Knight) સર વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસિંહની અને તેની બાજુએ પરોપકારની શેઠ ગોકુલદાસ તેજપાલની અને ગોભક્ત શેઠ મુરારજી વેલજીની છબીઓ ટાંગવામાં આવી હતી.

મંડપની ઉત્તરે મુંબઇ ખાતે મળેલી ઑલ-ઇન્ડીઆ ભાટીઆ પરિષદ્ અંગે લેવામાં આવેલા ફોટા ટાંગવામાં આવ્યા હતા જેઓમાં તે પરિષદ્‌ના પ્રમુખ સ્વ. રા. સા. ડૉ. હીરાલાલ ઇત્યાદિની છબીઓ હતી. તે ઉપરાંત તે બાજુએ પરિષદ્‌ના અધ્યક્ષ શ્રી૦ પુરૂષોત્તમ વિશ્રામ માવજીએ પોતાનાં કોંમની સંગ્રહસ્થાનમાંથી આપેલી છબીઓ ગોઠવવામાં આવી હતી. તેમાં શ્રીવલ્લભકુલવંશનો નકશો અને ગોરક્ષણથી દેશને થતા અનેકાવિધ લાભોનો નકશો વગેરે ગોઠવવામાં આવ્યા હતા. મંડપની દક્ષિણે પરિષદ્‌ના અધ્યક્ષ તથા તેની સન્માનકારિણી સભાના પ્રમુખ માટે એક વ્યાસપીઠ ગોઠવવામાં આવ્યુ હતું. અને તે વ્યાસપીઠની પાછળ અધ્યક્ષ ભાઇનાં ઉક્ત સંગ્રહસ્થાનમાંની હસ્તકળાના એક સુંદર નમુનારૂપ જરીનાં ભરતકામની બેટ શંખોદ્ધારના શ્રી દ્વારકાનાથજીની છબી ટાંગવામાં આવી હતી. તે છબીની પૂર્વે શ્રીનાથજી જ્યાં બીરાજે છે તે શ્રીનાથદ્વારા ગામનો આજથી ૨૦૦ વર્ષ ઉપરનો હાથનો દોરેલો અને ડાબી બાજુએ ભટ્રિવંશની ઉત્પત્તિ વર્ણવતો નકશો ટાંગવામાં આવ્યો હતો. વિશેષમાં મંડપની શોભામાં વધારો કરવા માટે ધર્મ અને દેશપ્રેમ સૂચવનારા તથા નીતિનો ઉપદેશ આપતા અનેક મુદ્રાલેખો અને સૂત્રો ટાંગવામાં આવ્યાં હતાં.

અધ્યક્ષનાં વ્યાસપીઠની જમણી બાજુએ સન્માનકારિણી સભાના સભ્યો માટેની, તેની ડાબી બાજુએ સ્થાનિક તથા બહારગામના પ્રતિનિધિયો (delegates) માટેની, તેના પાછલા ભાગમાં સ્ત્રિયો માટેની, અને મંડપના બહારના ભાગમાં જ્યાં ખાસ પ્લૅટફૉર્મ ઉભો કરવામાં આવ્યો હતો ત્યાં પ્રેક્ષકો માટેની જગા રાખવામાં આવી હતી. સ્વયસેવકો માટેની છાવણી મહાજનવાડીના ચોકમાં તથા તેમના માટેનું તથા પ્રતિનિધિઓ માટેનું રસોડું ત્યાંની એક કંદોરીમાં રાખવામાં આવ્યું હતું. મહાજનવાડીમાં પ્રભાતથી મંગળસૂચક નોબતો ગડગડવા લાગી હતી અને પરિષદ્‌નું કાર્ય આરંભ થતાં સુધી તેનો મધુર ધ્વનિ સંભળાયા કરતો હતો.

પરિષદ્ ભરવાનો સમય ૨-૩૦ નો રાખવામાં આવ્યો હતો, પણ તે પૂર્વેથી પરિષદ્ માટેનું મંડપ જુના અને નવા વિચારના સન્માનકારિણિ સમિતિના સભ્યોથી, સ્થાનિક અને કચ્છ, કાઠીઆવાડ, ગુજરાત અને મહારાષ્ટ્રના પ્રતિનિધિયોથી તેમજ પ્રેક્ષક વર્ગ અને સ્ત્રી સભ્યોથી ચીકાર ભરાઇ ગયું હતું. પ્રેક્ષકવર્ગ માટે પહેલે ત્રણ દિવસનો રૂ. ૧) તથા એક દિવસના રૂ. ૦॥ એમ પ્રવેશ ફી રાખવામાં આવી હતી. પણ આગલે દિવસે કારોબારી સમિતિયે તે વર્ગ પરિષદ્‌નો લાભ મોટા પ્રમાણમાં લે તે હેતુથી વિના ફીએ પ્રેક્ષકોને દાખલ કરવા ઠરાવ્યાથી તે છુટનો પ્રેક્ષકોએ સારો લાભ ઉઠાવ્યો હતો. યોગ્ય વ્યવસ્થા માટે શ્રી મુંબઇ ભાટીઆ વોલન્ટીયર કોરના કૅપ્ટન ભાઇ શ્રી૦ વલ્લભદાસ વસનજી જેરાજાણીએ તથા શ્રીનવગામ વોલન્ટીયર કોરના કૅપ્ટન ભાઇ શ્રી૦ જમનાદાસ ગોકલદાસ જુદા જુદા સ્વયંસેવકો તેનાં નિયત સ્થાને ગોઠવી દીધા હતા.

પરિષદ્ માટેનો સમય થતાં તેની સન્માન કારિણી સભાના પ્રમુખ ભાઇ શ્રી પુરૂષોત્તમ જીવણદાસ મુલજીએ શ્રી દ્વારિકાનાથજીનાં સ્વરૂપને નમન કર્યા બાદ પોતાનું આ સાથેનું ભાષણ વાંચ્યું હતું.

સન્માનકારિણી સભાના પ્રમુખ



રા. રા. પુરૂષોત્તમ જીવણદાસ મુલજી.

સન્માનકારિણી સભાના પ્રમુખ
ભાઇ શ્રી૦ પુરૂષોત્તમ જીવણદાસ મુલજીનું ભાષણ.

ભાઇઓ અને બ્હેનો,

આપે મને સ્વાગત સમિતિના પ્રમુખ તરીકે પસંદ કરીને જે મોટું માન આપ્યુ છે તે માટે હું તમારો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. જો કે મને લાગે છે જે તમોએ મારા કરતાં કોઇ વધારે લાયક, વયોવૃધ્ધ અનુભવી પુરૂષને નિમ્યો હતે તો તમારૂં કાર્ય વધારે સારી રીતે થઇ શકતે. પણ જ્યારે તમોએ મને નિમ્યો છે, ત્યારે મારાથી બનતી શકિતએ આપણી જ્ઞાતિની સેવા કરવી એ હું મારી ફરજ સમજું છું. હું કોઇ વિદ્વાન નથી તેમજ વકતા પણ નથી, તેથી મારા ભાષણમાં કાંઈ ખામી હોય તે દરગુજર કરવા આપને વિનંતિ કરૂં છું.

આજના જેવી પ્રાંતિક પરિષદ્ મુંબઈમાં આ પ્રથમજ ભરાય છે. અગાઉ અખિલ હિંદ ભાટીઆ કૉનફરંસો મુંબઈમાં તેમજ અન્ય સ્થળોએ ભરવામાં આવી હતી. પણ આવી પ્રાંતિક કોન્ફરંસ મુંબઈમાં આજ સુધી ભરવામાં આવી નથી. તે માટે ભાટીઆ વોલન્ટીયર કોરે જે અગાધ પ્રયાસ કર્યો છે તેને માટે આપણે તેમને ધન્યવાદ આપવો જોઈએ.

અમારા આમંત્રણપત્રને માન આપી આપ બહાર ગામથી આવેલા ડેલીગેટોએ તથા મુંબાઇમાં વસતા ભાઈઓએ અત્રે પધારી અમારા કાર્યને જે સહાય આપી છે તે માટે હું તમારો ઉપકાર માનું છું. મુંબઇ શેહેરમાં જગ્યાની બહુજ તંગાશ છે. તે છતાં પણ આપ ડેલીગેટોને કોઇપણ પ્રકારની અડચણ ન પડે તે માટે અમોએ યોગ્ય બંદોબસ્ત કીધો છે. છતાં કાંઇપણ ઉણપ આવી ગઇ હોય તો તે બદલ ક્ષમા કરવાને હું આપને વિનતિ કરૂં છું.

હેતુ—ઘણા ભાઇઓ સવાલ પુછે છે જે આ પરિષદ્ બોલાવવાનો હેતુ શો! અને આથી શો લાભ થવાનો છે? મારા ધારવા મુજબ આ પરિષદ્ ભરવાનો મુખ્ય હેતુ આપણે બધા ભાઈઓ કાંઇપણ ભેદ વિના, પછી આપણે જુનાં મહાજનના હોઇએ કે નવા મહાજનના હોઈએ, ભલે આપણા વિચારો જુદા હોય, તો પણ એક સ્થાને ભેગા થઇ આપણે આપણા શુભ વિચારો આપણા બીજા ભાઈઓ અને બહેનો સન્મુખ ધરીએ અને આપણી જ્ઞાતિની ઉન્નતિ કેવી રીતે થાય તેનો વિચાર કરીએ અને કોઈ વ્યવહારૂ યોજના તૈયાર કરીએ કે જેથી આપણી જ્ઞાતિગંગા ફરીથી જીવતી જાગતી વહેતી થાય અને આપણને સર્વને પાવન કરે.

બધા ભાઇઓ એકમતે કબુલ કરે છે જે આપણે હવે આપણી જ્ઞાતિની હાલની સ્થિતિ સુધારવા કાંઇપણ વિચાર કરવો જોઇએ. પણ કોઈપણ ભાઇ સુકાની થવા અને અગ્રસ્થાન લેવા ના પાડે છે તેવી સ્થિતિમાં આપણે બધાએ ભેગા મળી આ કાર્ય આપણું દરેકનું છે એમ સમજી કામ કરવા મંડી જવું જોઈએ.

આજકાલ આવી જ્ઞાતિની પરિષદો, રાજદ્વારી પરિષદો, સાહિત્ય પરિષદો, ધાર્મિક પરિષદો ભરવાનું સર્વસામાન્ય થઇ રહ્યું છે. પણ જ્યાં સુધી દરેક વરસે ઠરાવો પસાર કરી તે ઠરાવોને અમલમાં મુકવાની કાંઇપણ ગોઠવણ કરવામાં ન આવી હોય ત્યાં સુધી એના એ ઠરાવો દર વરસે પસાર કરવાથી કોઇપણ જ્ઞાતિ અથવા સંસ્થાને લેશ માત્ર પણ ફાયદો થવાનો સંભવજ નથી. મારા નમ્ર અભિપ્રાય મુજબ દરેક વરસે ઘણા ઠરાવો પસાર કરી પછી બાર મહીના સુધી ગાઢ નિદ્રામાં સુઈ રહ્યા કરતાં જે ખાસ અગત્યની બાબતો હોય અને જે અમલમાં મુકી શકાય તેવી હોય તેના ઉપર વિચાર કરી તે બાબતો ઉપરજ યોગ્ય નિર્ણય ઉપર આવવું જોઈએ; અને તે બાબતો તે વરસમાં અમલમાં મુકાવી જોઇએ, અને એવી રીતે ક્રમે ક્રમે જો આપણે આગળ વધીશું તોજ કાંઇ સંગીન કાર્ય કરી શકીશું.

હાલ આપણી જ્ઞાતિમાં જે બાબતો ઉપર આપણે વિચાર કરવો જોઈએ તે મુખ્યત્વે નીચે મુજબ છેઃ—

૧. **છિન્નભિન્નતા**—હાલ આપણી જ્ઞાતિમાં સ્વચ્છંદતા વધી ગઇ હોય તેમ જણાય છે. સૌ સૌ પોતાના ઘરના તેમજ પોતાનાં મનના રાજા થઈ પડયા છે. જ્ઞાતિમાં મહાજનનો કાંઇ અંકુશ અથવા એનું કોઇ સુકાની રહ્યાં નથી, જેનું મુખ્ય કારણ મારા મત મુજબ આપણી જ્ઞાતિનું બંધન શિથિલ થયુ છે તે છે. તો આ સ્થિતિનો શો ઉપાય કરવો અને જ્ઞાતિને ઉન્નતિ તરફ કેમ લઇ જઇ શકાય તેનો વિચાર કરવો.

૨. **રીતરીવાજો** - હાલમાં આપણી જ્ઞાતિમાં રીતરીવાજો ઘણાજ વધી ગયા છે તે કેવી રીતે નિયમિત થઈ શકે તેનો વિચાર કરવો.

૩. **કેલવણી**—આપણી જ્ઞાતિમાં પુરૂષ અને ખાસ સ્ત્રી વર્ગમાં કેલવણીનો ફેલાવો કેમ થાય, ધાર્મિક, વ્યવહારિક અને ઉદ્યોગ અને વેપારને લગતું શિક્ષણ સારી રીતે કેમ આપી શકાય તેનો વિચાર કરવો.

૪. **જ્ઞાતિહિતનાં ફંડોનું કેંદ્રસ્થાન**—આપણા જ્ઞાતિહિત માટે જુદી જુદી વ્યકિતયોએ નિર્માણ કરેલી રકમોનો ઉપયોગ જે ધારણાથી તે રકમો અપાયલી છે તે ધારણાઓ અમલમાં મુકી સારી રીતે કેમ થઈ શકે અને તે રકમોમાંથી

વધારેમાં વધારે લાભ કેમ મલી શકે, તેના સારૂ કોઈ વ્યવહારૂ યોજના તૈયાર કરવી અને તેના ઉપર વિચાર કરવો.

૫. **વર્ણાંતર્લગ્નો**—હાલમાં આપણી જ્ઞાતિમાં જે વર્ણાંતર્લગ્નો થયા છે તે સંબંધી વિચાર કરવો અને ભવિષ્યમાં તે થતાં કેમ અટકાવી શકાય તેના ઉપાય યોજવા.

૬. **કન્યાઓની અછત**—આપણી જ્ઞાતિમાં હાલ કન્યોઓની અછત છે તે મટાડી શકાય તેમ છે કે નહીં, અને જો તે મટાડી શકાય તેમ હોય તો તે માટે શા ઉપાયો લેવા તેના ઉપર વિચાર કરવો.

૭. **વિધવાઓની દુ:ખદ સ્થિતિ**—હાલમાં આપણી જ્ઞાતિમાં વિધવાઓની જે સ્થિતિ છે તે કેમ સુધારી શકાય તેનો વિચાર કરવો.

૮. **મકાનોની તંગી**—હાલ મુંબઈમાં આપણા ભાઈઓને રહેવાની જગ્યા મેળવવા ઘણી અડચણો પડે છે તો તે અડચણો દૂર કરવા કોઈ યોજના તૈયાર કરવી. અને પરાંઓમાં એક ભાટીયા કૉલોની સ્થાપિત કરવા સંબંધી વિચાર કરવો.

આ પરિષદ્ મુખ્યત્વે કરીને ભાટીઆ વોલન્ટીયર કોરની મહેનતનુ પરિણામ છે. આ ઉત્સાહી યુવક મંડળને આપણી જ્ઞાતિનાં સંગઠન માટે ભારી ધગશ છે, તો તેમના ઉત્સાહને આપણે સન્માર્ગે દોરી તે ઉત્સાહ સતત ચાલુ કેમ રહે અને આપણી જ્ઞાતિની સેવા તેઓ સારી રીતે કેમ કરી શકે તેને માટે આપણે કોઈ વ્યવહારૂ યોજના તૈયાર કરવી જોઈએ.

આપ સર્વેનો અમૂલ્ય વખત હવે વધારે નહીં રોકતાં આપણી પરિષદ્‌નું પ્રમુખપદ ભાઈ પુરૂષોત્તમ વિશ્રામ માવજીને લેવા હું વિનંતિ કરૂં છું. પ્રમુખ સાહેબનું સ્વાગત કરવા માટે મારી પાસે યોગ્ય શબ્દોજ નથી. આપણા પ્રમુખ એક વ્યવહારકુશલ શ્રીમંત ગૃહસ્થ હોવા ઉપરાંત આપણી ધનિક કોમમાં દુર્લભ એવી રસિક વૃત્તિયોના પોષાક તરીકે સંસ્કારી ગુજરાતી વર્ગમાં જાણીતા છે. આજની પરિષદ્‌નું પ્રમુખપદ લેવા માટે એમનો ઉપકાર માની આપણી શુષ્ક પ્રવૃત્તિઓમાં એમની રસિકતારૂપી યોગ્ય સિંચન કરવા એમને વિનંતિ કરીશ.

અધ્યક્ષની નિમણુંક.

સન્માનકારિણી સભાના પ્રમુખ ભાઇ શ્રી૦ પુરૂષોત્તમ જીવણદાસ મુલજીએ ઉપર પ્રમાણેનું સૌનું સ્વાગત કરનારૂં ભાષણ કર્યા બાદ તેમણે પરિષદના અધ્યક્ષ ભાઇ શ્રી૦ પુરૂષોત્તમ વિશ્રામ માવજીને અધ્યક્ષસ્થાન લેવાની વિનંતિ કરતાં અધ્યક્ષપદને ઓળખાવનારૂં જરીથી ભરેલું ચંદ્રક ધારણ કરાવ્યું હતું.

પરિષદ્‌ના સંયુકત મંત્રી ભાઇ શ્રી૦ હીરજી વીરજી.

અધ્યક્ષે પરિષદના મંત્રીઓને જુદા જુદા સ્થળોએથી આવેલા સહાનુભૂતિના સંદેશા વાંચી સંભળાવવા આજ્ઞા કરતાં સંયુકત મંત્રી ભાઇ શ્રી૦ હીરજી વીરજીએ તે વાંચતાં નીચે પ્રમાણે વિવેચન કર્યું હતુ:—

માનવંતા પ્રમુખ સાહેબ, પ્રિય બંધુઓ, ડેલીગેટભાઇઓ, અને ભગિનીઓ,

અપૂર્વ ચાહ, લાગણી અને ઉમંગ વચ્ચે ઘણા વખત પછી આજે આપણે ભેગા મળ્યા છીએ. આજના આ સમાગમથી મારૂં અંતઃકરણ હર્ષથી ઉભરાઇ જાય છે. આપણી સન્માનકારિણી સમિતિના પ્રમુખ શેઠ પુરૂષોત્તમ જીવણદાસ મુલજી એ આપની સન્મુખ જુસ્સાદાર મનોરંજન ભાષણ કર્યું છે, અને આપણે સંપૂર્ણ આશાવંત બન્યા છીએ કે આ પરિષદ તેઓ તથા આપણા સાહિત્યવિલાસી માનવંતા પ્રમુખ મહાશય શેઠ પુરૂષોત્તમ વિશ્રામ માવજી પૂર્ણ ફત્તેહમંદિથી પાર ઉતારશે. ભાઇઓ, વોલંટીઅર કોરની બાબતમાં હું જણાવીશ કે ભાટીઆ વોલંટીઅર કોરની સ્થાપનાનો મુખ્ય હેતુ જ્ઞાતિસેવા અને દેશ સેવા કરવાનો છે. તો આ કોરે ફકત પોતાની ફરજ બજાવી છે, વિશેષ કાંઇપણ કર્યું નથી, અને હું કોર તરફથી આપને ખાતરી આપું છું કે હરહંમેશ જ્ઞાતિસેવાનાં કાર્ય માટે કોર તૈયાર આવીજ રીતે રહેશે. આ પરિષદને મુંબઇના ભાઇઓ તથા બહાર ગામના ભાઇઓ તરફથી સંપૂર્ણ સહાનુભૂતી મળેલી આપણે જોઇ શકીએ છીએ અને આપણે ઇચ્છિશું કે આ પરિષદમાં જ્ઞાતિ હિતના સવાલો પર ઉંડો વિચાર કરી આપ ભાઇઓ જ્ઞાતિઉન્નતિના યોગ્ય ઠરાવો પસાર કરી આ પરિષદને પૂર્ણ રીતે ફત્તેહમંદ બનાવશો.

સ્થાનિક તથા બહાર ગામના મહાજનો તથા મંડળો તથા ભાઇઓ તરફથી આ પરિષદ ઉપર મુબારકબાદીના ઘણા સંદેશાઓ આવેલા છે, જેમાંના મુખ્ય હું અત્રે જણાવીશ તે નીચે મુજબ છે:—

સહાનુભૂતિના સંદેશા.

(૧) જંગબારથી ભાટીઆ મહાજનના સેક્રેટરી ભાઇ મેઘજી ચત્રભુજ તા. ૧૫ મી એપ્રિલના તારમાં જણાવે છે કે દૂર દેશાવરને લઇને ડેલીગેટ તરીકે વખતસર હાજર ન થઈ શકવા માટે દિલગીર છું. કોન્ફરન્સને અંતઃકરણપૂર્વક અભિનંદન છે.

(૨) મસ્કતથી મસ્ક અને મત્રા મહાજનના ભાઇ જમનાદાસ તા૦ ૨૫ મીના તારમાં પરિષદની ફત્તેહ ઇચ્છી મહાજન તરફથી રૂ. ૧૦૦) પરિષદના ડોનેસન ફંડમાં મોકલાવ્યા છે.

(૩) કરાંચીથી કચ્છી હાલાઇ ભાટીઆ મહાજનના પ્રમુખ ભાઇ નરસી માવજી ટોપરાણી તા૦ ૨-૫-૨૪ ના તારમાં પરિષદને ફત્તેહ ઇચ્છે છે.

(૪) કરાંચીથી ભાઇ મથુરાદાસ રણછોડદાસ સંપટ તા૦ ૨-૫-૨૪ ના તારમાં જણાવે છે કે કામના દબાણને લીધે આવી શકાયું નથી તે માટે માફ કરશો. પરિષદ્ પ્રત્યે સહાનુભૂતિ છે. બીજી કૉન્ફરન્સ માંડવી ખાતે ભરશો. ભાઇઓમાં ઐક્યતા થાય એવા ઠરાવો પસાર કરશો.

(૫) અંજારથી ભાટીઆ મિત્રમંડળ તા. ૩ જી મેના તારમાં કૉન્ફરન્સને ફતેહ ઇચ્છી મુબારકબાદી આપે છે.

(૬) જર્મનીમાં આવેલા એલનગન ગામથી ભાઇ મથુરાંદાસ વસનજી ખીમજી તારથી જણાવે છે કે "કૉન્ફરન્સમાં હું આવી શકયો નથી તેથી દિલગીર છુ. કૉન્ફરન્સના હેતુ તરફ મારી સંપૂર્ણ સહાનુભૂતિ છે અને તેને દરેક ફતેહ ઇચ્છુ છું.

(૭) તિરૂપુરથી ભાઇ પી. ડી. આસર પરિષદ્ પ્રત્યે અંતઃકરણપુર્વક સહાનુભૂતિ દર્શાવી તિરૂપુરના ભાઇઓ તરફના ફાળા તરીકે રૂ. ૧૮૭) મોકલ્યા છે.

(૮) રોહરી (સિંધ) થી ભાઇ ચિમનદાસ, સેક્રેટરી, તારમાં પરિષદ્‌ને ફત્તેહ ઇચ્છે છે.

(૯) જામનગરથી ભાઇ જેઠાલાલ મુલજી તા૦ ૪ થી મેના તારમાં જણાવે છે જે હું પરિષદ્‌ને ફત્તેહ ઇચ્છું છું.

સહાનુભૂતિના પત્રો.

ઉપરાંત પરિષદ્ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવનારા મળેલા પત્રો નીચે મુજબ છે:—

(૧) જલગામથી ભાઇ મથુરાદાસ વલ્લભદાસ સંપટે પરિષદ્‌ને ફત્તેહ ઇચ્છી ત્યાંના ભાઇઓ તરફથી રૂા. ૧૦૬ મોકલાવ્યા છે.

(૨) મોવૈયા (ગોંડલ) થી ભાઇ પોપટલાલજી જણાવે છે કે ગેરહાજરી માટે માફ કરશો; પરિષદ્‌માં અંતઃકરણથી જોડાયલો છું.

(૩) જામનગરથી ભાઇ કરસનદાસ જેઠા તથા ભગવાનદાસ હેમરાજ લખી જણાવે છે કે જામનગર તરફથી પાંચ ડેલિગેટ ચુંટી જામનગરના ભાઇઓ તરફથી રૂા ૧૦૭ મોકલાવ્યા છે.

(૪) રાજકોટથી ભાઇ હરજીવન ગોકલદાસ વેદ પરિષદ્‌ને ફત્તેહ ઇચ્છે છે.

(૫) કોચિનથી ભાઇ જમનાદાસ કેશવજી કંકાલ પરિષદ્‌માં ગેરહાજરી માટે દિલગીરી જાહેર કરે છે અને તેને ફત્તેહ ઇચ્છે છે.

(૬) મોરબીથી ભાઇ વિઠ્ઠલદાસ ચાંપસી જણાવે છે કે અનિવાર્ય કારણને લઇને ત્યાં હાજરી આપી શકયો નથી તે માટે દિલગીર છું. અંતઃકરણ તમો પાસે છે. જે હેતુથી આ પરિષદ્ ભરવામાં આવી છે તે હેતુઓ શ્રીકૃષ્ણપરમાત્માની સહાયથી ફળીભૂત થાવ.

(૭) કલકત્તાથી ભાઇ રણછોડદાસ ચાંપસી આસર પરિષદ્‌ને ફત્તેહ ઇચ્છે છે.

(૮) રાજકોટથી ભાઇ માધવજી ઝીણાભાઇ લખી જણાવે છે કે ગેરહાજરી માટે દિલગીર છું. અંતઃકરણ પરિષદ્‌માં જોડાએલું છે.

(૯) કચ્છ માંડવી ભાટીયા મિત્રમંડળ પરિષદ્‌ની ફતેહ ઇચ્છી પ્રતિનિધિ ચુંટી મોકલ્યાનું જણાવે છે.

(૧૦) ખંભાલીઆ મહાજને પોતાના તરફથી ૨૨ પ્રતિનિધિ ચુંટી રૂા. ૫૭) ડોનેશન ફંડમાં મોકલાવ્યા છે.

(૧૧) યદુવંશી ભાટીયા મંડળે પરિષદ્ પ્રત્યે સહાનુભૂતી દર્શાવી રૂા. ૨૫) મોકલાવ્યા છે.

(૧૨) કંડી ભાટીયા મહાજને પ્રતિનિધિ ચુંટી મોકલી રૂા ૧૦૧) મોકલાવ્યા છે.

(૧૩) શ્રીઅમરેલી ભાટીયા મહાજન પરિષદ્ પ્રત્યે દિલસોજી દર્શાવી પ્રતિનિધિ ચુંટી મોકલે છે.

(૧૪) મોરબીના દીવાન ભાટીઆ મહાજને પ્રતિનિધિ ચુંટી મોકલી રૂા. ૫૧) ડોનેશન ફંડમાં મોકલાવ્યા છે.

(૧૫) શ્રીમુંબઇ નવગામ ભાટીયા મંડળ પોતાના તરફના પ્રતિનિધિ ચુંટી મોકલાવ્યા છે.

(૧૬) અંજારથી ભાટીયા મિત્રમંડળના સેક્રેટરી ભાઇ જેરામદાસ જેઠાભાઇ તેમના મંડળ તરફથી પરિષદની ફતેહ ઇચ્છે છે; અને ભાટીઆ મહાજનના નામે રૂ. ૫૧) મોકલાવ્યા છે.

(૧૭) શ્રીરંગુન ભાટીયા મહાજને પ્રતિનિધિ ચુંટી મોકલી રૂ. ૧૩૧) મોકલાવ્યા છે.

(૧૮) ધરણગામથી ભાઇ ચીમનલાલ ગંગારામ શ્રીધરણ ગામ મહાજન તરફથી પ્રતિનિધિ મોકલી રૂા. ૧૧૫) મોકલાવ્યા છે.

(૧૯) શ્રીસલાયા મહાજને પરિષદને ફતેહ ઇચ્છી રૂા. ૫૧) મોકલાવ્યા છે.

(૨૦) શ્રીમુંબઇ ભાટીયા મહાજન પોતાના તરફથી પ્રતિનિધિ ચુંટી મોકલી રૂા. ૧૦૧) મોકલાવ્યા છે.

(૨૧) શ્રીમુંબઇ ભાટીયા મિત્રમંડળ પોતાના તરફથી પ્રતિનિધિ ચુંટી મોકલી પરીષદ તરફ સહાનુભૂતી દર્શાવે છે.

(૨૨) શેઠ નરોત્તમ મોરારજી ગોકલદાસ લખે છે કે મારે શોલાપુર જવાનું હોવાથી પરિષદમાં ગેરહાજર રહેવા માટે દિલગીર છું, જે માટે ક્ષમા કરશો પરિષદની સંપૂર્ણ ફતેહ ઇચ્છું છું.

(૨૩) પચાસ ગામના મુંબઇમાં વસતા ભાટીયા ભાઇઓએ પ્રતિનિધિ ચુંટી મોકલી ડોનેશન ફંડમાં રૂા. ૨૫) મોકલાવ્યા છે.

(૨૪) સિન્ધિથી ભાટીઆ મહાજન આ પરિષદની સંપૂર્ણ ફતેહ ઇચ્છે છે અને રૂ. ૧૪૨॥ ડોનેશન ફંડમાં મોકલાવ્યા છે.


(૨૫) મુંદરાના ભાઇઓ પરીષદની ફતેહ ઇચ્છે છે. તેઓ તરફથી રૂ. ૫૧) ડોનેશન ફંડમાં મોકલવામાં આવ્યા છે.

(૨૬) મહુવા ભાટીઆ મહાજન આ પરિષદની સંપૂર્ણ ફતેહ ઇચ્છે છે અને ખેતીવાડીનું કામકાજ હોવાથી આવી નહીં શકવાથી દિલગીર છીએ એમ જણાવી રૂ. ૨૫) ડોનેસન ફંડમાં મોકલે છે.

આગળ ચાલતાં ભાઇ શ્રી. હીરજી વીરજીએ જણાવ્યું કે આ રીતે પરિષદ્ પ્રત્યે સાહાનુભૂતિનાં સંદેશા આવતા રહ્યા છે. તથા ડોનેશન ફંડમાં રૂપીઆ ભરવામાં આવતા રહ્યાની ખબરો મળતી રહી છે છેવટમાં આપ ભાઇઓનો અમુલ્ય વખત નહીં લેતાં પરમકૃપાળુ પરમાત્મા પાસે હું પ્રાર્થના કરૂં છું કે આપણી પરિષદના બાહોશ વિદ્વાન અને શાન્ત પ્રકૃતિવાલા પ્રમુખ શેઠ પુરૂષોત્તમ વિશ્રામ માવજીની લાયકાતવાલી રાહબરી નીચે આપણે આ પરિષદનું કાર્ય સહેલાઇથી અને ફતેહથી પાર પાડી શકીએ.

ઉપલા સંદેશા વંચાઇ રહેતાં અધ્યક્ષ ભાઇ શ્રી૦ પુરૂષોત્તમ વિશ્રામ માવજીએ પોતાનું આ સાથેનું ભાષણ વાંચ્યું હતું:

પરિષદ્‌ના અધ્યક્ષ



રા. રા. પુરૂષોત્તમ વિશ્રામ માવજી.

પરિષદના અધ્યક્ષ
ભાઇ શ્રી૦પુરૂષોત્તમ વિશ્રામ માવજીનું ભાષણ.

। श्रीद्वारिकाधीशो विजयते ।

સન્માન્કારિણી સભાના પ્રમુખ સાહેબ, સન્નારીઓ, વડિલો, તથા બંધુઓ,

આપ સર્વેએ મને આ મહત્વની પરિષદ્‌નું પ્રમુખસ્થાન આપી મને અત્યંત શોભા આપી છે, અને તે માટે, તથા આપ સર્વેની મારા તરફની લાગણી માટે, આપ સર્વેનો હું અત્યંત આભારી બન્યો છું. જ્ઞાતિના વિષયોમાં અને જ્ઞાતિને લગતા પ્રશ્નોમાં કોઈ કુશલ અને અનુભવી વડિલની મારે બદલે આ સ્થાનપર નિમાણુંક કરી હોત તો બહુ ઉચિત થાત. મારો આ વિષય નહિ હોવાથી, આપને મારામાં અનેક ન્યૂનતાઓ જણાશે અને મારી આ જવાબદારી ભરેલી ફરજ બજાવવામાં ઘણી ખામીઓ લાગશે, તે સર્વ માટે પ્રથમથીજ આપની ક્ષમા માગી લઉં છું, અને વિનંતિ કરૂં છું કે મને આજે જે ગૌરવ આપ્યું છે તે આપ સર્વેનુંજ છે, માટે તે જાળવવામાં આપ સહાય આપશો અને આ કાર્ય યશસ્વી બનાવવા કૃપા કરશો.

બંધુઓ ! સમસ્ત ભાટીઆ પ્રજામાંથી માત્ર કેટલાકજ પ્રાંતોની ભાટીઆ ભાઇઓની પરિષદ્ આ પ્રથમજ છે. અત્યાર સુધી જે પરિષદો ભરાઈ છે તે અખિલ હિંદના ભાટીઆ કોમની પરિષદો હતી. આપણી કોમની ઉન્નતિ માટે પરિષદ્ ભરવાની પ્રથાનો આરંભ ઇ. સ. ૧૯૧૩ માં થયો હતો, જ્યારે કરાચીમાં અખિલ હિંદ ભાટીઆ પરિષદ્ ભરાઈ હતી. આ પરિષદ્‌ને પરિણામે એટલો બધો ઉત્સાહ ઉત્પન્ન થયો હતો કે માત્ર બેજ વર્ષમાં પ્રથમ પરિષદ્ કરતાં ઘણા મોટા પાયાપર ઇ. સ. ૧૯૧૫ માં બીજી પરિષદ્ મુંબઈમાં મળી હતી, અને તેના બીજાજ વર્ષમાં લાહોરમાં ઇ. સ. ૧૯૧૬ માં પરિષદ્‌ની ત્રીજી બેઠક થઈ હતી, અને ત્યારપછીની એટલે ચોથી પરિષદ્ ઇ. સ. ૧૯૧૮ માં કલકત્તે મળી હતિ. પ્રથમ પરિષદ્‌થી છ વર્ષમાં ચાર પરિષદો મલી હતી ત્યારે છેલ્લી પરિષદ્‌ને મળ્યે લગભગ એટલોજ સમય થયો, પણ પછી પરિષદ્‌ની એક પણ બેઠક નહિ મળી હોવાથી આ ઉત્તમ પ્રકારની પ્રથા શિથિલ થઇ જતી નહી રહે એટલા માટે આપણી આજની પરિષદ્‌ની યોજના કરવામાં આવી છે. સમસ્ત ભાટીઆ પરિષદ્ ભરવામાં કેટલીક મુશ્કેલી જણાવાથી, સંપૂર્ણ કાર્ય

નહિ થઇ શકે તો બને તેટલું પણ કરવું અને આપણી જ્ઞાતિની ઉન્નતિનો આ અત્યંત ઉપયોગી અને ફલદાયી માર્ગનો લોપ નહિ થવા દેવો, અને કર્યું એટલું કાર્ય, એ નિયમથી આજની પરિષદ્ ભરવાનું ઠર્યું છે. અલબત્ત આથી અખિલ હિંદની અથવા સમસ્ત ભાટીઆ પરિષદ્ ભરવાનો પ્રબંધ આપણે છોડી દીધો છે એવું માની લેવાને જરાપણ કારણ નહિ ધારવું; ઉલટું મારી તો ખાતરી છે કે આ પરિષદ્ ભરવાને લીધે જે ઉત્સાહ થશે તેને પરિણામે તરતમાંજ અથવા બહુ ટુંક સમયમાં સમસ્ત ભાટીઆ કોમની પાંચમી પરિષદ્ ભરાશે.

આ પરિષદ્ ભરવાનાં સૂચન માટે અને પરિષદ્ ભરવાને આગળ પડવાને માટે સર્વ માન આપણી ભાટીઆ વોલંટીઅર કોરને ઘટે છે. ગયા નવેંબરમાં આ કોરે આ પરિષદ્ ભરવાનું નક્કી કર્યું નહિ હોત તો હજુ પણ કેટલો સમય આપણે આવી રીતનાં પરસ્પરનાં સંમેલનથી વિમુખ રહ્યા હોત તે કહી શકાતું નથી. આપણી આ વોલંટીઅર કોરને માત્ર આટલા માટેજ ધન્યવાદ ઘટે છે એમ નથી. એ કોર આપણી કીર્તિનું એક બહુ અગત્યનું અંગ છે, એટલુંજ નહિ, પરંતુ સમાજસેવામાં અને આપણા દેશનાં હિતની સાથે સંબંધ ધરાવનારી અનેક પ્રવૃત્તિઓમાં એ કોર અગત્યનો ભાગ લે છે; અને સ્વદેશસેવા કરી આપણી કોમને મોટી કીર્તિ આપે છે. મુંબઇમાં છેલ્લા ઇન્ફ્લ્યુએન્ઝાના ભયંકર અને જીવલેણ રોગ સમયે જે કાર્ય આ કોરે અત્યંત કષ્ટ અને અગવડ ખમીને કર્યું છે, કૉંગ્રેસો વગેરે મહામંડલોની સેવા જે આ કોરે વખતોવખત બજાવી છે, તે સર્વેથી આ કોર માટે આપણે મગરૂર થવાનું છે. હું ભાટીઆ વૉલંટીઅર કોરને અભિનંદન આપું છું, અને ઇચ્છું છું કે કોરનું કામ અત્યંત યશસ્વી અને સફળ થાઓ.

આપણી ભાટીઆ જ્ઞાતિ સુવિખ્યાત ચંદ્રવંશનાં યદુકુળમાંથી ઉદ્ભવેલી છે અને જેસલમેરના ભાટી વીરોની શાખા છે.

अत्रिगोत्र विज्ञात हे, दधिसुत वंश पहेचान ।
जदुकुलमें भाटी भये, इहे बांत जग जान ॥
अध्या प्रवर जानले, निर्णे हे इह बात ।
अत्रिगोत्र रघुवेद हे, शाखा अश्वलायन कांत ॥
प्रवर तीन प्रकाश हे, रिसीनाम इहे जान ।
अर्चनानिरा अत्रि एक हो, सावास्य पहेचान ॥
भाटी खडग जू छोडके भये वेपारी आप ।
भाटीआ जगमें कहे, जदुकुल उपजे आप ॥ (જસો.)

૧૧૯

આપણા પૂર્વજોએ યુધ્ધોમાં તલવારોથી અખંડ અજરામર કીર્તિ પ્રાપ્ત કરી તેજ પ્રમાણે જ્યારે આપણે તલવાર ત્યજી વ્યાપારમાં પડયા ત્યારથી દેશ-વિદેશ ખેડી વ્યાપાર રૂપી રણક્ષેત્રમાં પણ વિપુલ કીર્તિ પ્રાપ્ત કરી છે. આ માટે કોને અભિમાન ન થાય? આપણા પૂર્વજોનો યાદવાસ્થલીમાં નાશ થયો તેમ કમભાગ્યે આજે પણ અન્ય પ્રકારની યાદવાસ્થલીથી જ્ઞાતિની અધોગતિને માર્ગે જતી સ્થિતિ શોચનીય થઇ પડી છે. પ્રિય બંધુઓ! આ હું કોઇની ટીકા કરવા કે દોષ કાઢવા કહેતો નથી, પણ જે સ્થિતિ થઇ છે અને જેની આપણુને સર્વ બંધુઓને ખબર છે; જેને માટે ઉપાયો જાણીએ છીએ તે છતાં લેવાતા નથી તે માટે ખેદ પામી આ શબ્દો મારે ઉચ્ચારવા પડે છે. ઇતિહાસપરથી તમને જણાશે કે આપસઆપસના કલહથી રજપૂતોએ હિંદ ખોયું અને પરદેશીઓનો આપણા દેશમાં પ્રવેશ થયો. આને લગભગ એક હજાર વર્ષ થયાં; વચ્ચે મહારાણા પ્રતાપ જેવા ઝળકયા, પણ રજપૂતોના અંતઃકલહથી તેઓ માત્ર પડતા મેવાડને બચાવવા ઉપરાંત વધુ કરી શકયા નહિં. તે પછી છત્રપતિ મહારાજા શિવાજીએ હિંદુસ્તાનને હિંદુ સ્વરાજ્યની પુનઃ ઝાંખી કરાવી, પણ ગૃહકલહથી તે મરાઠા સ્વરાજ્યના ટુકડે ટુકડા થઈ ગયા અને તેમની મહેનતનું ફળ ચતુર અંગ્રેજોને સહજ પ્રાપ્ત થયું. આ સર્વ અંતઃકલહથી થયું. આ સર્વ ઇતિહાસ આપની નજર સમક્ષ ખડો છતાં જો આ કલહ આપણામાં ચાલુ રહ્યો તો તેને પરિણામે આપણી જ્ઞાતિ આજે છિન્નભિન્ન થઇ જવા બેઠી છે તે વધારેને વધારે છિન્નભિન્ન થઈ જશે. હજુપણ તે માટે જો ખરા મનથી સૌ પક્ષ પોતપોતાનો અહંભાવ છોડી એક વ્યકિતરૂપપણું ધારી આપણે સર્વ એકજૂથ થઈ એક રૂપ, એક મને સુદૃઢ વિશ્વાસથી પગલાં ભરીશું તો અત્યારે આપણી જ્ઞાતિને બચાવી પુનઃ ઉચ્ચ સ્થિતિએ ચઢાવી સર્વ ભારતવર્ષને એક અનુપમ દાખલો આપી શકશું. કહેવાય છે કે 'ઘરડા વિના ગાડાં પાછાં વળે,' તો જ્ઞાતિના વૃધ્ધો અને વડીલો જ્ઞાતિના યુવાનોને પુત્રવત ગણી પ્રેમથી, મમતાથી તેમના દોષો મનમાં ન લેતાં તેમને સાથે લઈ માત્ર જ્ઞાતિનું બંધારણ પુનઃ સ્થાપવામાં સર્વે મળી અગ્રેસર ભાગ લેશે તો આ દુનીઆમાં અમર કીર્તિ મેળવી જશે અને તોફાનના વમળમાં પડેલા જ્ઞાતિરૂપી વહાણને ખરા નાખુદાની ગરજ સારી સહીસલામત, ગમે તેવા જબરજસ્ત તોફાનમાંથી પણ બચાવી કિનારે લાવી શકશે. ઇશ્વર કૃષ્ણચંદ્ર ભગવાન, જેનાં આપણે બાલકો છીએ તે કૃપા કરી આબાલવૃદ્ધ સૌનાં મનમાં આ પ્રેરશે. આપણે કઈ વીર પ્રજાના

પુત્રો છીએ, તેની સાક્ષી તો નીચેનો આપણી જ્ઞાતિનો ટુંક ઇતિહાસ પૂરે છે.

મહાભારતાદિ ઇતિહાસ તથા પુરાણોમાં ચંદ્રવંશનો ઉદ્ભવ વર્ણવેલો છે; તે ઉપરથી જણાય છે કે આ યદુવંશનો મૂળ પુરૂષ ચંદ્રનો પુત્ર બુદ્ધ હતો. એણે ભારતવર્ષમાં આવી સુવિખ્યાત વૈવસ્વતમનુની પુત્રી ઇલા સાથે લગ્ન કર્યાં. આ ઉપરથી યાદવોનું રાજ્ય ઇલાવર્ત્તને નામે પ્રસિદ્ધ છે. આ બુદ્ધના વંશમાં યદુ મહાપ્રતાપી થયા જે ઉપરથી યદુવંશની ઉત્પત્તિ થઈ. વળી મધુ (જેણે મધુરા અથવા મથુરા વસાવ્યું અને જેનાં નામથી આસપાસનો પ્રદેશ મધુવન તરીકે પ્રસિદ્ધ છે) ના પુત્ર વૃષ્ણી ઉપરથી વૃષ્ણીવંશ કેટલાક કાળે કહેવાયો. મહાભારતનાં મહાયુદ્ધ વખતે સમસ્ત ભારતવર્ષમાં સૂર્યવંશી રાજ્યનાં માત્ર કોશલ, વિદેહ વગેરે ત્રણ ચાર નાનાં રાજ્યો સિવાય નર્મદાથી ઉત્તર વિભાગમાં સમસ્ત ભારતવર્ષમાં યાદવાદિ ચંદ્રવંશી રાજાઓ રાજ્ય કરતા હતા. દ્વાપરયુગના અંતમાં મથુરામાં વસુદેવને ત્યાં શ્રીકૃષ્ણ પરમાત્માએ અવતરી અદ્ભૂત પરાક્રમો કર્યાં, દ્વારિકામાં યાદવોનું રાજ્ય સ્થાપ્યું, મહાભારતનું કૌરવ પાંડવોનું સુવિખ્યાત મહાયુદ્ધ થયું, શ્રીકૃષ્ણે પાંડવોને વિજય અપાવ્યો, થોડાં વર્ષ પછી યાદવાસ્થલી થઇ તેમાં યાદવોનું પૂર્ણ સંહાર થયો. આ સમયે સૌરાષ્ટ્રમાંથી યાદવો અને યદુવંશ છિન્નભિન્ન થઈ ગયા. અર્જુન બચેલા યાદવોને ઉત્તર તરફ લઇ ગયો અને કૃષ્ણના પૌત્ર વજ્રનાભને સૌરસેની (મથુરાની આસપાસનો પ્રદેશ) નાં રાજ્યપર સ્થાપ્યો. આ પછી યાદવો પંચનદીઓના દોઆબમાં (પંજાબ) આવી વસ્યા જે પહાડીસ્થાન "યદુકાડાંગ"ને નામે હજુ પ્રસિદ્ધ છે. અંતે સિંધુ છોડી જબુલિસ્થાનમાં આવી તેમણે વાસો કર્યો. ત્યાં યાદવરાજા ગજે ગજની વસાવ્યું અને યાદવોનું રાજ્ય સમરકંદ સુધી ફેલાવ્યું. તેણે ખોરાસાન અને રૂમનાં બાદશાહોનાં સંયુક્ત સૈન્યને હરાવ્યું, તેની તીથી વૈશાખ શુદિ તૃતીયા, રવિવાર, વસંતઋતુ, રોહિણી નક્ષત્ર, યુધિષ્ઠિર સંવત ૩૦૦૮ ને દિવસે ગજરાયે આ મહાન વિજય મેળવ્યો અને મોટી સત્તા જમાવી. તેને શાલિવાહન નામનો સુવિખ્યાત પુત્ર થયો.

આ પછી કેટલેક સમયે યાદવોની પડતી થઇ અને મુસલમાનોની ચડતી થવાથી તેઓ પાછા સિંધુ ઓળંગી હિંદમાં દાખલ થયા. યદુવંશ, કે જે એક વખત મહાભારતના સમયમાં ભરતખંડમાં ચક્રવર્તીપદ ભોગવતો હતો, અને એક વખત જેની સત્તા છેક સમરકંદ સુધી જામી હતી તેના વંશજો કાળબલને પરિણામે થરપારકરના રણમાં મરૂસ્થલીમાં એક ખુણામાં નાનકડું રાજ્ય

જમાવી રહ્યા. તેઓએ તનોટ, દેરાવલ સ્થાપ્યાં, અનેક પરાક્રમો દેખાડયાં. અજયરાજ મહાપરાક્રમી થયો; તેણે ગજની પાછું લીધું. તેનો પુત્ર ભાટી નામનો થયો જે ઉપરથી આ વંશ યદુવંશને નામે ઓળખાવાને બદલે ભાટી-વંશને નામે ઓળખાવા લાગ્યો. સંવત ૧૨૧૨ માં ભાટીઓએ જેસલમેર વસાવી તેમાં રાજ્યધાની સ્થાપી.

યાદવોમાં ભાટીવંશ જેટલીજ બીજી સુવિખ્યાત શાખા જાડેજાની છે. તેઓ પૂર્વે સામપુત્રો કહેવાતા. તેઓએ સિંધુ નદીના પ્રદેશમાં પશ્ચિમ વિભાગમાં શિવસ્થાનમાં વાસો કર્યો હતો. મહાન સિકંદરની ચઢાઈ વખતે તેઓએ યદુકુળને દીપાવે એવું પરાક્રમ દાખવ્યું હતું. આ સામપુત્રો દ્વારિકાથી વિખરાયા પછી સિંધમાં રહ્યા હતા. પ્રથમ તેઓએ સામનગર વસાવી ત્યાં રાજ્યધાની કરી હતી. તેઓ કૃષ્ણના જાંબુવંતીને પેટે ઉત્પન્ન થયેલા પુત્ર સાંબના વંશજ એટલે સામપુત્રો કહેવાયા. આ સામપુત્રો–જાડેજાઓ–એ જાંબુવંતી ઉપરથી 'જામરાજ' એ પદ ધારણ કર્યું હતું, અને જે સિંધના કચ્છના અને કાઠીઆ-વાડના 'જામ' તરીકે ઓળખાતા. આ યદુવંશની મુખ્ય શાખાઓ છે. કેટલાક દક્ષિણ તરફ ઉતર્યા જેઓ પાછળથી દેવગિરીના યાદવને નામે ઓળખાયા. અત્રે મારે જણાવવું જોઇએ કે પ્રિય ભાઇઓ! આપણો યાદવોનો મુંબઈ સાથેનો સંબંધ આધુનિક નથી, પણ અલાઉદ્દીન ખીલજીએ દેવગિરી તોડયું તે વખતે ત્યાંના રાજા રામદેવનો પુત્ર ભીમદેવ યાદવ આ તરફ નાસી આવ્યો અને માહીમમાં યાદવોનું રાજ્ય સ્થાપ્યું, ત્યારનો છે. એ સાત સદી ઉપરનો છે. વાલકેશ્વર આગળ ભીમરાજા દર્શને આવતાં મુસલમાનોએ તેને ઘેર્યો હતો અને મોટી લડાઇ થઇ હતી જેમાં યાદવોને પુનઃ નસવું પડયું હતું. આટલી ટુંકમાં યાદવો વિષે માહિતી આપી હું પુનઃ આપણા ભાટીવંશ તરફ વળીશ.

જેસલમેર સંવત ૧૨૧૨ માં વસાવ્યા પછી ભાટીઓએ મરૂસ્થલીમાં રાજ્યની સ્થાપના કરી. આ પછી થોડા વર્ષમાં હિંદમાં મુસલમાનશાહી સ્થપાઇ (ઇ. સ. ૧૧૯૩) અને ઈ. સ. ૧૨૭૬ માં રાવળ જેતસી જેસલમેરની ગાદીએ આવ્યો. એના વખતમાં ઇ. સ. ૧૨૮૭ માં અલાઉદ્દીને જેસલમેરપર ચઢાઇ કરી. આ વખતે વૃધ્ધો, અશકતો, નાનાં બચ્ચાંઓ સર્વેને રણના અંદરના ભાગમાં મોકલી દેવામાં આવ્યાં, અને રાવળ જેતસીએ જેસલમેરના બચાવની પૂર્ણ તૈયારી કરી. ઘેરો આઠ વર્ષ ચાલ્યો. રાવળ જેતસી મૃત્યુ પામ્યો અને તેનો પુત્ર મુળરાજ ગાદીએ બેઠો. બાર મહિના બીજા ગયા પણ ઘેરો ઉઠયો નહિં.

મુળરાજે યદુવંશનામની કીર્તિને યોગ્ય પગલું ભર્યું. અનાજ ખુટયું હતું, સાધનો ખુટયાં હતાં, શરણ જવું અથવા દેહોત્સર્ગ કરવો એ સિવાય અન્ય માર્ગ ન હોતો. રજપૂતોએ કેસરીઆં કરવાનો ઠરાવ કર્યો, વીર ભાટીઆણીઓએ તેમને પ્રોત્સાહન આપ્યું. પ્રભાતમાં યુદ્ધની તૈયારી થઈ. રાજદ્વારમાં બાલા, યુવતી, પ્રૌઢા, વૃદ્ધા સર્વ એકત્ર થયાં. તેઓ પોતાના સગાવહાલાંઓને છેવટનાં મળ્યાં અને જોહાર શરૂ થયો, અને ચોવીસ હજાર વીર ભાટીઆણીઓનું બલિદાન અપાયું. વીર રજપૂતો આ જોઇ રહ્યા. સ્નાન કરી, ગરીબોમાં દાન વહેંચી, ગળે શાલિગ્રામ બાંધી, માથાપર તુલસી મુકી, કેસરીઆં વસ્ત્ર પહેરી, માથે મોડ (પરણતી વખતે રજપૂતો માથે બાંધે છે તે) બાંધી સર્વે એકમેકને છેલ્લી વખત ભેટયા; અને મૃત્યુને ભેટવા ગઢનાં દ્વાર ખોલી યાહોમ કરતા મહમદી સૈન્યપર તૂટી પડયા. સર્વે મરાયા, જેસલમેર મુસલમાનોને હાથે ગયું. આ બનાવ સંવત ૧૩૫૧ માં બન્યો. બાદશાહી સૈન્યે જેસલમેરનો બે વર્ષ કબજો રાખ્યો, અને પછી કિલ્લો તોડી ચાલતા થયા. જેસલમેર ઘણા લાંબા વખત સુધી ઉજ્જડ રહ્યું, કારણ ભાટીઓ પાસે તેના કાંગરાઓ દુરસ્ત કરવા જેટલાં પણ સાધનો નહોતાં, કે નહોતાં તેનું રક્ષણ કરવા જેટલાં માણસો. આમાંથી બચેલાં ભાટી કુટુંબો પંજાબ અને સિંધમાં પ્રસર્યાં.

ભાટીઆઓની કુળકથા ભાટીઆ ઇતિહાસકાર જસા ભાટે આપી છે. તે પરથી જેસલમેર પડયા પછી ઇ. સ. ૧૩૬૮ માં બાકી બચેલા ભાટીઆ મુલતાન ખાતે એકઠા થયા અને ચોરાસી નુખો બાંધી તેઓ જુદી જુદી જગાએ ગયા. તે આપણી ઐતિહાસીક પહેલી પરિષદ્ ગણાય. જસાના શબ્દોમાં આપણે કહીશું:

संवत बारेसे नव भजे कुंटुंब सहत मधरात ।
फालगुन शुकल एकादशी देअसुरन शीरलात ॥
दुवे हजार के आशरे शरश बलीजे संग ।
सब लश्करके बीच दुवे प्रवाह चल्यो ज्यो गंग ॥
त्योहि चले पंजाबको देरा ले सब गाव ।
प्रथक प्रथक ज्यारे सबे आन बसावे ठाव ॥
छोड शस्त्र क्षत्री रहे लगे करन वेपार ।
जाको मन जेसो भयो, तेसो कीओ वेपार ॥
बडे बेपारी तांहां भए, वैश्यवृत्ती अनुसार ।
शोभा पाई राजमें के ते भये शीलेदार ॥

જ્યાં સુધી આપણા પૂર્વજો જેસલમેરમાં હતા ત્યાં સુધી અંદર અંદર પરણતા નહિ, પણ બીજા રજપૂત કુળોમાંથી કન્યા લાવતા. હવે એવો વખત આવી લાગ્યો કે બહારની કન્યા મલે નહી, છોકરા, છોકરીઓ કુંવારાં રહે, ત્યારે તેઓ મુંઝાયા. મુલતાનમાં એકઠા થયા, વિદ્વાન બ્રાહ્મણોની સલાહ લીધી અને તેમની જોઇતી સંમતિ લીધી, અને તેઓએ તોડ કાઢયો કે ૪૯ પેઢી વીતી હોય તેમાં વિવાહ સંબંધ થઈ શકે. આ રીતે તે વખતે નુખો બંધાઈ અને તે ૮૪ નુખો થઇ. તે વખતે જે નિર્ણય કર્યો તે જસાનીજ કવિતામાં હું કહીશ.

पेढी भोगण पचास काढके बाहेर रहीसो जात।
गाम नाम अरु कुलसो नुख बांधी विक्षात॥
भाटीमेंसु भाटीया, जाने सब संसार।
संग गये जो छुट गयो, जो रजपूत विचार॥
नुरव नाम शो केतहो, जा बीध होए पेचान।
आठ आंकपर चारधर, गोत्रज कीए शो जान॥

આ પ્રમાણે સંજોગવશાત્ તલવાર ત્યજી કલમ ધરી અને વ્યાપારી બન્યા.

આપણા પૂર્વજો સંબંધે આ ટુંક ઇતિહાસ આપી, આવી ગૌરવવાળી પ્રજાના વર્તમાન પ્રતિનિધિરૂપ આપણી જ્ઞાતિના પ્રશ્નો સંબંધે યથાશક્તિ, યથામતિ હું મ્હારા નમ્ર અભિપ્રાય અને સૂચનાઓ આપની સમક્ષ મુકવાની રજા લઉં છું.

પ્રથમ અને હાલમાં બહુ અગત્યનો પ્રશ્ન, તો હું આપણી જ્ઞાતિના બંધારણનો ગણું છું. કોઇ પણ જ્ઞાતિ પ્રજા કે સંસ્થા લાંબો વખત જળવાય અને તે જ્ઞાતિ, પ્રજા કે સંસ્થાની ઉન્નતિ થાય તે માટે રૂડું બંધારણ હોવુંજ જોઈએ, અને જ્યાં જ્યાં એ બંધારણ હોતું નથી અથવા હોઇને તૂટી જાય છે, ત્યાં ત્યાં તે જ્ઞાતિ, પ્રજા કે સંસ્થાની પડતી આવે છે. આપણી સ્થિતિ પણ હાલ એવીજ છે. આપણી જ્ઞાતિમાં મતભેદ, પક્ષભેદ છે. અને તેને પરિણામે આપણી જ્ઞાતિ એ હવે જ્ઞાતિરૂપે રહીજ નહી હોય એવું જાણે થઇ ગયું છે. આ સ્થિતિ દૂર કરવાને અનેક પ્રયત્નો થયા છે પણ હજી તેનું પરિણામ કાંઈપણ આવ્યું નથી. આમાં કોઈપણ અમુક પક્ષનો દોષ છે એવું કહેવાનો મારો હેતુ નથી. મ્હારી તો ઇચ્છા અને વિનંતિ એજ છે કે ભૂતકાળમાં ગમે તે થયું હોય; ગમે તે કહેવાયું હોય તે સર્વે ભુલી જઇને હવે પાછો ભગીરથ પ્રયત્ન કરીને આ સ્થિતિ દૂર કરવી, અને મ્હારી ખાત્રી છે કે આપણો

પ્રયત્ન ખરેખર અંતઃકરણનો ને સાચો હશે, આપણી ઇચ્છા હશે તો એ પ્રયત્ન સફલ થવાનો ને થવાનોજ. પ્રભુ એ મારી વિનંતિ સ્વીકારો અને આ પરિષદ્‌ને પરિણામે આપણું ઐક્ય પાછું સ્થાપિત થાઓ!

આ બહુ અગત્યની ને ગુંચવણ ભરી બાબત છે, અને અત્રે મારાથી ઘણા વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ અને અનુભવી વ્યવહારકુશળ બંધુઓનો સમારંભ મ્હારી સમક્ષ જોઉં છું અને તેમના અનુભવ, ગાંભીર્ય અને કુશલતાપર આ પ્રશ્નના ઉકેલને માટે મારો વિશ્વાસ છે, અને તે તે બંધુઓ સફળ કરશે. મારા આ ભાષણમાં એ પ્રશ્નના ગુણદોષ ચર્ચવા અથવા અમુક અમુક સૂચનાઓ કરવી એ હું ઉચિત નથી ધારતો અને એ પ્રશ્નની, પરિષદ્‌માં, ગંભીર ચર્ચાને કદાચ તેથી બાધ આવે એમ માની તે સંબંધે અત્યારે મારા વિચાર દર્શાવતો નથી. માત્ર મારી તરફનું નમ્ર સૂચન એટલું કરૂં છું કે મૂળમાંજ બેઉ પક્ષવાળાઓની એક કમિટિ નેમવી, જે સર્વ બાબતોનો વિચાર કરીને આ પરિષદ્‌ની બેઠકમાંજ પોતાની સૂચનાઓ કરે જેથી તે સંબંધે પૂર્ણ વિચાર કરી આ બેઠકજ એ ગુંચવણના ઉકેલનો યશ પ્રાપ્ત કરે!

મહાજનનું મહત્વ વર્ણવતાં વિદ્વાનો કહે છે કે,

गंगा पापं शशी तापं दैन्यं कल्पतरुस्तथा ।
पापं तापं च दैन्यं च हन्ति संतो महाजनाः ॥

અર્થઃ—ગંગા પાપ કાપે છે, ચંદ્ર તાપ ટાળે છે, ને કલ્પવૃક્ષ દીનતાને દૂર કરે છે; પરંતુ મહાજન છે તે તો પાપ, તાપ તથા દીનતા એ ત્રણને દૂર કરી શાંતિ આપે છે.

"મહાજન તો તેજ મનાય, જેનું મન મહાન."

ભાઈઓ, આ મહાજનની વ્યાખ્યા, એટલે પંચ ત્યાં પરમેશ્વર જેવી છે; તેમાં મહાજન એ શબ્દની મહત્તા જેટલીજ તેની મ્હોટી જોખમદારી છે. જ્ઞાતિબંધુઓમાં પ્રેમ, શૌર્ય, જાતિના અંશો જાગૃત કરવા અને રાખવા એ તેનું કાર્ય છે. ન્યાયનું આસન એ પરમેશ્વરનું સિંહાસન છે. મનુષ્ય લોકમાં તે ઇશ્વરનો પ્રતિનિધિ છે. જો તે અદલ ઇન્સાફ કરે છે અને ન્યાય આપવામાં પક્ષાપક્ષી કે મમત્વ કરતો નથી તો તે ખરો મહાજન કહેવાય અને ઇશ્વરનો પ્રતિનિધિ મનાય. શાસ્ત્રો એજ સિદ્ધાંત કહે છે કે ન્યાયથી અધિક ધર્મ નથી,

ન્યાયથી કોઈ મોટું તપ નથી, અને ન્યાયજ મનુષ્યને દેવપદવી અપાવે છે. આવું આપણા મહાજનનું સ્વરૂપ પ્રભુ સત્વર પાછું આપો !

આપણી જ્ઞાતિમાં દિવસે દિવસે વૃદ્ધિ થવાને બદલે ઘટાડોજ થવા માંડયો છે. તે નીચેનાં વસ્તીપત્રકો પરથી દેખાઈ આવશે. હાલમાંજ થોડા મહિના અગાઉ શ્રી મુંબઇ ભાટીઆ મિત્રમંડળે કરેલી મુંબઇની તથા પરાંઓની ભાટીઆઓની ગણત્રી પ્રમાણે આપણી સંખ્યા નીચે મુજબ જણાઈ છેઃ—

પુરૂષો

પરણેલા	વરેલા	કુંવારા	વિધુર	કુલ
૧૫૬૨	૧૫૧	૧૩૫૮	૩૩૦	૩૪૦૧

સ્ત્રીઓ

પરણેલી	વરેલી	કુંવારી	વિધવા	કુલ
૧૫૦૬	૧૦૯	૭૭૩	૭૮૦	૩૧૬૮
				કુલ ૬૫૬૯

ભાઈઓ, આ ગણત્રી પરથી ૩૪૦૧ પુરૂષોની વસ્તીમાંથી કુંવારાઓની સંખ્યા ૧૩૫૮ ની અને વિધુરોની ૩૩૦ ની મળીને ૧૬૮૮ની સંખ્યા થાય છે. ત્યારે ૩૧૬૮ સ્ત્રી વસ્તીમાંથી કુમારિકાઓની સંખ્યા ૭૭૩ ની અને વિધવાઓની સંખ્યા ૭૮૦ ની થાય છે.

છેલ્લાં વસ્તીપત્રકમાં ઈ. સ. ૧૯૨૧ માં ભાટીઆઓની મુંબઈમાંની સંખ્યાઃ

પુરૂષો	સ્ત્રીઓ	કુલ
૫૨૧૪	૩૮૦૧	૯૦૧૫

આ ઉપરાંત મુંબઈમાં મ્યુનિસિપાલિટીની જન્મમરણની નોંધપરથી ઇ. સ. ૧૯૦૦ થી ૧૯૨૩ ની આખર સુધી લીધેલી નોંધ નીચે પ્રમાણે છેઃ—

મુંબઇનું જન્મમરણ પ્રમાણ.

ઇ. સ. ૧૯૦૦ થી ઇ. સ. ૧૯૨૩ ની આખર સુધી.

વર્ષ.	જન્મ	૧ વર્ષ અંદરની ઉમરનાં બાળકો	કુલ મરણ.
૧૯૦૦	૭૭	૫૪	૪૩૭
૧૯૦૧	૧૦૩	૪૯	૩૫૫
૧૯૦૨	૧૪૮	૬૯	૩૨૮

૧૯૦૩	૧૬૪	૫૭	૩૩૩
૧૯૦૪	૧૦૧	....	૩૦૭
૧૯૦૫	૧૭૨	....	૩૪૭
૧૯૦૬	૧૪૦	....	૨૭૯
૧૯૦૭	૧૪૯	૬૩	૩૦૮
૧૯૦૮	૧૪૬	૭૨	૨૭૦
૧૯૦૯	૨૫૫	૫૩	૨૬૯
૧૯૧૦	૧૨૨	૬૩	૨૪૮
૧૯૧૧	૧૬૦	૭૦	૨૩૪
૧૯૧૨	૧૩૦	૫૨	....
૧૯૧૩	૧૨૦	૪૩	....
૧૯૧૪	૧૧૪	૫૧	....
કુલ	૨૧૮૧	૭૦૧	૪૬૬૭
૧૯૧૫	૧૨૦	૪૭	૧૯૬
૧૯૧૬	૧૩૦	૫૩	૨૧૨
૧૯૧૭	૧૩૩	૪૮	૩૨૬
૧૯૧૮	૧૨૧	૭૫	૩૨૪
૧૯૧૯	૧૨૨	૬૦	૨૯૨
૧૯૨૦	૯૭	૬૧	૨૬૦
૧૯૨૧	૮૫	૬૨	૨૮૫
૧૯૨૨	૧૨૭	૪૦	૨૧૭
૧૯૨૩	૧૨૩	૪૩	૨૧૬
કુલ	૧૦૫૮	૪૮૯	૨૩૨૮
ગ્રાંડ ટોટલ	૩૨૩૯	૧૧૯૦	૬૯૯૫

પ્રિય બંધુઓ! આ આંકડાઓ ઉપરથી તમે ખુલ્લેખુલ્લું જોઈ શકશો કે આપણામાં જબરજસ્ત ઘટાડો થયો છે. છેલ્લાં ચોવીશ વર્ષમાં ભાટીઆ જ્ઞાતિમાં જન્મ ૩૨૩૦ થયાં છે, ત્યારે એક વર્ષની અંદરના બાલકોનાં મરણ ૧૧૯૦ એટલે દર સેકડે ૩૬॥ પ્રમાણે મરણ પ્રમાણ આવે છે. આજ દેખાડે

છે કે બાલકોનું મરણપ્રમાણ જોઇએ તેથી ઘણું વિશેષ છે. હવે જન્મ કરતાં કુલ મરણ પ્રમાણ કેટલું વધારે છે તે જોઇશું. કુલ જન્મ ૩૨૬૯ છે ત્યારે કુલ મરણ ૬૯૯૫ એટલે જન્મ કરતાં મરણ પ્રમાણ કેટલું ભયંકર વધારે છે તે આ સ્પષ્ટ દેખાડી આપે છે. આ ચોવીસ વર્ષમાં જન્મની સંખ્યા કરતાં કુલ મરણોની સંખ્યા ૩૭૫૬ વધારે છે, એટલે જન્મ કરતાં મૃત્યુની સંખ્યા બેવડી દેખાય છે. આ પ્રમાણે જો સ્થિતિ ચાલુ રહી તો થોડા વરસમાં ભાટીઆ નામ નાબૂદ થઈ જશે તે અટકાવવા, તે સંબંધે કેવા પગલાં લેવાં વગેરે વિચાર કરવાનું હું તમો ભાઇઓને સોંપું છું. આ વિષય મને તો ભાટીઆ ભાઈઓના પુનઃ એકત્ર થવા જેટલોજ મહત્વનો દેખાય છે. ગમે તે પ્રકારે આપણે આ પતન અટકાવવું જોઇએ, અને પાછા એકત્ર થઈને જયઘોષ પ્રવર્તાવવો જોઇએ!

હવે હું આપણી જ્ઞાતિને અગત્યનો બીજો પ્રશ્ન હાથ ધરીશ. આપણામાં વેવિશાળ, જનોઈ, લગ્ન, સીમંત વગેરે અવસરે શ્રીમાનો પોતાની શ્રીમંતાઈ દેખાડવા હદ વટાવી જાય છે, અને જેગોપાલ, નાળીએર, વેશવાઘા, દાગીના ચઢાવવા આદિમાં હજારોનું ખર્ચ કરે છે. તે સંબંધમાં નિયમની ખાસ જરૂર છે. તેમણે એવે પ્રસંગે ચોકસ હદમાંજ ખર્ચ કરવો જોઇએ અને તે હદ નક્કી થવી જોઇએ કે જેથી મધ્યમ વર્ગના ભાઇઓથી પણ પહોંચી શકાય. રજપૂતાનાના રજપૂતોમાં પણ આવીજ સ્થિતિ હતી અને આવાં કાર્યોમાં તેઓ ભિખારી થઈ જતા અને મ્હોટા કર્જના બોજામાં ડુબી જતા; જેથી રજવાડાઓએ સાથે મળી બંધ બાંધ્યા અને સ્થિતિ સુધારી. આપણા શ્રીમંતો પણ આ વાત લક્ષમાં લઇ યોગ્ય માર્ગ કાઢશે. હું એમ ધારૂં છું કે કોઇ શ્રીમંત આવા વખતોમાં જેટલા રૂપીયા નાળીયેરાદિમાં ખર્ચવા ધારે તેથી પચાસ ટકા તેણે જ્ઞાતિના પ્રગતિ ફંડમાં આપવા એવું બંધન કરવાથી જોઇતો અંકુશ રહેશે અને આપોઆપ સ્થિતિ સુધરશે.

ભાઇઓ! મ્હારે અતિ ખેદ સાથે કહેવું પડે છે કે આપણામાં પરકોમ સાથે લગ્નો થયાં છે, જે ખરેખર એક શોચનીય બાબત છે. આમાં આપણી જ્ઞાતિ તો શું પણ આપણો ધર્મ પણ આડે આવે છે. આવાં લગ્નો ઇષ્ટકર, શ્રેયકર નથી અને એ આપણી અધોગતિનું એક મુખ્ય પગથિયું દાખવે છે.

માટે ગમે તે પ્રકારે આવા બનાવો ન બને તેની જ્ઞાતિએ ખાસ સંભાળ રાખવાની તથા યોજના કરવાની છે.

એક તરફથી પરકોમ સાથેના લગ્નના દાખલા જોવામાં આવે છે ત્યારે બીજી તરફ તેથી ઉલટું આપણી જ્ઞાતિના કેટલાક વિભાગોએ અમુક વિભાગ બહાર કન્યા આપ લે નહી કરવાના ઠરાવ કર્યા છે. આપણામાં નવગામ, પચીસગામ, કંઠી વગેરે ભાઈઓએ પોતપોતાની કન્યા પોતપોતાનાજ સમૂહમાં આપવી, અને તેની બહાર નહી આપવી અને જો કોઈ તે ઠરાવનો ભંગ કરે તો તેની સાથે વ્યવહાર નહી કરવો એમ ઠરાવ કર્યો છે. આ આપણી જ્ઞાતિની ઉન્નતિના માર્ગમાં અવરોધરૂપ છે. વૈદક અને આરોગ્યની નજરે પણ એ દોષરૂપ છે. લગ્ન જે સાંથની અંદર અંદર કરવામાં આવે છે તે બહુ નહાનો હોય છે, અને તેની સંખ્યા બહુ ઓછી હોય છે, તેમાં અંદરને અંદર લગ્ન કરવાં પડે છે, પ્રજા તેથી નિર્બલ થાય છે, ને ઘણીવાર દાંપત્ય સંતોષકારક ને સુખરૂપ થવાના પ્રસંગ પણ નથી મલી શકતા. તે સાથે આપણા નવગામ વગેરે બંધુઓનો પક્ષ જોતાં વળી એમ લાગે છે કે એમનો પણ શું દોષ કહેવાય? પારકા ગામના ધનાઢયો તેમની કન્યા લઇ જાય અને તેમના છોકરાઓ કુંવારા રહી જાય ને બીજે ઠેકાણેથી કન્યા મલે નહિ: આમ તેમની કન્યાઓ બહારગામ જાય અને બહારગામની કન્યાઓ તેમને મલે નહિ. આ કારણથી તેમને આવો માર્ગ લેવો પડયો લાગે છે. આ સંબંધમાં આપણી આ પરિષદ્ ઉચિત ચર્ચા કરી ઉપાયો સૂચવશે, કે જેથી આવા એક બીજાના સંબંધમાં હરકતરૂપ ઠરાવો કરવાના પ્રસંગો દૂર થાય. મારો નમ્ર અભિપ્રાય તો એ છે કે કન્યાવિક્રય નહી થવા દેવા, અને કેળવણીનો પ્રચાર વધારવો એ ઉત્તમ ઉપાયો છે.

બંધુઓ! પરંતુ આપણી આ અવનતિરૂપ રાત્રિમાં આશાની સવારની રેખારૂપ એક વાત નજરે પડે છે. આપણામાંથી ધીમે ધીમે બાળલગ્ન નીકળી જતાં જણાય છે. બાલલગ્નનાં હાનીકારક પરિણામો વિષે એટલું કહેવાયું છે અને લખાયું છે કે બાલલગ્ન તો ત્યાજ્ય છે એ સર્વમાન્ય વાત થઇ ગઇ છે.

બાળલગ્ન મૂળ તો અનર્થકારક છે. તેમાં વળી પશ્ચિમના દેશોના સંબંધને લીધે આપણી થતી જતી આર્થિક સ્થિતિને કારણે બાળલગ્નનું પરિણામ જીવનનું સુખ લઈ લેનારૂં થઈ પડયું છે. વર્તમાન કાળમાં જે ખરચાલુ જીવન થઈ પડયું

છે તેને લઈને બહુ સારી પેદાશ વિના ગૃહસંસાર જરાપણ નભી શકે નહી. અને સારી પેદાશ મેળવવા માટેની જરૂરી યોગ્યતા મેળવવા માટે મોટી વય સુધી અભ્યાસ અથવા અનુભવ અથવા જ્ઞાન મેળવવું જોઈએ, અને બાળલગ્ન હોય ત્યાં આ બની શકે નહી. આવી રીતે અનેક રીતે હાનિકારક બાલલગ્ન આપણામાંથી ઓછાં થતાં જોઈને કોણ ખુશી નહી થાય ? પ્રભુ, આ સુસ્થિતિ કેળવણીને અંગે પ્રાપ્ત થતી જાય છે અને આપણી બીજી સ્થિતિઓમાં પણ તેવાં આશાજનક પરિણામ આપો !

હવે હું દરેક વ્યકિત કે જ્ઞાતિ કે પ્રજાના જીવન અને ઉત્કર્ષ માટે અત્યંત જરૂરી એવી કેળવણી વિષે કાંઇ કહીશ.

કોઈપણ જાતિને તેનાં ધ્યેય અને ઉત્કર્ષ માટે પ્રથમ તો તેનાં બાલકોને શિક્ષણ આપવાની આવશ્યકતા છે. પ્રથમ શિક્ષણ આપનાર કોણ ? માતા. માટે માતાને શિક્ષણ આપવું એ પ્રથમ પગથીયું. પણ તે શિક્ષણ હાલનું પાશ્ચાત્ય શિક્ષણ તો નહીજ. કારણ તે શિક્ષણથી જે આર્યસ્ત્રીઓની ઉચ્ચ ભાવનાઓ, ઉચ્ચ સિદ્ધાંતો અને ધાર્મિક ભાવનાઓ બંધાવી જોઈએ તે ન આવતાં કેવળ એક જાતની ઉદ્ધતાઈજ આવે છે. કન્યાકેળવણી કઇ જાતની હોવી જોઈએ તે માટે વિવેચન કરવાનું આ સ્થળ નથી. પણ આપણી પ્રાચીન આર્યપદ્ધતિ પ્રમાણે કેળવણી આપવી જોઈએ. (જે વિષે હું અન્ય સ્થળે મારા વિચારો પ્રાચીન ગ્રંથોને આધારે જાહેર કરીશ). અગાઉના વખતમાં ઘરમાં ડોશીઓ છોકરાંઓને લઈ કૃષ્ણ કે રામ કે પાંડવોની કથાઓ કહેતી, અને ભજનો ગાતી. છોકરાંઓ ટોળે વળી આનંદથી સાંભળતાં અને તેથી તેમના સારા સંસ્કારો બંધાતા. આજની કેળવણીને પરિણામે એથી વિપરીત દશા છે. આપણાં બાલકોને કેળવવા મુખ્ય ધાર્મિક શિક્ષણ, જેના આપણા પરમ પૂજ્ય પૂર્વજ જગદ્વંદનીય શ્રીકૃષ્ણે ઉપદેશ કર્યો છે, જે મહા પવિત્ર ગીતા ગ્રંથ છે તે મુખ્ય આધાર લઇ તથા ભાવિ પ્રજાનું નૈતિક બળ, અને શારીરિક બળ વધે એ પ્રકારનું શિક્ષણ આવશ્યક છે અને આપણા દરેક ભાઇએ પોતાના ઘરમાં અલ્પ સમય લઇને પણ બચ્ચાંઓને ધાર્મિક અને નૈતિક કેળવણી આપવી અને તેમના સંસ્કારો ઉઘાડવા. આથી ભાવી પ્રજાની ઉન્નતિ થશે. હાલની નિશાળોમાં આ વાત પર ધ્યાન અપાતું નથી તેનાં અનેક કારણો છે, અને તેથી નૈતિક બળમાં તથા ધાર્મિક બળમાં આપણી પ્રજા ઉતરતી જાય છે, ધર્મ પર આસ્થા રહેતી નથી અને તેમની સ્થિતિ સ્કુલ કે કોલેજનું

જીવન પૂર્ણ થયા પછી કમનસીબે ધાર્મિક બાબતમાં તો ધોબીનો કુતરો નહિ ઘરનો કે નહિ ઘાટનો એવી થાય છે. કુમળા મગજમાં જે સંસ્કારો ઉતર્યા હોય તેની આખા જીવન પર્યંત અસર રહે છે માટેજ કુમળાં મગજો પર ધાર્મિક અને નૈતિક સંસ્કારો નાંખવા ખાસ જરૂરના છે, તે દરેક બંધુ અને ભગિની પોતાની ફરજ સમજી, દરરોજ થોડો સમય પોતાના બચ્ચાંઓને આપશે તો ભાવિ ભાટીઆ પ્રજા આખા ભારતવર્ષમાં એક નમુનેદાર પ્રજા બનશે. કેળવણી કયા પ્રકારની હોવી જોઇએ, પ્રાચીન ભારતમાં કયા પ્રકારની હતી તે મહર્ષિ યાજ્ઞવલ્કયે રાજ્યતંત્ર ગ્રંથમાં બરાબર પદ્ધતિસર વર્ણવી છે.

આ સ્થળે એનું વિશેષ વિવેચન કરવાનો સમય ને પ્રસંગ નથી. મહર્ષિ યાજ્ઞવલ્કયના પ્રસ્તુત ગ્રંથને હું પ્રસિદ્ધ કરવા ધારૂં છું અને તેમાં એ વિષય પર સવિસ્તર વિવેચન જણાશે. અત્રે તો હાલની સરકારી કેળવણીની પદ્ધતિમાં ધર્મની કેળવણીને સ્થાન નથી તે ખોટ આપણે આપણી ગૃહ કેળવણીમાં પૂરી પાડવી જરૂરની છે એટલું કહીને વિરામ પામીશ. સદ્‌ભાગ્યે આપણામાં કેળવણીનો પ્રસાર અગાઉ કરતાં વિશેષ થતો જાય છે અને આ કેળવણીમાં ઉપલી ખોટ પૂરી પાડવાનું કર્તવ્ય આપણે બજાવીશું તો એનું પરિણામ આપણા જીવનને પ્રકાશમય બનાવનાનું થશે. પ્રભુ એ જ્યોતિનું આપણને સત્વર દર્શન કરાવો!

આપણી કોમને માટે પરદેશગમન સામે વાંધો સંભવી શકે નહી. આપણે યુદ્ધમાં પરાક્રમો દર્શાવી ઇતિહાસમાં અચળ સ્થાન મેળવ્યું; ત્યાર પછી સમયવશાત્ યુદ્ધ છોડી વ્યાપારના સંગ્રામમાં પડયા ત્યારથી જે સાહસ દર્શાવીને આપણે દૂર દૂર દેશોમાં દરિયાઓ ઓળંગીને ગયા છીએ આવી પ્રજાને માટે પૃથ્વી પર અમુક ઠેકાણે અટકવું જોઇએ એ વિચાર શોભેજ નહીં. બીજી અનેક હિંદુ જ્ઞાતિઓએ આ પ્રશ્નનું નિરાકરણ કરી નાખ્યું છે અને આપણે હવે તે પર પાછા જવું એ આપણી પ્રગતિને પાછી હઠાવવા જેવું છે. ધર્મ તો ઇચ્છા હોય છે ત્યાં ગમે ત્યાં સચવાઇ શકાય છે, અને ઇચ્છા નહી હોય અને સંસ્કારો નિર્બળ હોય તો ઘરમાં પણ સચવાય નહી. માટે ધર્મ સચવાશે નહિ એ વાતનો વાંધો ઉભો રહી શકતો નથી. આપણા ધર્મની વિરૂદ્ધ વર્તન કર્યા વિના યુરોપાદિ સ્થળે પરદેશગમન કરી શકાય છે માટે એ બાબતમાં આપણી પ્રજાને સર્વ પ્રકારની સરળતા કરવી જોઇએ.

આપણી જ્ઞાતિમાં જ્યાં સમૃદ્ધિ છે ત્યાં ઘણી છે અથવા હતી અને પ્રભુ કૃપાથી પાછી થશે, જ્યાં ગરીબાંઈ છે ત્યાં ગરીબાઈ પણ ઘણી છે. આ કારણથી

આપણા ઉદાર દિલના બંધુઓએ જ્ઞાતિની સહાય માટે ઘણાં ખાતાંઓ સ્થાપ્યાં છે. કેળવણીની ઉન્નતિ માટે આપણામાં બોડિંગસ્કુલ, હાઈસ્કુલ કન્યાશાળા, તથા શિષ્યવૃત્તિઓ છે. આરોગ્ય માટે ઇસ્પીતાલ, મેટર્નિટી હોમ, સૂતિકાગૃહ વિગેરે વ્યવસ્થા છે. ભૂખતરસ દૂર કરવા તથા શાંતિથી નિવાસ કરવા માટે કૂવાઓ, જળાશયો, સેનેટોરીયમો સદાવ્રતો, ધર્મશાળાઓ વિગેરે છે. આ પ્રમાણે અનેક પ્રકારે ઉપયોગી ખાતાંઓ છે, અને તેનો પ્રમાણમાં ઠીક લાભ પણ લેવાય છે. સ્વ. ઉદારચરિત શેઠ ગોકુલદાસ તેજપાલે સ્થાપેલી આપણી બોર્ડીંગસ્કુલમાં ઘણાઓને લાભ મળ્યો છે અને મળે છે, અને ઘણાઓનાં જીવન તેથી સુખી થયેલાં છે. આપણા પ્રસિદ્ધ શેઠ મુળજી જેઠાના કુટુંબ તરફથી એક જનરલ હોસ્પિટલનો પ્રબંધ પૂરો થયે એ દિશાની એક મોટી જરૂરીયાત પૂરી પડશે. શેઠ ખટાઉ મકનજી ફ્રી ડીસ્પેન્સરિ, અને શેઠ ખટાઉ મકનજી તથા શેઠ કાનજી મુળજી ભાટીઆ મેટર્નિટિ અને ઈન્ફન્ટ વેલફેર અને નર્સિંગ સર્વિસ જે પૂનાની સેવાસદન સોસાઇટી મારફત ચાલે છે, તે પણ ટુંક સમયમાં કેવું ઉપયોગી કામ બજાવી રહી છે એ, એ સંસ્થા તરફથી મળેલા આંકડાઓ જોતાં દેખાડી આપે છે. એ સંસ્થાના આશ્રય નીચે ૮૦ સુવાવડો, ૨૩૩૧ સ્ત્રી તથા બાળકોને દવા વિગેરે સહાય, ૨૩૧૮૮ પ્રસંગોએ સ્ત્રી તથા બાળકોને સલાહ, દવા વિગેરેની સહાય અને લગભગ દરેક માસે એવા ૧૫૦૦ પ્રસંગોએ સહાય આ પ્રમાણે થયું છે. આ ઉપરાંત બીજાં અનેક ઉપયોગી ખાતાંઓ અને સંસ્થાઓ કામ કરે છે. મને જેટલી ખબર છે અને ટુંક સમયમાં જેટલી વિગતો મળી શકી છે તે પરથી આટલી વિગતો આપી છે. કોઇ ઉપયોગી ખાતાં અથવા ઉદાર બંધુની સખાવત વિષેનો ઉલ્લેખ રહી ગયો હોય તો ક્ષમા માગું છું અને તે ખોટ પૂરી કરવાની વિનંતિ કરૂં છું. આ ખાતાંઓ આપણા ઉદાર વયોવૃદ્ધ વડીલોએ સ્થાપેલાં છે પરંતુ તેમાં જોઇએ તેટલો ઉમેરો થતો નથી. જો દરેક સહાય પામનાર બંધુ જે ખાતાંમાંથી તેને સહાય મળી હોય તે ખાતામાં પોતાની સારી સ્થિતિ આવતાં પોતાનો ફાળો આપીને ઉમેરો કરે તો કેટલો બધો લાભ થાય? દાખલા તરીકે બોર્ડિંગ સ્કુલનો લાભ લેનારા અનેક બંધુઓ. જેમણે જીવનમાં ઉંચી પદવીઓ અને સ્થાન મેળવ્યાં છે તે દરેક એક એક વિશેષ છોકરાનો તે માટે પ્રબંધ કરે તો એ ખાતું કેટલું મોટું થાય? ઈશ્વર એ સન્મતિ આપો અને આ ખાતાંઓનો વિસ્તાર વધારો!

આ સંબંધમાં એક સૂચના કરવાની હું જરૂર જોઉ છું. આપણાં બધાં

ધર્મનાં ખાતાંઓ માટે એક સામાન્ય કમિટી હોય તો તે વ્યવસ્થા કરવામાં, નવીન સૂચના કરવામાં, ભૂલો અથવા અવ્યવસ્થા સુધારવામાં તથા દરેક ખાતું એક બીજાને ઉપયોગી થવામાં, અથવા ન્યૂનતા પૂરવામાં બહુ ઉપયોગી થાય. આમ ધર્મખાતાંઓનું એકીકરણ એક સારી કમિટિમાં થવાથી બહુ લાભ થશે અને હાનિ અને અવ્યવસ્થા અટકશે. આ સંબંધે વિગત, આપણામાં ચર્ચા માટે વેહેંચાયલી, સમસ્ત ભાટીયા મહાજન સેવા સંઘટ્ટનની યોજનામાં જોવામાં આવશે. એ સંઘટ્ટનની યોજના બહુ ઉત્તમ છે અને લાભદાયી નીવડશે એમ હું માનું છું અને તેનો સ્વીકાર આ પરિષદ્ કરે તો સારૂં, એવી નમ્ર સૂચના કરૂં છું.

આપણી કોમનું હિત જળવાય તથા તે સંબંધી વિચાર કરવાને યોજનાઓ ઘડવાને અને દિશાઓ ચર્ચવાને, જરૂરી સાધનો, જેવાં કે વસ્તીપત્રકો, માસિક, તથા આપણો ઇતિહાસ અને જૂદે જૂદે સ્થળે રહેતા આપણા બંધુઓને વિષે ખબરો, એ બાબત પણ આપણે કરીએ છીએ તે વિશેષ વ્યવસ્થિતપણે અને ઉત્સાહથી વધારવાની જરૂર હું સૂચવુ છું.

આપણામાં વ્યાપારી કેળવણી વધે અને ખાસ વિષયોનું જ્ઞાન મળે તે માટે આપણા જે બંધુઓના હાથમાં મીલો, વિગેરે છે તેમણે ઘટતું કરવું એવી પણ મારી સૂચના છે. એ દિશામાં કેટલીક મીલો વિગેરેમાં પ્રબંધ જોવામાં આવે છે પણ તે વિશેષ વ્યવસ્થિત અને વિસ્તારથી થવાની જરૂર છે.

સન્નારીઓ ને બંધુઓ ! મેં આપનો ઘણો સમય લીધો છે. હું આપનો વધુ સમય હવે લેવા માગતો નથી. માત્ર આપને એક વિનંતિ કરીને આ મારૂં વિવેચન સમાપ્ત કરીશ. આ પરિષદ્ અત્યંત ઉપયોગી છે. જ્યારે જ્યારે પડતી આવે અથવા મતભેદ થાય ત્યારે ભેગા મળીને કામ કરવાથી અને મતભેદ દૂર કરવાથી પડતી દૂર થાય છે અને ચડતી થાય છે. આ પરિષદ્ તેવાજ પ્રકારનું એક સંમેલન છે. એનો ઉદ્દેશ, એનું કાર્યવાહિત્વ સફળ થવા માટે, પ્રેમપૂર્વક અને કોઇને દુઃખ નહી થાય એવી રીતે આપણું કામકાજ કરવાની જરૂર છે. અને મારી પૂર્ણ ખાત્રી અને અત્યંત નમ્ર વિનંતિ છે કે કોઈ પણ અંગત ટીકા નહી થશે. અને દરેક બંધુ અત્યંત શાંતિથી આ પરિષદ્નું કાર્ય સફળ કરશે. આ પરિષદ્ આપણી છે અને તેને સફળ કે નિષ્ફળ કરવામાં આપણે સફળ કે નિષ્ફળ થઇશું એવું જાણીનેજ અને મતભેદ તથા

મમત્વ દૂર કરીને આ પરિષદ્‌ને સફળ કરવાનો હેતુજ આપણો છે એમ દઢ નિશ્ચય કરીને આપણે સર્વે વર્તિશું.

બંધુઓ! મારે અંતમાં પુનઃ આપને જણાવવું જોઇએ કે આપે મને આ સ્થાને નીમી ઉપકારના બોજા તળે મૂકયો છે. હું અલ્પજ્ઞ છું પણ આપ સૌ ભાઇઓ મારા સબળ સહાયકો છો તો મારી ભૂલચૂક સુધારી લેશો અને આપ સૌની મદદથી આ સંમેલનનું કાર્ય ઇશ્વર કૃપાએ પાર પડશે અને સંમેલનના હેતુને યશપ્રાપ્તિ થશે. ભાઇઓ! આપણે ઘણું ઉંઘ્યા. હવે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું છે કે "પરંતપ, ઉઠ, તારૂં કર્મ કર" આ શ્રી કૃષ્ણનો સંદેશ એકલા અર્જુન માટે નહિ, તે સર્વ જગત માટે સદા સર્વદાનો છે અને તેને તમો તેના પુત્રોએ તો ખાસ ભુલવો નજ જોઇએ. માટે સર્વ એકસંપ થાઓ અને ઇશ્વિર સર્વને સદ્‌બુદ્ધિ આપો કે જેથી આપણે સર્વ એકસંપ થઈ ઐકય પ્રાપ્ત કરીએ અને અધોગતિએ જતી આપણી જ્ઞાતિને કે જેનું અંતઃજીવન આપણો અંતઃકલહ ચૂસી રહ્યો છે તેવે સમયે શ્રી કૃષ્ણનો સંદેશ જે આ અંધકાર રાત્રિમાંથી આવે છે—"ઉઠ, પરંતપ, તારૂં કર્મ કર તે તેને આપીએ" સત્ય માર્ગે જવા આ સંદેશની જરૂર છે; કારણ આપણા દરેકે દરેક બંધુની, આપણી જ્ઞાતિનો ઘાયલ થએલો આત્મા મદદ–શાંતિકર સહાય–માગે છે. ઉઠ, પરંતપ, તારી જાતિના સેવક તરીકે ઉઠ. તારો સ્વામી શ્રીકૃષ્ણ તારી સંનિધ, તારે પડખે છે. તું તારૂં કર્મ બજાવ! આ જ સંદેશને અનુસરી જ્ઞાતિને ઉચ્ચ શિખરે પહોંચાડી શકશો તે સ્વામી તરીકે નહિ, પણ સેવક તરીકે જ.

અધ્યક્ષને આશીર્વાદ.

પરિષદ્‌ના અધ્યક્ષ ભાઇ શ્રી૦ પુરૂષોત્તમ વિશ્રામ માવજીએ પોતાનું ઉપલું ભાષણ આપ્યા બાદ એક બાળાએ ગં૦ સ્વ૦ લેડી પ્રેમલીલા વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસિંહ તરફથી અધ્યક્ષને પુષ્પહાર પહેરાવ્યો હતો.

ગં૦ સ્વ૦ જમનાબાઇ ગોવિંદજી માધવજીએ તે પછી અધ્યક્ષને એક બીજો પુષ્પહાર પહેરાવતાં જણાવ્યું હતું કે જેવી રીતે આ પુષ્પોનો સુવાસ સર્વત્ર પ્રસરે છે તેવી રીતે તમારાં વિચારો અને વચનોનો સુવાસ સર્વત્ર પ્રસરી આ પરિષદ્‌નાં કાર્યને ફત્તેહમંદ બનાવો એવો અમો બ્હેનોનો તમોને અંતઃકરણપૂર્વકનો આશીર્વાદ છે.

નેતાઓનાં વિવેચનો.

અધ્યક્ષ ભાઇશ્રીએ તે પછી પરિષદ્‌માં હાજર રહેલા કેટલાક જુના અને નવા વિચારના આગેવાનભાઇઓને ઉકત પરિષદ્ વિષેના પોતાના વિચારો જણાવવાની સૂચના કરવામાં આવતાં નીચલા ભાઇઓએ પોતાના વિચારો નીચે મુજબ દર્શાવ્યાં હતાઃ—

શ્રી૦ લાલજી નારણજી.

શ્રી૦ લાલજી નારણજીએ જણાવ્યું હતું કે આજના આપણા મેલાવડાનું મુખ્ય કારણ જ્ઞાતિની છિન્ન ભિન્નતા ટાળી એકતા કરવાનું છે. તેવું ઐક્ય કરવા અત્યાર સુધી ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા છે. તે કરનારાનાં સૌનાં નામ આપવા હું ચાહતો નથી. દરેક ભાઇએ આ પરિષદ્‌ને પોતાની સમજી કામ લેવાનું છે. દરેક ભાઇઓએ પોતાના વિચારો અહીં છુટથી રજુ કરવા જોઇએ. જો તેમ કરવામાં આવશે તો આપણે નિરાકરણ ઉપર આવી શકીશું.

દુન્યામાં એવી કોઇ પણ વસ્તુ નથી કે જેને કાંઇને કાંઇ અંકુશની જરૂર ન હોય. આપણી જ્ઞાતિને તેવા અંકુશની છેકજ જરૂર નથી એમ નથી. માટે આ સંબંધમાં જ્ઞાતિનો મોભો જળવાય અને સાથે વિચારોની આપ લે થઇ કામ લેવાય તો સારૂં. આપણે આપણા વિચારો કોઇના ઉપર જબરીએ ઠસાવવાના નથી. મતભેદ દુન્યામાં રહેવાનોજ. પણ તે મતભેદો દૂર કરી આપણે એક થવાનું કરવુ જોઇએ. કેટલાકો કહે છે કે આપણે સાથે મળીએ તેથી શું થાય ? પણ સાથે મળવાનાં પણ ફળો છે. ફરીને હું કહીશ કે ગમે તો જુના વિચારના હોય કે નવા વિચારના હોય સૌએ પોતાના વિચારો છૂટથી દર્શાવવા.

છેલ્લે હું જણાવીશ કે ફકત ઠરાવ કરી આપણે ઉઠી જવું નહીં પણ કંઇક પળાય તેના પગલાં લેવાનું કરવું. આપણા જેવી વેપારી કોમ માટે તેમ કરવું વાસ્તવિક પગલું થઇ પડશે.

શ્રી૦ મથુરાદાસ કાનજી મટાણી.

શ્રી૦ મથુરાંદાસ કાનજી મટાણીએ જણાવ્યું કે આપણે હવે આપણી સ્થિતિ સુધારવાનાં પગલાં લેવાં જોઇએ. તેમ કરશું તો આપણે આપણી અધોગતિ થતી અટકાવી શકશું.

શ્રી૦ દામોદર ગોવિંદજીએ જણાવ્યું હતું કે હવે આપણે સૌએ એકત્ર થવા ઉપર ધ્યાન દેવું જોઇએ.

શ્રી૦ દામોદર રવજી પુરેચા.

શ્રી૦ દામોદર રવજી પુરેચાએ જણાવ્યું કે મેં મારા વિચારો આજ પહેલાંજ જાહેર કર્યા છે. મેં ભાટીઆ જ્ઞાતિની અધોગતિ અટકાવવા ઉપાયો સૂચવ્યા છે. કાંતો તમો તે ગ્રહણ કરો અથવા તે અધોગતિ અટકાવવા બીજા ઉપાયો કામે લગાડી દો. પણ કોઇબી રીતે થતી અધોગતિ આપણે નહીં અટકાવીએ તો આપણને પછીથી બહુ પસ્તાવાનું રહેશે.

પરિષદનું પ્રથમ દિવસનું કામકાજ આ પછી પુરૂ થયલું જાહેર કરવામાં આવ્યું હતુ અને સન્માનકારિણી સભાના સભ્યો, સ્થાનિક અને બહારગામના પ્રતિનિધિયો, તેમજ હાજર રહેલો સ્ત્રીવર્ગ વિષયવિચારિણી સમિતિ માટેના પોતા તરફના પ્રતિનિધિ નિમવા મળ્યા હતા અને તેમણે તે સમિતિ માટે કુલે ૮૫ સભ્યો નીચે પ્રમાણે ચુંટી કહાડયા હતાઃ—

વિષયવિચારિણીસમિતિ.

સ્વાગતસમિતિ તરફથી—ભાઈઓ દ્વારકાદાસ રવજી પુરેચા, ૨. કાનજી કરસનદાસ, ૩. મથુરાદાસ હરિભાઈ, ૪. દ્વારકાદાસ ગોકલદાસ, ૫. મથુરાદાસ

ડુંગરશી, ૬. જીવરાજ ગોકલદાસ નેણસી, ૭. લીલાધર પ્રેમજી જેરાજાણી, ૮. સુંદરદાસ ધરમસી, ૯. વિઠલદાસ વસનજી જેરાજાણી, ૧૦. ધરમશી માધવજી, ૧૧. જેરામદાસ ધરમશી, ૧૨. જમનાદાસ ભાણુજી મોરપરીઆ, ૧૩. ધનજી લક્ષ્મીદાસ, ૧૪. હરિદાસ કલ્યાણુજી, ૧૫. લખમીદાસ લાલજી સરૈયાં, ૧૬. લાલજી નારાણુજી, ૧૭. લધાભાઇ ડોસા, ૧૮. ઠાકરશી શામજી, ૧૯. વસનજી પરશોતમ ઓધવજી. ૨૦. ગોવર્ધનદાસ પ્રાગજી, ૨૧. ડોસાભાઈ (કંઠી મહાજનવાળા), ૨૨. વાઘજી પ્રેમજી, ૨૩. કાલીદાસ ગોવિંદજી, ૨૪. દયાળદાસ નારણુદાસ, ૨૫. ભગવાનદાસ દયાળજી.

મુંબઇના ડેલીગેટો તરફથી:-ભાઈઓ ૧. ભીમજી વલ્લભદાસ વેદ, ૨. ઓધવજી ચાંપશી, ૩. પોપટલાલ પરશોતમ, ૪. ત્રિકમદાસ ચકુભાઈ, ૫. રણછોડદાસ હરજીવન, ૬. પરશોતમ રવજી, ૭. દામોદર જગજીવન, ૮. લક્ષ્મીદાસ રવજી તેરશી, ૯. ગોપાળદાસ શામજી, ૧૦. રામદાસ રાઘવજી, ૧૧. ચત્રભુજ પરશોતમ, ૧૨. રતનશી મેઘજી, ૧૩. વસનજી નારણુજી.

શ્રી મુંબઇ નવગામ ભાટીઆ મિત્ર મંડળ તરફથી:-ભાઈ ગીરધરદાસ કસલચંદ.

પચ્ચીશ ગામ તરફથી:-ભાઇઓ ૧. જમનાદાસ ડુંગરશી, અને ૨. વલભદાસ નરશી.

સ્ત્રી ડેલીગેટો તરફથી:-બાઇઓ ૧. ટમુબાઇ ખીમજી, ૨. લીલાંબાઈ લાલજી, ૩. જમનાબાઈ ગોવિંદજી અને ૪. નંદુબાઈ જામનગરવાળા.

મુંબઈ ભાટીયા વોલન્ટીઅર કોર તરફથી:-ભાઇઓ ૧. ગોકુલદાસ ગોરધનદાસ; ૨. મથુરાદાસ જાદવજી ઉદ્દેશી, અને ૩. નારણદાસ ભગવાનદાસ.

કચ્છ તરફથી—ભાઈ જમનાદાસ ત્રીકમદાસ, અંજાર.

ગુજરાત તરફથી - ભાઈ નાજુકલાલ નંદલાલ ચોકશી, વડોદરા.

મહારાષ્ટ્ર તરફથી—ભાઈઓ ૧. લક્ષ્મીનાથ કાશીનાથ, વીજાપુર, ૨.ચીમનલાલ માણેકલાલ, ધરણગામ, ૩. ચીમનલાલ ગંગારામ, અને ૪. દ્વારકાદાસ દામોદર, ખંડવા, ૫. વીઠલદાસ દામોદર, આડોની, ૬. ચત્રભુજ ત્રિકમદાસ તાંડુર, અને ૭. હીરજી ગોકુલદાસ, જલગાંવ.

કાઠીયાવાડ તરફથી—ભાઈઓ ૧. દામોદર ગોવિંદજી, ૨. ગોરધનદાસ માવજી, ૩. રતનશી હેમરાજ, ૪. નારણજી નરશી અને ૫. ગોકુલદાસ ધરમશી (ખંભાળીઆ); ૬. મથુરાદાસ લીલાધર, અને ૭. માંધવજી કલ્યાણજી (જામનગર);

૮. ભગવાનદાસ હેમરાજ (મોરબી); ૯. મુલજી નાગજી (લાલપુર); ૧૦. રામદાસ ગોરધનદાસ (અમરેલી); અને ૧૧. અમરશી વેલજી (કાલાવડ).

પ્રમુખ તરફથીઃ-ભાઇઓ ૧. ચત્રભુજ મોરારજી, ૨. વસનજી વીઠલદાસ, ૩. હરજીવન વાલજી, અને ૪. લક્ષ્મીદાસ પરશોતમ આસર, અને ૫. બાઈ શામીબાઈ મોરારજી વેલજી.

અધિકારીઓમાંથી—(પોતાના હોદ્દાની રૂએ)—ભાઇઓ ૧. પુરૂષોત્તમ વિશ્રામ માવજી, ૨. પુરૂષોત્તમ જીવણદાસ મુલજી, ૩, મુલજી રણછોડ વેદ, ૪. ડૉ૦ જાદવજી હંસરાજ, ૫. મુલજી કરશનદાસ, ૬. વિઠલદાસ દામોદર ગોવિંદજી, ૭. સુંદરદાસ ઠાકરશી રાજડા, ૮. વિઠલદાસ પુરૂશોતમ, ૯. હીરજી વીરજી, ૧૦. પ્રેમજી ચત્રભુજ, ૧૧. કરશનદાસ વસનજી ખીમજી, અને ૧૨. મુરારજી ગોકલદાસ.

—:o:—

બીજા દિવસની બેઠકનું કામકાજ.

મુંબઇ પ્રાંતિક ભાટીઆ પરિષદની બીજા દિવસની બેઠક રવિવાર તા૦ ૪ થી મેના પાછલા પહોરના બે કલાકે હાલાઇ ભાટીઆ મહાજનવાડીમાં પરિષદના પ્રમુખ શ્રી૦ પુરૂષોત્તમ વિશ્રામ માવજીનાં પ્રમુખપણાં હેઠળ મળી હતી. ગયા શનિવાર કરતાં ગયા રવિવારે સ્વાગત સમિતિના સભ્યોની, સ્થાનિક અને બહારગામના ડેલિગેટોની, પ્રેક્ષકોની, અને સ્ત્રી વર્ગની બહુ મોટી સખ્યા મળી હતી. હૉલ આખોએ તથા તેની બહારનો ભાગ લોકોથી ઉભરાઇ ગયો હતો. તે દિને અનેક ભાઇઓ સ્વાગત સમિતિના સભ્યો તરીકે અને બીજા અનેક ડેલીગેટ તરીકે જોડાયા હતા. શ્રી૦ મુંબઇ ભાટીઆ વોલન્ટીયર કોર તથા શ્રીનવગામ ભાટીઆ વોલન્ટીર કોરે આગલા દિવસની જેમજ સુવ્યવસ્થા જાળવી હતી.

પરિષદનાં કાર્યનો આરંભ થતાં સર્વન્ટસ ઑફ ઇન્ડિઆ સોસાયટીવાળા શ્રી૦ ગોપાલ કૃષ્ણ દેવધર કે જેમને ભાટીઆ સુવાવડખાનાની યોજના પરિષદને સમજાવવા પુનેથી તાર કરી ખાસ તેડાવવામાં આવ્યા હતા તેમણે તથા શ્રીમતી જાનકીબાઇ ભટે ખટાઉ મકનજી ધર્માદા દવાખાનાની તથા ભાટીઆ મેટર્નિટિ અને નર્સિંગ હોમવાળી યોજના સમજાવી હતી.

શ્રી૦ દેવધરે (૧) શેઠ કાનજી મુલજી ટ્રસ્ટ તથા (૨) શેઠ ખટાઉ મકનજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ ૧૯૨૨ ના માર્ચથી મુંબઇ ખાતે ભાટીઆ કોમની સ્ત્રીઓને મુફ્ત અને લાયકની જે મદદ સુવાવડ વગેરે સમગ્રે આપી હતી તેનું બ્યાન આપ્યું હતું તથા જેમણે તેનો લાભ લીધો હતો તેમની સંખ્યાના કેટલાક આંકડા રજુ કર્યા હતા.

શ્રીમતી જાનકીબાઇ ભટે પણ ભાટીઆ કોમમાં સ્ત્રીવર્ગ અને બાળકોનુ મોટું પ્રમાણ જોતાં ભાટીઆ સુવાવડખાનાનો લાભ લેવા ભાટીઆ કોમને વિનંતિ કરી હતી.

ઉપલી બાબતના સંબંધમાં શ્રી૦ ગો૦ કૃ૦ દેવધરે કરેલુ વિગતે ભાષણ નીચે મુજબ છે:-

શ્રી૦ દેવધરનું ભાષણ.

મારાં બ્હેનો અને ભાઇઓ,

આ સર્વિસ પુના સેવાસદન સોસાયટીના નર્સિંગ અને તબીબી નોકરીખાતા તરફથી મુંબઇ મધે ૧૯૨૨ ના માર્ચ માસથી હાથ ધરવામાં આવી હતી. સોસાયટીએ તેમ પ્રથમ કાનજી મુલજી ટ્રસ્ટ અને બીજું ખટાઉ મકનજી ટ્રસ્ટના પ્રતિનિધિયોનાં નિમંત્રણથી નકકી કરેલાં ધોરણો અને શરતો અનુસાર કર્યું હતું. સર્વિસની નેમ, મુબઇમાં વસતાં ભાટીઆ કોમની સ્ત્રીઓને તથા બાળકોને (૧) સુવાવડ પહેલાંનાં દર્દો દરમ્યાન, (૨) સુવાવડ દરમ્યાન (૩) બાળહિતકાર્ય દરમ્યાન, અને (૪) સામાન્ય માંદગી દરમ્યાન અર્થાત્ બાળકો અને માતાઓમાં મરણનું જે મોટું પ્રમાણ છે તે ઘટાડવાના સબંધમાં મુફત અને ઘટતી સહાય કરવાની છે. વધુ ખીલવવામાં આવેલી નવી યોજનાની રૂએ ભાટીઆ સ્ત્રીઓની સુવાવડ દરમ્યાન તેમને તેમના રિવાજ અનુસાર નવી સ્થાપન થયલી અને જોઇતી વૈદકીય સામગ્રીઓથી સુસજ્જિત (well-equipped) હોસ્પિટલ જેને 'મેટર્નિટિ હોમ (Maternity Home) એવું નામ આપવામાં આવ્યુ તેમાં આધુનિક વૈદકીય વૈજ્ઞાનિક ધોરણસર મુફત જોગવાઇ કરી આપવાની ગોઠવણો કરવામાં આવી. આવી જોગવાઇ, તે યોજનાના મૂળ પ્રવર્તકોમાંના શેઠ મુલરાજ ખટાઉનાં મદદ અને ટેકા સાથે તથા સ્વ૦ સર વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસિંહ, નાઇટ, ની સહાનુભૂતિ સાથે મળી કરવામાં આવી. ઉપરાંત તેજ હોસ્પિટલમાં નિયમિત વૈદકીય સારવાર માટે ભાટીઆ કુટુમ્બોની સ્ત્રીઓ તથા બાળકો માટે 'નર્સિંગ હોમ' નામનાં આ ખાતાંના એક જુદા વિભાગમાં ઘટતી અને ફરતી ગોઠવણ કરવામાં આવી છે. પણ કોઇ પણ ગંભીર કે ચેપી દર્દોવાળા દર્દીઓને આ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતા નથી. કેટલાક દાખલાઓમાં ઘરે સુવાવડ કરવામાં મદદ અર્થે નર્સની પણ સહાય આપવામાં આવે છે, જો કે સુવાવડખાનામાં આવવા માટે ભાટીઆ ગર્ભવતી સ્ત્રીઓને સમજાવવાના પ્રયત્નો કરવામાં આવે છે. પૂર્વેની જેમ સ્ટાફ શહેરના જુદા જુદા ભાગોની મુલાકાતો લે છે. હોસ્પિટલના સ્ટાફમાં સંપૂર્ણ તાલીમ લીધેલી અને લાયકાતવાળી બાનુ તબીબો, નર્સો, અને મીડવાઇફો કે જે પુના સેવાસદન સોસાયટી તરફથી પુરી પાડવામાં આવે છે, તે છે. તેઓ હિંદી અને યુરોપીઅન પદ્વીઓવાળા અને હોસ્પિટલનાં કામના અનુભવી લાયકાતવાળા ગૃહસ્થની સામાન્ય સૂચનાઓ હેઠળ કામ કરે છે. આ ખાતાને વખતોવખત સલાહ આપવા મુંબઇના બાહોશ અને પ્રસીદ્ધ તબીબો નિમાતા રહે છે. સોસાયટિની મદદ અને દોરવણી માટે એક મિશ્ર સલાહકારક પેટા સમિતિ રાખવામાં આવી છે અને તે આ તબીબી સામાજીક સેવાની યોજનાને ફત્તેહ આપવામાં હિત ધરાવનારા અનેક પક્ષોના પ્રતિનિધિઓની બનેલી એક જોડીઆ કારોબારી બોર્ડનાં સામાન્ય કાબુ, દોરવણી અને દેખરેખ હેઠળ કાર્ય કરે છે. આ રીતે મને

અને મારી સાથે કાર્યકરનારાઓને છેલ્લાં બે વરસ કરતાં વધુ સમય થયાં તમારી કોમનાં સ્ત્રીઓ અને બાળકોનાં સેવારૂપ થવા માટે અને આ થોડી મુદત દરમ્યાન અમોને જે અનુભવ મળ્યો છે તે તમો સન્મુખ રજુ કરવા દેવા માટે હું તમારો આભાર માનુ છું.

હવે હું તમો સન્મુખ શેઠ ખટાઉ મકનજી મુફત દવાખાનું અને ભાટીઆ સુવાવડખાનું અને નર્સિંગ હોમ, મુંબઈ, દ્વારા થયેલાં કામકાજનાં આજ સુધીનાં એટલે કે ૧૯૨૨ ની માર્ચથી તે ૧૯૨૪ ની એપ્રિલની આખર સુધીનાં પરિણામો રજુ કરીશ.

(૧) યોજનાની વિગતોનુ નકકી થવું ... ... તા૦ ૧-૩-૨૨.

(૨) ઘરોઘરની મુલાકાતની શરૂઆત ... ... તા૦ ૧૦-૩-૧૨.

(૩) કાવેલ સ્ત્રીટ મધેના કાર્યની શરૂઆત ... ... તા૦ ૨૦-૩-૨૨.

(૪) માંડવી ખાતેનાં બીજાં મથકની શરૂઆત,... ... અકટોબર ૧૯૨૨.

(૫) હોસ્પિટલ અને દવાખાનાંનું ખુલ્લું મેલાવું... ... તા૦ ૨૦-૪-૨૩.

(૬) હોસ્પિટલ મધે દરદીઓને દાખલ કરવાની શરૂઆત... ... જુન ૧૯૨૩.

(૭) જુની અને નવી યોજના હેઠલ થયલી કુલ્લે સુવાવડો (કે જેમાં હોસ્પીટલ ખાતેની ૨૪ સુવાવડોનો તથા જેમાં કુલ્લે ૧ કસુવાવડ તથા ૮૨ સુવાવડોનો જુન, ૧૯૨૩ થી એપ્રીલની આખર, ૧૯૨૪ સુધી સમાવેશ થાય છે. ... ... ૮૩.

(૮) ત્રણે મથકોએ અને હોસ્પિટલ મધે ૧૯૨૪ ની એપ્રિલની આખર સુધી સારવાર કરવામાં આવેલાં સ્ત્રિયો અને બાળકોની કુલ્લે સંખ્યા ... ... ૨૪૫૭.

(૯) ત્રણે મથકોએ એપ્રિલની આખર સુધી વખતોવખત અપાયલી સલાહ તથા દવાઓ કુલ્લે વખત ... ... ૨૪,૫૮૨.

(૧૦) સુવાવડ માટે દેખરેખ હેઠળ રહેલી સ્ત્રિયોની સંખ્યા આજ દિને ... ૨.

(૧૧) દેખરેખ હેઠળ આજે રહેલા બાળકોની સખ્યા ... ...૫૯.

(૧૨) હોસ્પિટલના નરસિંગ હોમ વિભાગમાં દાખલ કરવામાં આવેલા દર્દીઓ ...૧૮.

(૧૩) હોસ્પિટલ મધે જુલાઇ, ૧૯૨૩ થી ડો૦ એચ. વી. તીલક, માનદ સલાહકારો અને હોસ્પિટલ સ્ટાફના હાથે થયલી વહાડકાપની સંખ્યા... ... ...૬૨.

(૧૪) એક માસ દરમ્યાન મુલાકાત લેવાયલા કુટુંબોની સંખ્યા ... ૮૪૬.

(૧૫) છેલ્લા છ માસ દરમ્યાન દર માસે અપાયલી સલાહની સરેરાસ... ૧૫૦૦.

શ્રીમતી જાનકીબાઇ ભટ્ટ.

શ્રીમતી જાનકીબાઇ ભટે ઉપલી યોજનાઓ સંબંધી પોતાનો અનુભવ વર્ણવતાં જણાવ્યું કે મારે પ્રથમ કહી દેવું જોઇએ છે કે હું અહીં આજે જે કહેવા માગું છું તે ટીકારૂપે કહેવા માગતી નથી. અમારા સ્ટાફપરની અમારી નર્સો તથા બાનુ તબીબો તમારાં સ્ત્રીઓ અને બાળકોની વચ્ચે ફકત તેમની સેવા કરવા તથા તેમને સહાય આપવાની ઇચ્છાથીજ વિચરે છે. તેઓમાંના અનેકને અમારો સ્ટાફ પોતાનાં મિત્રો તરીકે લેખે છે. આથી જે કાંઇ મારા તરફથી જણાવવામાં આવશે તે અમારા અંતઃકરણના ખરા ઉદ્દગાર રૂપેજ માનશો.

પ્રથમ અમારો સ્ટાફ જે વાતથી આશ્ચર્ય પામ્યો છે તે આ કે અનેક બાબતોમાં તમારી કોમ અમોને ઉદાર જણાઇ છે. અમો ખુદ જે ખાતામાં કાર્ય કરીએ છીએ તે બે ધર્માદા ટ્રસ્ટોનાં જોડાણનું પરિણામ છે. આ યોજના કે આ ખાતું કે જેને આ ટ્રસ્ટોનો સંપૂર્ણ ટેકો છે તે દ્વારા અપાયલી સહાયતાથી તમારી કોમનાં સેંકડો સ્ત્રીઓ અને બાળકોને લાભ થયો છે.

• અમારા અહેવાલ પરેથી તમો જોઇ શકશો કે અમોએ અમારૂં કાર્ય તમારા સ્ત્રીવર્ગની ઘરોઘર મુલાકાત લઇને તથા અમો જે કાર્ય કરવા ધારતા હતા તેમને જ્ઞાન અને બાતમી આપવા દ્વારા આરંભ્યું હતું. તે પછી અમોએ સ્પષ્ટપણે આ જોયું કે લાંબા વખતની આગમ-ચથી બાંધેલી માન્યતાઓ અને રિવાજો તથા જુના વિચારની રીતિયો અને વિચારો ઉખેડી નાંખવાનું ઘણું મુસ્કેલ હતું, અને અમારા શરૂઆતના પ્રયત્નો દરમ્યાન અમારા સ્ટાફ પ્રત્યે શક અને અવિશ્વાસ બતાવવામાં આવ્યાં હતાં. પણ ધીરજ અને ખંતથી તે મુસ્કેલીઓ વટાવી દેવામાં અમો ફત્તેહમંદ નીવડયા હતા, અને કાવેલ સ્ટ્રીટ મધે ખોલાયલા અમારા નવા મથકે બાનુઓ લાભ લેવા લાગી એટલે તેઓને અમારી રીતિયો અને સારવારનાં ધોરણમાંથી થતા લાભો અમોએ જોયા. તે પછી અમોએ બઝારગેટ સ્ટ્રીટમાં સુવાવડ માટેની એક હૉસ્પિટલ અને નર્સિંગ હોમ સાથેના બે વધુ મથકો ખોલ્યા.

મારે આ કહેવાની જરૂર નથી કે મુંબઇ મધે બાળમરણનું પ્રમાણ ઘણું ઉંચું છે, અને કોમમાં શ્રીમંત અને શિક્ષિતોનું પ્રમાણ જોતાં તમારી કોમમાં એ પ્રમાણ ૧૦૦૦ એ ૩૨૫ જેટલું ઉંચુ આવે છે. બે વરસનાં અમારા કાર્યના અહેવાલ ઉપરથી અમો એવા નિર્ણય ઉપર આવ્યા છીએ કે હોસ્પિટલમાં અથવા દર્દિયોનાં ઘરે અમારા સ્ટાફને હાથે થયલી ૮૩ સુવાવ-ડોમાં બાળમરણો પહેલા ૧૨ માસ દરમ્યાન ૧૦૦૦ એ ૧૮૦ જેટલું આવ્યું છે. આ ઉપરથી તમો જોઇ શકશો કે બાટીઆઓમાં બાળમરણનું સામાન્યપણે જે પ્રમાણ છે તેનાં કરતાં તે અત્રે ઓછું છે. તેજ રીતે માતાઓમાં મરણનું જે પ્રમાણ છે તે પણ ઘટવા લાગ્યું છે. પણ મુંબઇના પારસીઓમાં તે ૧૦૦૦ એ ૧૫૦ જેટલું છે.

• હોસ્પિટલમાં સારવાર કરવામાં આવેલી સ્ત્રીઓનાં દર્દોમાં આ જોઇ શકાશે કે બદહજમી, હિસ્ટેરીઆ, સુવાવડનાં દરદો, કસુવાવડ વગેરે મુખ્યત્વે કરીને નજરે પડે છે. શહેરની ઋતુ અને સ્થિતિ તેમજ લોકોની ટેવો અને રીતરિવાજો આ માટે મુખ્યત્વે કરીને જવાબદાર છે. બદહજ-મીનાં દર્દો મુખ્યત્વે કરીને કસરત અને તાજી હવાના અભાવને આભારી છે. જયારે અમો કોઇ દર્દીને ખુલ્લી હવા લેવાનું કે દરિયે ફરવા જવાનું જણાવીએ છીએ ત્યારે તેઓ કહે છે કે તેવી જગાઓએ જવું તે કોમના રિવાજની વિરૂધ્ધ છે, જો કે અસ્વચ્છ ગલ્લીઓમાં થઇને ગીચ મંદિરોમાં સહેજે તેમને જવા દેવામાં આવે છે. હિસ્ટેરીઆ જેવાં દરદો લાગણીઓની ઉશ્કેરણી તથા નબળા સ્વભાવને પરિણામે જન્મે છે. મનને પણ યોગ્ય પોષણ અને દોરવણીની જરૂર છે. આ માટે ખરી જાતનું શિક્ષણ સ્ત્રીઓને મળે તેની સામે અટકાયત ન જોઇએ. કામ થોડું હોય અને ફુરસદ ઘણી હોય તો એક શિક્ષિત સ્ત્રીનું મન વહેમી વિચારોમાં રમ્યા કરે છે અને તે લાગ-ણીથી ઉશકેરાય તેવું બની જાય છે,

પતિ અને પત્નીનાં વય વચ્ચે મોટો ફરક, બાળલગ્નોથી વહેલા માતૃપદની પ્રાપ્તી અને ચોક્કસ દરદોનાં જન્મ ઘણું ખરૂં સ્ત્રીઓનાં દરદ માટે જવાબદાર છે. સુવાવડ કરતાં કસુવાવડના દાખલાઓનું મોટું પ્રમાણ પણ તેને આભારી છે. અનેક દાખલાઓમાં આ પણ જણાયું છે કે માતા અને બાળકનું સામાન્ય સત્વબળ જોઇએ તેથી ઘણું ઓછું માલમ પડયું છે. આ બાબત પ્રત્યે ખાસ કરીને હું તમારૂં ધ્યાન ખેંચવા ચાહું છુ, અને આ મહાન અનર્થમાં કારણો શોધી કહાડવાની અને તે બને તેટલાં વહેલાં દૂર કરવાની હું તમોને વિનંતિ કરૂં છું. તાજી હવા અને કસરત ખાસ કરીને સ્ત્રીઓના દાખલામાં મુંબઇ જેવા શહેરમાં ખાસ જરૂરી છે. શિક્ષણનો અભાવ અને સુખશાંતીના નિયમોનું અજ્ઞાન પણ તેવી પરિસ્થિતિ માટે આભારી છે. શહેરમાં જુદા જુદા લતાઓની મુલાકાત દરમ્યાન કેટલાંક ઘરો અને ચાલોની સ્થિતિ અમોને એટલી તો અસ્વચ્છ અને અસુખશાંતીભરી જણાઇ છે કે તે ગંદકીમય અને અંધારી જગા છોડતાં સુધી અમારે કયારેક અમારો શ્વાસ ઉંચો ખેંચી રાખવો પડે છે. દરેકે પોતાના સ્વાસ્થ્યનાં વિષયથી પરિચિત રહેવું જોઇએ તથા અંગત અને જાહેર તનદરોસ્તીના કાયદાને તાબે થવું જોઇએ.

સમય બદલાયો છે અને આપણે જીવનના નવા સંજોગોને બંધબેસતા થવું જોઇએ. રહેણીકરણીના આગલા નિયમો તે સમય માટે તદન બંધબેસતા હતા. પણ આજે દુનીઆના સંજોગોમાં એટલા બધા મોટા ફેરફારો થઇ ગયા છે કે રિવાજો જુના છે તેટલાને ખાતર તેને વળગી રહેવું તે હાનિકારક છે એટલુંજ નહી પણ આત્મહત્યા કરવા સમાન છે. વિજ્ઞાને ઘણી પ્રગતિ કરી છે અને આપણે તેનો સંપૂર્ણ લાભ ઉઠાવવો જોઇએ.

છેલ્લે શાંતિથી આટલા લાંબા સમય સુધી તમોએ મારૂં વિવેચન સાંભળ્યું તે માટે હુ તમારી આભારી છુ અને હું આશા રાખું છું કે તમો મારી ટીકાઓને તે જે ભાવે રજુ થઇ છે તે ખરા ભાવ રૂપે જોવા મહેરબાની કરશો. મારી ટીકાઓનાં પરિણામે આ વિષયના સંબંધમાં જો કોઇ ચર્ચા થશે અને જો તેનાં પરિણામે તમારી કોમ આખીનુ અને વિશેષ કરીને જે સ્ત્રીઓ અને બાળકોને લાભ પુગાડવા આ સંસ્થા અસ્તી ધરાવે છે તેમના ખાસ હિતાર્થે કોઇ ઉપયોગી સૂચના અમોને કરવામાં આવશે તો અમો તમારા આભારી રહીશું. અમારી હોસ્પિટલની તમારા તરફની મુલાકાતોને અમો આવકારદાયક લેખીશું.

અભિનંદન ઇચ્છનારા સંદેશા.

પરિષદ્‌ના માનદ જોડયા મંત્રી શ્રી૦ હીરજી વીરજી તરફથી તે બાદ પરિષદ્‌ને અભિનંદન આપનારા વધુ સંદેશા વાંચવામાં આવ્યા હતા, જે નીચે મુજબના હતાઃ—

(૧) કરાચિથી ભાઇ હરિદાસ લાલજી તા૦ ૩ જી ના તારમાં જણાવે છે કે જ્ઞાતિહિતના રચનાત્મક કાર્યની આશા રાખતો હું પરિષદ્‌ને દિલોજાનથી વધાવું છું.

(૨) કલકત્તા ખાતેથી ભાઇ વિજયસિંહ ગોવિંદજી તા૦ ૪ થી મેના સંદેશામાં જણાવે છે કે સંજોગોને લઇને પરિષદ્‌માં જાતે હાજરી દઇ શકતો નથી. પરંતુ મારો આત્મા ત્યાંજ છે. પરિષદ્‌ને ફત્તેહ ઇચ્છું છું.

આ પછી પરિષદમાં વિષયવિચારિણી સમિતિએ પસાર કરેલા ઠરાવો ઉપર વિચાર ચલાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું.

૧. જ્ઞાતિમાં પડેલ ભંગાણ દૂર કરવા વિષે.

શ્રી૰ લક્ષ્મીદાસ લાલજી સરૈયાએ નીચલો ઠરાવ રજુ કર્યો હતોઃ—

આપણી જ્ઞાતિમાં પડેલાં ભંગાણુ અગર મતભેદને દૂર કરવા સારૂ શા શા ઉપાયો લેવા તે નક્કી કરવા પરિષદ નીચલા ગૃહસ્થોની એક કમિટી નેમે છે, અને તે કમિટીએ બે માસની અંદર પોતાનો રિપોર્ટ કારોબારી (વર્કિંગ) કમિટીને કરવો:—

ભાઇ પુરૂષોત્તમ વિશ્રામ માવજી.
,, પુરૂષોત્તમ જીવણદાસ મુલજી.
,, લાલજી નારાણજી.
,, મથરાદાસ કાનજી મટાણી.
,, દામોદર ગોવિંદજી.
,, મુલજી રણછોડ વેદ.
,, હીરજી વીરજી.
,, લક્ષ્મીદાસ લાલજી.

શ્રી૰ લક્ષ્મીદાસ લાલજીનું વિવેચન.

ઉપલો ઠરાવ રજુ કરતાં શ્રી૰ લક્ષ્મીદાસ લાલજીએ નીચે પ્રમાણે વિવેચન કર્યું હતું:—

પ્રમુખ સાહેબ, બ્હેનો તથા ભાઇઓ,

આપણી કોમમાં ભંગાણુ અગર મતભેદ થયેલ છે તે તમે બધા જાણો છો. પણ જે કાંઇ થયેલ છે તેને ભંગાણુ કરતાં ફકત મતભેદ કહેવાનું હું દુરસ્ત ધારૂં છું. કારણુ આપણા બધા વહેવારો ચાલુ રહ્યા છે. વહેવારો બિલકુલ અટકયાં નથી. આ મતભેદ વિલાયત જવાના પ્રશ્નથી ઉભો થયેલ છે. આ પ્રશ્નનો ઇતિહાસ તમને માલમ છે તેથી હું તેમાં વિશેષ ઉંડો ઉતરવા માગતો નથી. ભાટીયાઓમાં વિદેશ જવાનો પ્રશ્ન હતો પણ નહિ અને છે પણ નહિ. ચારસો વરસ પહેલાં અર્બસ્તાન અને આફ્રીકા તરફ ભાટીઆ ભાઇઓ વેપાર અર્થે જતા તેના પણ પુરાવા મોજુદ છે. બીજી રીતે જોઇએ તો હાલ લીંબડીમાં ઔદિચ્ય બ્રાહ્મણોની પરિષદ રાજકોટના પ્રખ્યાત બૅરીસ્ટર મી૰ શુકલના પ્રમુખપણા નીચે ભરાઇ હતી. હવે મી૰ શુકલ જો કે વિલાયત જઇ આવ્યા છે તો પણ તેમની જ્ઞાતિએ તેમને પાવન કર્યા છે, એટલુંજ માત્ર નહિ પણ પરિષદ્‌નું પ્રમુખસ્થાન લેવાને યોગ્ય ગણ્યા છે. આપણે ઔદિચ્યોના હાથનું ખાઇએ છીએ, આપણે તેમને બ્રાહ્મણો તરીકે પૂજ્ય માનીએ છીએ, અને તેમની પાસે કથા વગેરે કરાવીએ છીએ, આમ હોવા છતાં વિલાયતના સવાલપર આપણે હવે આપણા ઘરમાં મતભેદ શા માટે રહેવા દઇએ? આપણામાં કેટલાકો બહુ ઉતાવળા ચાલવા માગે છે, જ્યારે બીજાઓ બિલકુલ ચાલવા માગતા નથી. ઉતાવળા ચાલનારાઓ અવળે રસ્તે જવાના ભયમાં રહે છે અને ન ચાલનારાઓ વખતના પ્રવાહની પાછળ રહી જાય છે. આ બંને વિચારના લોકો ભૂલ કરે છે. સાવચેતીથી મધ્યમ ગતિએ બધાએ ચાલવું જોઇએ. જો આમ નહિ કરશું તો સ્થિતિ એવી

થશે કે Every one would govern and none would obey. ફરીથી એકવાર તમારી સમક્ષ મુકેલા ઠરાવનો ટેકો આપવા અરજ કરીને હું બેસી જવાની રજા માગું છું.

શ્રી૦ કાનજી કરસનદાસે ઠરાવને ટેકો આપ્યો હતો.

શ્રી૦ મુલજી રણછોડ વેદ.

શ્રી૦ મુલજી રણછોડ વેદે જણાવ્યું કે એવો કોઇએ ભાટીઓ નહીં હોય જે વિક્ષેપ ઇચ્છતો હશે. મતમતાંતર આપણી વચ્ચે રહેશે પણ ડાંગે માર્યા પાણી જુદાં નહીં પડે. પરિષદ્ મેળવતાં થોડી પણ કડવાસ રહી હોય તો તે મળતાં નામનો પણ મતભેદ હવે કહાડી નાખવાની દરખાસ્તને હું ટેકો આપુ છુ.

શ્રી૦ મથુરાદાસ કાનજી મટાણી.

શ્રી૦ મથુરાદાસ કાનજી મટાણીએ જણાવ્યું કે આપણે જ્ઞાતિને જીવિત રાખવાની ઇચ્છા હોય તો હાલના કટોકટીના મામલાને પુગી વળવું જોઇએ. આપણે દુઃખ હાથે કરીને વહોરી લીધું છે તો તે હવે ખમવું પડશે. હાલના જમાનામાં જ્ઞાતિ પણ દેશને અંતરાય રૂપ થઇ નડે છે. પણ જેઓ જ્ઞાતિમાં રહેવા ઇચ્છતા હોય તેમણે તેમાં જોડાઇ રહેવું જોઇએ. જ્ઞાતિમાં સૌ પોતાનો જન્મસિદ્ધ હક ભોગવવાને લાયક થાય એમ કરવું જોઇએ. જ્ઞાતિબંધન શિથિલ હોવાની વાત થાય છે, ત્યાં હું તે વિચારની સાથે મળતો થતો નથી. હું જ્ઞાતિબંધારણ શિથિલ થવાનું માનું છું. જ્યાં લાભોની એકતા (identity of interests) જેવું હોતું નથી ત્યાં સાથે રહી કામ કરી શકાતુ નથી. પૌર્વાત્ય તત્વજ્ઞાનમાં એ કંઇક છે એમ ગાંધીજીએ પણ સ્વીકાર્યું છે એ આપણે ભૂલવું જોઇતું નથી.

શ્રી૦ નારણદાસ પુરૂષોત્તમ

ઉપલા ઠરાવને પુષ્ટિ આપતાં શ્રી૦ નારણદાસ પુરૂષોત્તમે જણાવ્યું હતું કે તમારી સમક્ષ જે દરખાસ્ત મુકવામાં આવી છે તેમાં મારી પહેલાંના બોલનારાઓએ જે વિવેચન કર્યું છે તેમાં મારે કાંઇ વિશેષ ઉમેરવાનું રહેતું નથી. ગૃહસ્થો, અત્રે તમો આપણા પૂર્વજોના ફોટાઓ જુવો છો. જ્ઞાતિ પ્રત્યેની તેમની લાગણીઓ કરતાં આપણી લાગણીઓ ઓછી તીવ્ર હોવાથીજ હાલનું આ ભંગાણ પડયું છે. આપણું અંતઃકરણ જ્યાં સુધી સાફ થ.ય નહીં ત્યાં સુધી આપણે કંઇપણ કરી શકશું નહી. તેમના જેવા ઉદાર મનથી આપણે કામ લેશુ ત્યારેજ આપણે આપણી ઉન્નતિ કરી શકશું.

શ્રી૦ ચતુર્ભુજ મુરારજી વેલજી.

ઠરાવને વધુ પુષ્ટિ આપતાં શ્રી૦ ચતુર્ભુજ મુરારજી વેલજીએ જણાવ્યું હતું કે આ ઠરાવને ટેકો આપતાં મને આનદ ઉપજે છે. આ ઠરાવદ્વારા આપણે જે કમિટી નિમિયે છીએ તે કમિટી ફત્તેહમંદીથી પોતાનું કામ પાર ઉતારવાની હું આશા રાખુ છું.

ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૨. જ્ઞાતિબંધારણ શિથિલ હોવાથી તે દ્દઢ કરવાના ઉપાયો યોજવા વિષે.

શ્રી૦ ત્રિકમદાસ ચકુભાઇએ નીચે મુજબ ઠરાવ રજુ કર્યો હતોઃ—

આપણી જ્ઞાતિનું બંધારણ.શિથિલ હોવાથી આ પરિષદ્ એક કારોબારી સમિતિ નેમે છે. આ સમિતિની ફરજો નીચે પ્રમાણે રહેશેઃ—

(અ) આ પરિષદ્ જે જે ઠરાવો કરે તે તે ઠરાવો પરિષદની બીજી બેઠક મળે ત્યાં સુધી અમલમાં લાવવા.

(આ) પરિષદ્‌નાં બંધારણની એક યોજના ૭ માસની અંદર ઘડી કાઢવી, અને તે યોજનાને વ્યવહારરૂપ આપવાને માટે તેનો ખરડો નક્કી કરી આખા પ્રાંતના અભિપ્રાયો સાથે પરિષદની બીજી બેઠક વખતે તેની બહાલી માટે રજુ કરવો, અને તેવી બેઠક આજથી મોડામાં મોડી બાર માસની અંદર મેળવવી.

(ઇ) પરિષદ્‌નાં ફંડનો જો કાંઇ પણ વધારો રહે તો તે આ કારોબારી સમિતિને ખરચ માટે સોંપી આપવો અને વધુ નાણાંની જરૂરીઆત રહે ત્યાં આ સમિતિ ઉઘરાણું કરી પોતાનાં કાર્યને ગતિમાં મેલે.

(ઉ) કારોબારી સમિતિનુ બંધારણ આખા પ્રાંતમાંથી સ્ત્રી તથા પુરૂષો મળી કુલ્લે ૬૦ સભાસદોનું રહેશે. તેમાં ઓછામાં ઓછી ૫ સ્ત્રીઓ રહેશે. આ સમિતિ જરૂર પડતાં ૧૫ સુધી વધુ સભાસદ નીમશે.

(એ) સમિતિ પોતાની અંતર્ગત વ્યવસ્થા માટે પોતાને જરૂર પડતા નિયમો બાંધશે.

ઉપરોક્ત સમિતિ નીચલા સભાસદોની બનશે:—

ભાઇઓ પુરૂષોતમ વિશ્રામ માવજી, નારાણદાસ પુરૂષોતમ, વિસનજી વિઠલદાસ, હરિદાસ મુરારજી વેલજી, લાલજી નારાણજી. લખમીદાસ લાલજી સંરૈયા, હીરજી વીરજી, નારાણદાસ ભગવાનદાસ, ભગવાનદાસ દયાલજી, ઓધવજી ચાંપશી, વિઠ્ઠલદાસ દામોદર ગોવિંદજી, મથરાદાસ હરિભાઇ, હરજીવન વાલજી, વિસનજી નારાણજી, ગોવર્ધનદાસ માવજી, ત્રિકમદાસ ચકુભાઇ, પુરૂષોત્તમ જીવણદાસ, મથુરાદાસ કાનજી મટાણી, જીવરાજ ગોકલદાસ નેણસી, દ્વારકાદાસ રવજી (ગોવર્ધનદાસ ખેતસીવાળા), કાનજી કરસનદાસ, હંસરાજ પ્રેમજી, રતનસી કરસનદાસ રણછોડદાસ, કાનજી ખટાઉ, માધવદાસ જેઠાભાઇ, લધા ડોસા, લક્ષ્મીદાસ પુરૂષોતમ આશર, નજુકલાલ નંદલાલ ચોકશી, લક્ષ્મણદાસ કાશીનાથ, ચીમનલાલ માણેકલાલ, વીરજી કાનજી, લક્ષ્મીદાસ પુરૂષોતમ, દ્વારકાદાસ ગોકલદાસ દલાલ, મુલજી રણછોડ વેદ, જમનાદાસ ડુંગરસી, મુલજી કરસનદાસ, કેશવજી રામજી લક્ષ્મીદાસ, ગોવર્ધનદાસ પ્રાગજી, ગોવર્ધનદાસ ગોકલદાસ તેજપાલ, કાલીદાસ ગોવિંદજી, વિઠ્ઠલદાસ કાનજી, રણછોડદાસ હરજીવન, રતનસી હેમરાજ, ગોકલદાસ ધરમસી, કરસનદાસ ઠાકરસી રવજી, સુંદરદાસ ઠાકરસી, મુલજી નાગજી, દામોદર જગજીવન, અને બાઇઓ વાલીબાઇ વિઠલદાસ દામોદર, લીલાબાઇ લાલજી, મોતીબાઇ માધવજી દામોદર, ગોમતીબાઇ લીલાધર ભીમજી, ટમુબાઇ ચત્રભુજ કલ્યાણજી, ઝવેરબાઇ લખમીદાસ ભીમજી, ચતુરબાઇ નેણસી વાલજી, સાકરબાઇ વસનજી દામોદર, જમનાબાઇ ગોવિંદજી માધવજી, શામીબાઇ મુરારજી વેલજી અને ટમુબાઇ ખીમજી હરિ.

શ્રી૦ ત્રિકમદાસ ચકુભાઇ.

શ્રી૦ ત્રિકમદાસ ચકુભાઇએ ઉપલો ઠરાવ રજુ કરતા જણાવ્યું કેઃ—

આપણી જ્ઞાતિનું બંધારણ શિથિલ હોવાની વાત નિર્વિવાદ છે. ઉપાય તરીકે આપણે આ ઠરાવથી કારોબારી સમિતી નેમીએ છીએ. ઉક્ત કારોબારી સમીતીની ફરજ આ પરિષદ્ જે જે ઠરાવો કરે તે પારષદ્‌ની બીજી બેઠક મલે ત્યાં સુધી અમલમાં લાવવા એ છે. ઠરાવો કરીને તેની અમલ બજાવણી ન હોય તો તે ઠરાવો લગભગ નકામા જેવાજ છે. આ સમિતિને સોંપાયલા કાર્ય પૈકી પહેલું કાર્ય પરિષદ્‌ના બંધારણ માટે એક યોજના ઘડી કાઢવાનું છે. બીજી કમીટીઓની માફક આ સમિતિને તે માટે મુદ્દત છ માસની છે. સાથે સાથે મોડામાં મોડી ૧૨ માસની અંદર બીજી પરિષદ્ બોલાવીને તેની બહાલી માટે આખા પ્રાંતના અભિપ્રાયો સાથે આ બંધારણની યોજના રજુ કરવાની ફરજ નાખવામાં આવી છે. પરિષદ માટે ભેગાં કરવામાં આવેલાં ફંડમાંથી બચત રહે તો તે સમિતિને ખરચ માટે મલશે; ટોટો પડે અથવા વધુ નાણાંની જરૂરીયાત માલમ પડે તો ઉઘરાણું કરી તે કાર્યને ગતિમાં મેલવાની સત્તા આપવામાં આવી છે. આ સમિતિનાં બંધારણમાં નવિન અને આવકારદાયક ફેરફાર તે બ્હેનોની આ કાર્યમાં સાથે રાખી મદદ લેવાનો છે. શરૂઆત તરીકે ઓછામાં ઓછી પાંચ બ્હેનો સામેલ રહે તેવી ગોઠવણ છે. કુદરતી રીતે સમિતિને પોતાની આંતર્વ્યવસ્થાના જરૂરી નિયમો ઘડી કાઢવાની સત્તા આપવામાં આવી છે. આપની પાસે વાંચવામાં આવેલા નામોપરથી આપ આ સમિતિમાં કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત, મહારાષ્ટ્ર વગેરે તમામ પ્રાંતોનું તેમજ શ્રીમંત, મધ્યમ, અને ગરીબ વર્ગનું પ્રતિનિધિત્વ જોઈ શકશો. આમાં ૧૧ અગીઆર બ્હેનોના આ સમિતિમાં નામ છે. કોઇ ભાઇ કદાચ એ સવાલ પુછે કે કારોબારી સમિતિમાં બ્હેનોનો શું ઉપયોગ? પણ જેઓને વિષયવિચારણી સમિતિનું કાર્ય નિહાળવાનું સૈભાગ્ય પ્રાપ્ત થયું છે તેઓ તરતજ કહી શકશે કે એમની મદદ વગર ભાગ્યેજ આજે આપણે મળ્યા હોત. વધુમાં બીજા રિવાજો વગેરે સુધારવાના જે ઠરાવો આપણે કરવાના છે તે સર્વેના અમલ માટે એમની મદદ વગર આગળ વધવું લગભગ અશક્ય થઇ પડશે. આટલું કહી હું બેસી જવાની રજા લઇશ.

શ્રી૦ મથરાદાસ હરિભાઇ તથા શ્રી૦ ચીમનલાલ માણેકલાલે ઠરાવને ટેકો આપ્યો હતો.

શ્રી૦ હરજીવન વાલજી.

શ્રી૦ હરજીવન વાલજીએ જણાવ્યું કે મેં એકસંપી માટે આપણે ત્યાં ઘણાએ પ્રયત્નો કર્યા હતા પણ તે નિષ્ફળ ગયા હતા. એક વેળાએ આપણા મહાજનના જમણ વારોમાં આપણે ચોકના દરવાજા સુધી ભેગા બેસી જમતા હતા. આજે આપણી વસ્તી ઘટી ફકત છ હજાર જેટલી રહી છે. આપણે ઉતાવળે ચાલવું જોઇતું નથી. એકદમ ઉતાવળ કરવાથી આપણે પછાત પડીશું. આપણને બંધારણ તો જોઇશે. એક વેળાનાં આપણાં મજબુત બંધારણને લઇને ૨૪૦૦૦ ભટ્ટ ક્ષત્રિયાણીઓએ જોહાર કર્યા હતા એ દિવસની તમને યાદ આપવાની ખાસ જરૂર હું જોતો નથી. માટે આપણે બધારણને તો વળગીનેજ કામ લેવું જોઇએ.

શ્રી૦ નારાણજી દયાલ.

શ્રી૦ નારાણજી દયાળે જણાવ્યું કે આપણી કોમ માટે એવી પરિસ્થિતિ ઉભી થઇ છે કે આપણી કુંવારીઓ તો ઠીક પણ આપણી પરણેલીઓ પણ હાથ રહેશે કે કેમ એ એક સવાલ થઇ પડયો છે. હું જે ગામમાંથી છેલ્લે આવ્યો છું ત્યાંની પ્રજાને તે ભય લાગ્યો છે. આપણે તેથી હવે હઠ છોડી કામ લેવું જોઇએ.

બાદ ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

૩. જ્ઞાતિની અવનતિ થતી અટકાવવા વિષે.

શ્રી૦ કાનજી કરસનદાસે નીચલો ઠરાવ રજુ કર્યો હતો:—

આપણી જ્ઞાતિની ઉન્નતિ કેમ અટકી છે અને જો અધોગતિ થતી હોય તો તે કેવી રીતે અટકાવવી અને જ્ઞાતિને ઉન્નતિ તરફ કેમ લઇ જઇ શકાય તે માટે:—

(અ) આપણી જ્ઞાતિમાં હજી પણ કોઇ સ્થળે કન્યાવિક્રય થાય છે તે પ્રત્યે આ પરિષદ્ પોતાનો સખ્ત અણગમો જાહેર કરે છે.

(આ) આ પરિષદ્ બાળલગ્ન અને વૃદ્ધપુરૂષોનાં લગ્ન બંધ કરવાની ભલામણ કરે છે.

(ઇ) આપણી જ્ઞાતિમાં સારા અને માઠા પ્રસંગોએ કરવામાં આવતા રીતરીવાજો અમલમાં લાવવાનો કુલ્લે આધાર સ્ત્રીવર્ગના હાથમાં હોવાથી, આ પરિષદ્ જ્ઞાતિના સ્ત્રીવર્ગને ખાસ કરીને વિનંતિ કરે છે કે જ્ઞાતિની ઉન્નતિને ખાતર તેમજ જ્ઞાતિની હાલની અને ભવિષ્યની પ્રજાને ભારે ન પડે અને ભવિષ્યની પ્રજા સુખમય જીવન ગાળે તે ખાતર નીચે જણાવેલી સૂચનાઓનો પૂર્ણપણે વહેલો અમલ કરે:—

૧. યજ્ઞોપવીત (જનોઇ) સમયે ધાર્મિક ક્રિયાઓ ઉપરાંત વરઘોડો (ફુલેકા) અને તેવા બીજા ખરચાળ વ્યવહાર અને તેટલા ઓછા કરવા.

૨. આપણી જ્ઞાતિમાં સગપણ સમયે પલ્લુ (સહાય) મુકવાના પ્રચલિત રિવાજ તરફ આ પરિષદ્ પોતાનો સખ્ત અણગમો જાહેર કરે છે.

૩. આપણી જ્ઞાતિમાં વરણી, પરણી તથા સીમંતના અનેક શુભ પ્રસંગોએ 'જયશ્રીકૃષ્ણ,' 'જયગોપાલ' અને 'નાલિયેર' રૂપે રોકડ લેતી દેતીનો જે રિવાજ છે, તે જ્ઞાતિના મધ્યમ અને ગરીબ કુટુંબો ઉપર બહુ ભારે થઇ પડયો છે. તેથી આ પરિષદ્ જ્ઞાતિને અને ખાસ કરીને તેના સ્ત્રીવર્ગને તે લેતી દેતી બંધ કરવા ખાસ આગ્રહ કરે છે. આ કેટલાક રીવાજો મુખ્યત્વે પૈસાપાત્ર કુટુંબો તરફથી વધારવામાં આવતાં તેનું અનુકરણ બીજાઓ કરતા હોવાથી શ્રીમંત વર્ગનેજ આ રીવાજો બંધ કરી દાખલો બેસાડવા આ પરિષદ્ મજબુત ભલામણ કરે છે.

૪. આપણી જ્ઞાતિમાં મરણ જેવા અશુભ પ્રસંગોએ કેટલેક ઠેકાણે ફરજીયાત જમણવારો અને ઉઠમણાંનો વ્યવહાર ચાલુ છે તેનો આ પરિષદ્ સખ્ત નિષેધ કરે છે અને તે જમણવારો તથા ઉઠમણાંનો વ્યવહાર ન કરવાની ભલામણ કરે છે.

શ્રી૦ કાનજી કરસનદાસ.

ઉપલો ઠરાવ રજુ કરતાં શ્રી૦ કાનજી કરસનદાસે જણાવ્યું કે આપણે પ્રથમ વીચારવાનું છે તે આ કે આપણી જ્ઞાતિની અધોગતિ કેમ થઇ? તેનાં કારણો તપાસીશું તો માલમ પડશે કે આપણી નાતના અગ્રેસરો છેલા કેટલા સમય થયા નાતનાં હિતાર્થનાં કામો કરવા અથવા તે બાબતનો વિચાર કરવા ભેગા મળતાજ નહતા; પરંતુ તેથી ઉલટું નાતમાં કોઇની સવેલી કન્યા કોઇ પરણી જાય અથવા એવાજ કોઇ કારણસર કોઇને શિક્ષા કે દંડ કરવાની બાબદ સારૂજ મલતા, જાણે કે નાતનું ભલુ કરવાનું કશુંજ બાકી રહ્યું ન હોય! આથી નાતના લાભો તરફની બેદરકારીને લીધે દિવસે દિવસે નાતની અધોગતિ થતી ગઇ અને પક્ષો પડતા ગયા, અને તેના છેલ્લાં પરિણામે નાતમાં બ પક્ષ પડયા આથી સમસ્ત નાતની સ્થિતિ વગર ધણીઆતી જેવી થઇ ગઇ, અને તેથી યુવાન તથા ઉચ્છૃખલ નાતીજનોને ગમે તેમ વગર અંકુશે વર્તતા જોઇએ છીએ. આવી સ્થિતિ કાંઇક અંશે થશે એવો ભાસ મેં જ્યારે છેલ્લું મહાજનું આજ મહાજનવાડીમાં વિલાયતગમન બાબતમાં ભેગું મલ્યું હતું, ત્યારેજ મને થયો હતો અને તે બાબતમાં મેં શેઠીઆઓનું વિનયપૂર્વક ધ્યાન ખેચ્યુ હતું કે નાતમાં બે પક્ષ થવાથી બહુજ નુકસાન થશે; પરંતુ એ બાબદપર મારૂં કોઇએ સાંભળ્યું નહીં.

હવે હું અત્રે આપ ભાઇઓમાંના દરેક ભાઇને કહુ છું કે નાત એટલે આપણામાંનો દરેક જણ. તો દરેક નાતિલાની ફરજ છે કે મન મોટું કરી થોડી ઘણી વિચારની એક બીજા પક્ષ તરફ છુટછાટ મુકી નાતનું એકત્રપણુ થાય તેવી કોશેશ કરશો. નહિં તો આપણી આગલ જતાં ઘણીજ અધોગતિ થશે; અને તેના દાખલામાં આપણે બીજી ઘણી નાનો જેમાં કોઇ ઉપરી–અકાબર–જેવા નથી તેવી સ્થિતિમાં આવી પડશુ, અને પછી કોઇ કોઇની દાદ ફરીયાદ સાંભળશે નહિં. જેમ હાથને નુકસાન થાય તો શરીરને નુકસાન થયુ તેમ દરેક વ્યકિત નાતનું અંગ છે. માટે, ભાઇઓ, આ બાબદ સર પુખ્ત વિચાર કરશો.

બીજું, અસલ પ્રથમના શેઠીઆઓ નાતની ઉન્નતિ અર્થે હર હમેશાં ભેગા મલી નાતનું ભલું કેમ થાય તે બાબતમાં વિશેષ પ્રયત્ન કરતા હતા, જેનાં પરિણામરૂપી આ ભવ્ય મહાજનવાડીની ચાલીઓ તથા આ મહાજનવાડીના હોલ વગેરેના પ્રત્યક્ષ પુરાવા મલે છે. તો ઉન્નતિના ઉપાયો યોજવા જ્ઞાતિમહાજનોને મારી વિનંતિ છે.

બીજી બાબત કન્યા વિક્રયની છે. એ બાબતમાં મારે આપણા ભાઇઓને કહેવાનું કે "કન્યાવિક્રય" એ શબ્દજ ક્રૂરતા દર્શાવે છે. કન્યાવિક્રય એટલે કન્યાને પરણાવી તેના બદલામાં પૈસા લેવા એના જેવુ અધમ પાપ તો બીજું કોઇ નથી, એમ આપણા પૂર્વજોએ આપણને શીખવ્યું છે, અને તે સારી પેઠે ઠસાવ્યું છે. તે એટલે સુધી કે આપણે છોકરીનાં સાસરીયાંનું, અરે, તેના નજદીકનાં સગાંનું પણ આપણને જરૂર પડે તો પણ પાણી સુદ્ધાં પીતા નથી, અરે એટલુંજ નહીં પણ તેની ચટાઇ ઉપર આપણે બેસતાં નથી. અલબત આ ચટાઇ પર બેસવું ન બેસવું તેમાં પાપ જેવું શું થયું અથવા આપણે કયાં તેમાં પૈસા લીધા? પરંતુ નહીં, આપણા પૂર્વજોએ એમ આપણને બરાબર ઠસાવ્યું છે કે સીધી રીતે દીકરીનો પૈસો

ન લેવો તેમજ પૈસાનાં રૂપમાં કોઇ બીજી ચીજો પણ ન લેવી, તેમજ તેનો વપરાસ પણ કરવો નહીં. હવે આ સિદ્ધાંતથી ઉલટું વર્તન કરીએ તો પાપ પડે એવી આપણા દરેક ભાઇની માન્યતા છે; અને વ્યવહારની બાબદમાં ધર્મનું તત્વ-પાપ પુણ્યનું તત્વ-સામેલ કરવાથી વ્યવહાર બરાબર સચવાય છે. જો તેમ ન હતે તો આજે ઘણાં ઘરોમાં સાસુ સસરાઓ છચોક ધણી થઇ બેઠા હતે.

જેમ કન્યાવિક્રય કરવું તે મહા પાપ છે તેમ કન્યાદાન જેવું કોઇ પુન્ય નથી તે પણ યથાર્થ આપણને સમજાવ્યું છે. આપણી કન્યા વગર પૈસે આપવી એટલુંજ નહીં પણ કન્યાને પરણાવતી વખતે યથાશક્તિ સગાં વહાલાં પણ આપે એવી આપણે ત્યાંની ઉત્તમ રીત કન્યા-દાનનું મહત્ત્વ સમજાવે છે. બીજા જેટલાં દાનો અપાય તેમાં માણસ કાંઇક બદલાની આશામાં દાન આપે છે, પણ એક કન્યાદાન એવુ દાન છે કે જેના બદલામાં માણસ કાંઇ પણ આશા ન રાખે. આમ કન્યાદાનનું મહત્ત્વ ઘણુંજ છે.

કોઇ બ્રહ્મણ પોતાની કન્યા પરણાવે તો તેને આપણે પૈસા આપી તે દાનમાં ભાગીદાર બનીયે છીએ. માટે કન્યાદાન જેવુ અતિ પૂન્ય નથી અને કન્યાવિક્રય જેવું કોઇ અધમ પાપ નથી એ ધ્યાનમાં રાખશો.

ગં. સ્વ જમનાબાઇ ગોવિંદજી માધવજી.

ગં. સ્વ. જમનાબાઇ ગોવિંદજી માધવજી એ ઉપલા ઠરાવને ટેકો આપતાં જણાવ્યું કે આજે આપણી સ્થિતિ ઘણી ખરાબ થઇ ગઇ છે. એનું મુખ્ય કારણ સ્ત્રી કેળવણીનો અભાવ છે. જ્યાં સુધી સ્ત્રિયોને આપણે નહીં કેળવીએ ત્યાં સુધી આપણે ખરા સુધારા કરી શકશું નહીં. વિધવા સ્ત્રિયો સામે બાળ હત્યા વગેરેના આક્ષેપો કરવામાં આવે છે. પણ તેનો તોડ તેઓ સદ્‌વિદ્યા પ્રાપ્ત કરે તે દ્વારા આવી શકે તેમ છે

શ્રી૦ જમનાદાસ ડુંગરસિંહ.

• ઉપલા ઠરાવને ટેકો આપતાં શ્રી૦ જમનાદાસ ડુંગરસિંહે કરેલું ભાષણ નીચે મુજબ છેઃ—

માનનીય પ્રમુખ સાહેબ તથા અત્રે પધારેલા ભાઇઓ અને બ્હેનો,

આ ઠરાવમાં જણાવવામાં આવ્યું છે કે આપણી જ્ઞાતિની ઉન્નતિ અટકી છે. પણ તે કેમ અટકી છે? ભાઇઓ, આ તો દેખીતી વાત છેજ કે તે કુસંપથી અટકી છે અને તેને દૂર કરવા આપણે ભેગા થયા છીએ. જો હજુ આપણે માહો માંહેનો કુસંપ, મમત્વ અને અભિમાન રાખી તથા દુરાગ્રહ ધરી નહીં છોડીશું તો આપણે આપણું ભલુ ભાગ્યેજ કરી શકશું.

હવે આપણી અવનતિ કેમ થઇ તે સવાલ ઉપર હું આવીશ આપણી કોમમાં કન્યા વિક્રય ચાલે છે. તે નિંદ્ય રિવાજને પરિણામે આપણે પાપમય જીવન ગુજારી રહ્યા છીએ. તમારામાંના ઘણા કહેશે કે એ પાપ, વિક્રય કરનાર અને તેને ટેકો આપનારને છે. તે વાતનો હું ઇનકાર કરતો નથી, પણ સાથે સાથે જ્ઞાતિને પણ તે પાપના છાંટા મોટા પ્રમાણમાં ઉડે છે. તે કેમ ઉડે છે તે હું દાખલાથી તમોને સમજાવીશ. કન્યાવિક્રય કયારે થાય છે કે જયારે

ન્યાતમાં પેદાયશ કરતાં ખપત વધુ હોય છે. હવે ગામડાં કરતાં શહેરી જીવન ગુજારવામાં સ્ત્રિયોનું મરણપ્રમાણ વધારે થાય છે અને તે રીતે વખતો વખત સ્ત્રિયો મરવાથી અયોગ્ય ઉમ્મરના શેઠો લગ્નના બજારમાં પોતાની કિંમત અંકાવા નીકળે છે ત્યારે તે બજારના ભાવો હદ બહાર વધી જાય છે; કારણ કે પોતે અનિવાર્ય ખરચ કરી પોતાના કોડ પૂરા કરવા જ્ઞાતિને થતી લાભહાનિ જોતા નહીં હોવાથી ગરીબ અને લાયક જુવાનો પૈસાની કોતાહીથી તે 'શર્ત'માં બે નશીબવાન થાય છે.

તેવાં થયલ લગ્નોનાં પરિણામો ઉપર આવતાં લગ્નગાંઠથી જોડાયલા તે બુઢ્ઢા શ્રીમતો, જુવાન જેટલાં વર્ષો ન જીવે એ કુદરતીજ છે અને તેથી થોડા વખત બાદ નસંતાન વિધવાને અને વિત્તને મુકી જવાના દાખલા મુંબાઇ શહેર તમોને ઘણા પુરા પાડશે. જ્ઞાતિમાં બંધનો ન હોવાથી જ્ઞાતિમાંના કેટલાક ભાઇઓ લાલચુ બની રૂપેરી ગોળીના શિકાર થાય છે, અને તેથી વિધવા કન્યા યોગ્ય લગ્નથી જે સંતતિનો ફાળો જ્ઞાતિના સરવાળામાં આપવો જોઇએ તેથી બેનશીબ રહે છે. બીજી બાજુએ લાયક યુવાન પોતાને ફાળે આવતી કન્યા પૈસાના અભાવે મેલવી નહીં શકવાથી તે પણ ઉપર મુજબ ફાળો આપી શકતો નથી. આ ઉપરથી જાણી શકશો કે ભવિષ્યમાં વધનારી સંખ્યાનું જાણુવા છતાં ખુન કરવામાં આવે છે, અને એ ઘટાડાના પ્રાયશ્ચિત્ત માટે વિક્રય કરનાર, કરાવનાર અને તે ઘટાડો જાણુવા છતાં તે ચલાવી લેનાર જ્ઞાતિજનો જવાબદાર રહે છે; અને તેજ પાપનાં શ્રાપથી ભાટીઆ કોમની અવનતિ થઇ રહી છે, અને અનુભવીઓનાં મત મુજબ ઘટતી સંખ્યા આપણી વસતિને વખત જાતાં નાબુદ કરી દેશે. માટે સવેળા ચેત્યા છો તો બનતું કરશો; કારણ કે ગઇ કાલે આંકડા ટાંકી માનનીય પ્રમુખ સાહેબે આપણા જન્મ કરતાં મરણ સંખ્યા લગભગ બેવડી બતાવી છે. તે ઉપરથી તે કન્યાવિક્રયનો નિંદ્ય રિવાજ અને તેને ટેકો દેનારાં અયોગ્ય ઉમ્મરનાં લગ્નો છે તે નહીં અટકે ત્યાં સુધી વસતીની સંખ્યા વધારવાના પ્રયત્નો ઝાંઝવાનાં જળ પકડવા જેવા છે.

ભાઇઓ, ઠરાવનો બીજો ભાગ વૃદ્ધલગ્ન અને બાળલગ્ન બંધ કરવાની ભલામણનો છે. વૃધ્ધલગ્નથી ઉપર લખ્યા સિવાય એક વધુ પાપ જ્ઞાતિને શિર ઠોકાય છે અને તે એ છે કે તેને પનારે પડેલી યુવાન બાળા જ્યારે વિધવા થાય છે ત્યારે પોતાનાં દુઃખોનાં આંસુ ન સુકવે તે પહેલાં લાગતા વળગતા સંબંધી તરફથી તેને અદાલતોમાં ફરજ્યાત ઘસડવામાં આવે છે, અને તેથી એ યુવાનબાળા રંડાયાના પહેલા તબકકામાંજ બહારની દુન્યાની ઓશીઆળીમાં પડે છે. ભાઇઓ, આ દુઃખોનો તે ત્યારે વિચાર કરી આંતરડી કકળાવનારી વિગતો રજુ કરે છે ત્યારે પાષાણુ પણ ફાટી જાય છે, અને તે દુઃખોના નિસાસા સાથેનાં શ્રાપ, લગ્નમાં જોડનાર, જોડાવનાર, અને જ્ઞાતિમાં નિંદ્ય રિવાજ ચલાવી લેનારને આપે છે, જેનાં પાપે અને શ્રાપે આજે આપણુની નજર સામે ભાટીઆ જ્ઞાતિ છિન્ન ભિન્નપણું ભોગવી રહી છે. માટે અયોગ્ય ઉમ્મરનાં લગ્નના અટકાવ નહીં થાય ત્યાં સુધી બીજા ઉપાય ડાળ પાન કાપનારા છે. માટે એ નિંદ્ય રિવાજરૂપી ઝાડને મૂળથી કાપવામાં ન આવે ત્યાં સુધી વસતિ વધારવાની આશા પણ ઝાંઝવાનાં જળ પકડવા જેવી છે, તો ઘટતું કરશો એવી ઉમેદ રાખું છું.

બાળલગ્ન પણ ઉપર લખ્યા પ્રમાણે વસતિ વધારવાનાં કારણરૂપ નથી. કારણ બાળલગ્નથી પ્રજા જોઇએ તેવી થતી નથી, અને થાય છે તો થોડા વખતમાં એ મા બાપોને રડાવી રસ્તો લે છે, અને તેથી તે રિવાજને પણ નાબુદ કરશો એવી આશા છે.

કલમ નં. (ઇ) ૧ ઉપર આવતાં જ્ઞાતિમાં વધુ પડતા ખરચો, જનોઇના વરઘોડા (ફુલેકા) અને ખરચાળુ રિવાજ બને તેટલાં ઓછાં કરવાનાં છે. ભાઇઓ, ભાટીઆ લગ્નો અને વરઘોડા કાઢવામાં જાણે આપણે વીજળીવાળા અગર વાજાવાળાનાં, કે વાડી માંડવા બાંધનારા મિંયાંનાં ખરચોમાં મદદ કરવામાટેજ કેમ જાણે ખરચ કરતા હોઇએ તેવું થઇ પડયું છે. બીમજીનો દાખલો ખીમજી લે છે અને શકિત ન હોવા છતાં દેખાદેખીનો શોખ જ્ઞાતિમાં ગેરવાજબી ખરચોમાં ગરીબોને ધકેલે છે. તેવા વરઘોડા ભાટીઆ મહોલ્લામાંથી પસાર થઇ સમાપ્ત થાય છે. ભાઇઓ, આ તો જાણીતી વાત છે કે પૈસાદાર તથા ગરીબોને સ્થાનિક રહીશો ઓળખતા હોય છે અને તેથી તેઓ પાસે ડોળ કરવો નકામો ગણાય, કારણ તે સ્થિતિના જાણકાર હોય છે. ત્યારે બહારનાં જે ઓળખતા નથી તેની પાસે મિલિટરી બેન્ડ અગર વીજળીના દીવા એ બધું ફુલણજીપણું ન કરતાં પારસી કોમની માફક સાદાં લગ્નો ગોઠવાય તો લગ્નોની ગાંઠ છુટી ન જાય એ નક્કી છે. તો તે રિવાજ પણ બંધ કરશો એવી આશા છે.

ઠરાવની કલમ નં. (ઇ) ૨ ઉપર આવતાં તેમાં આપણી જ્ઞાતિમાં સગપણો વખતે જે પલ્લું લેવાનો પ્રચલિત રિવાજ છે તે તરફ આ પરિષદ અણગમો જાહેર કરે છે એવું જણાવેલું છે. ભાઇઓ, ઉપરના રિવાજ જેમજ આ પલ્લાંનો રિવાજ કાઢી નાંખવા જોગ છે. ગરીબોના લાયક છોકરા પલ્લું ન ભરી શકવાથી કુંવારાપણામાં રહે છે અને તેથી ગરીબોને અડચણરૂપ થતો એ રિવાજ પણ કાઢી નાખવા યોગ્ય હોવાથી તેને પણ કાઢી નાંખશો એવી આશા છે.

આ સિવાય કલમ નં. ૩/૪ ના ઠરાવો જે જ્ઞાતિમાંની ખરચાળ રીતિયો ઉપર આપણું ધ્યાન ખેંચે છે, તે રીતિયો પણ કાઢી નાંખવાને મારો સંપૂર્ણ ટેકો છે. મેં આજની સભામાં તમો સન્મુખ મારા જે વિચારો જણાવ્યા છે તે કોઇની પણ ટીકા કરવા ખાતર અગર નિંદા કરવા ખાતર નહીં, પણ ભવિષ્યમાં જ્ઞાતિમાં સુધારા દાખલ થાય તો તેમ સમજી બોલવા જરૂર પડી છે, તો તે બાબતમાં કોઇની પણ લાગણીને દુઃખ થયું હોય તો તેની હું દરગુજર ચાહું છું.

શ્રી૦ કાલીદાસ ગોવિંદજી.

શ્રી૦ કાલીદાસ ગોવિંદજીએ ઉપલા ઠરાવને વધુ પુષ્ટિ દેતાં જણાવ્યું કે:—

આપણે આજે અત્રે સર્વે ભેગા થયા છીએ તે જોઇ સૌનાં મનમાં આનંદ થયા વિના રહેશે નહિં. આપણે આજે અત્રે ભેગા થયા છીએ તેનું કારણ સર્વે સમજે છો તેમજ મારી પહેલાં કેટલાક ભાઇઓએ એ બાબત પુરતું વિવેચન કર્યું છે. તો તે માટે નાહક પિષ્ટપેષણ કરી આપનો અમૂલ્ય વખત રોકવા હું માગતો નથી. આપણી જ્ઞાતિમાં કેટલાક કુરિવાજો ચાલુ છે, જેનો સદંતર અટકાવ કરવા પુરતી જરૂર છે. એ કુરિવાજોમાં લગ્ન પ્રસંગે વરઘોડો, ફુલેકું નાલિયર વિગેરેમાં મોટી રકમ ખરચાય છે, તેમજ મરણું પ્રસંગે ઉઠમણામાં સુરો વિગેરે થતાં

ખોટા ખરચો ઘટાડવા પૂરતી આવશ્યકતા છે. આવા ખરચોમાં પહેલ કરનારા મારા શ્રીમંત ભાઇઓ તથા બહેનોને મારી નમ્રતા પૂર્વક અરજ છે કે તેવા ખરચ કરનારા ભાઇઓ તેમજ બહેનોએ એવા ખોટા ખરચ ન કરતાં જ્ઞાતિઉધ્ધારક કાર્યોમાંજ પૈસાનો વ્યય કરી સમસ્ત જ્ઞાતિમાં દાખલો બેશાડશે, એવી અરજ કરી આપનો વધારે અમૂલ્ય વખત ન રોકતાં બેશી જવાની રજા લઉં છું.

શ્રી૦ ત્રિકમદાસ ગોવર્ધનદાસ અને શ્રી૦ ભગવાનદાસ દયાળે ઠરાવને પુષ્ટિ આપી હતી.

શ્રી૦ ગીરધરદાસ કસલચંદ.

વાંકાનેરવાળા શ્રી૦ ગીરધરદાસ કસલચંદે ઉપલા ઠરાવની પુષ્ટિમાં જણાવ્યું કે ભાઇ કાનજી કરસનદાસ તરફથી આપ સમક્ષ રજુ થએલી જુદા જુદા વિષયની દરખાસ્તના સંબંધમાં મારા અગાઉ મારા બીજા ભાઇઓએ આપ સમક્ષ વિવેચન કર્યું છે એટલે એ સંબંધમાં ખાસ વિવેચન કરવા જેવુ હવે રહેતું નથી. તોપણ હું કન્યાવિક્રયના વિષયમાં થોડુંક નિવેદન કરવાની રજા લઉં છું.

કન્યાવિક્રયનો સવાલ એવો છે કે જેના માટે આપણે ચર્ચા કરવી અને વખતનો ભોગ આપવો તેજ શોચનીય છે. આપણી ઉચ્ચ ગણાતી યદુવંશી જ્ઞાતિની ડાયરીમાં પણ એ શબ્દ હોવોજ ન જોઇએ, પણ દુર્ભાગ્યે હજુ પણ આવા દુષ્ટ રિવાજ માટે આપણે આવા સંમેલનોમાં ઠરાવ કરવા પડે છે, તેટલીજ આપણામાં હજુ ખામી છે. અને એ ખામી કોઇ પણ રીતે આપણી કોમમાંથી દૂર થવીજ જોઇએ એ ઘણુંજ જરૂરનું હોવાથી એ વિષય જેટલો શોચનીય છે તેટલોજ અગત્યનો છે. એ સંબધમાં વિશેષ વિવેચન કરવાનું હોયજ નહી. હું પહેલાંજ આપને વિનતિ કરી ચુકયો છું કે આ વિષયમાં કોઇપણ જાતની ચર્ચા કરવી એ આપણા જેવાઓ માટે ઘણુંજ શોચનીય છે. સદ્‌ભાગ્યે એ સડો આપણી કોમમાંથી ઘણે અંશે ઓછો થયો છે, અને હજુ પણ આપણે તે તરફ પૂરતું લક્ષ આપીએ તો આવો દુષ્ટ રિવાજ સદતર બંધ થવો એ કઇ મુશકેલ નથી એ દરેક ભાઇઓ કબુલ કરશેજ. કોઇની પણ લાગણી દુઃખવવી એવો મારો ઇરાદો નથી. અને તે છતાં આ વિષયનું સ્વરૂપજ એવું છે કે જો કદાચ મારાથી કંઇક વધુ પડતું બોલાય તો ક્ષમા યાચું છું.

કન્યાવિક્રય સદંતર અટકાવવાનો એકજ ઇલાજ છે કે વિક્રય કરનાર કરતાં તેને ઉત્તેજન આપનારાઓએજ ઉત્તેજન આપતાં અટકવું. પોતાનો સ્વાર્થ ગમે તેવો હોય છતાં પણ તેવા કામને ઉત્તેજન નહી આપવામાં આવે ત્યારેજ ખરેખર તે રિવાજ નાબુદ થશે એ દરેક ભાઇઓએ ખાસ ધ્યાનમાં લેવાનું છે. આપણેજ તેવા કામમાં ઉત્તેજન આપી સામા માણસને તે કામ કરવા માટે ઠપકો આપવો તેનો અર્થ સ્વાર્થ સિવાય બીજો કોઇજ નથી. એમ નહી તો કન્યાવિક્રય કરનાર અને લેનાર બન્ને પક્ષ માટે જ્ઞાતિમાં સખતમાં સખત કાયદો હોવો જોઇએ, અને તેનો અમલ નિષ્પક્ષપાતપણે બરોબર થવો જોઇએ.

ગૃહસ્થો, હવે વખત વિચાર કરવાનો કે ભાષણ કરવાનો નથી, પણ કાર્ય કરવાનો છે. આજે જે ઠરાવ આપ સમક્ષ મુકવામાં આવ્યો છે તેને આપ અહીં તો પસાર કરશોજ પણ

આપ સર્વને મારી એથી વિશેષ વિનંતિ છે કે આપણે આ પવિત્ર સભામંડપમાં હાજર રહેલા સર્વ બંધુઓએ મન સાથે દૃઢ ઠરાવ કરવોજ કે કોઇએ પણ દુષ્ટ રિવાજને એક યા બીજી રીતે ઉત્તેજન આપવું નહી, એટલુંજ નહી પણ જ્યાં સુધી બની શકે ત્યાં સુધી ઘરમાંથી, શેરીમાંથી, ગામડામાંથી, અને શહેરમાંથી એ રાક્ષસી સડાને અનુક્રમે જેમ બને તેમ જલદીજ દૂર કરવો કે જેથી હવે પછીની પરિષદ્‌માં આ રિવાજ માટે ચર્ચવાનું કારણજ ન રહે.

શ્રી૦ રામદાસ ગોવર્ધનદાસ.

શ્રી૦ રામદાસ ગોવર્ધનદાસે ઠરાવના વધુ ટેકામાં જણાવ્યું કે આપણી ભાટીઆ કોમ ઉંચ લેખાય છે. યદુકુળમાં આપણે ઉત્પન્ન થયા છીએ. તેમાં મરણ પ્રસંગે ઉઠમણામાં સુરો અને કારજોમાં જમણવારો કરવામાં આવે તે ઇચ્છવા યોગ્ય નથી; કારણકે મરનારની પાછળ તેના પુન્યાર્થે જે કાંઇ થાય તે ઉંચ ક્ષત્રિયજ્ઞાતિ તરીકે આપણે ગ્રહણ કરવું તે શાસ્ત્રવિરૂદ્ધ છે.

બાદ ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમ ઉપર ઉપલા ત્રિજા ઠરાવ પછી સ્થળે સ્થળે સ્થળે યોગ્ય ધાર્મિક અને સાંસારિક કન્યા કેળવણી આપવા વિષેના, ભાટીઆ ગ્રેડયુએટોએ પોતાના **એમ. એ.** ના અભ્યાસ દરમ્યાન સ્વૈચ્છિક વિષય તરીકે **"અણુભાષ્ય"** સાથે વેદાન્ત પસંદ કરવા તેમને વિનંતિ કરનારા, તેમજ ભાટીઆ ઘરોમાં રેટીએ સુતર કાંતવાનો રીવાજ ફરી ચાલુ કરવાના ઠરાવો રાખવામાં આવ્યા હતા, પણ તેના સંબંધમાં મતભેદ પડવાથી તે ઉપરનો વિચાર તુરત માટે મુલતવી રાખવામાં આવ્યો હતો, અને પરિષદ્‌એ તે પછી નીચલા ઠરાવો ઉપર વિચાર ચલાવવાનું કાર્ય હાથ ધર્યું હતું:—

૪. ભાટીઆવસતી ગણત્રી વિષે.

શ્રી૦ નારાણજી નરસિંહે નીચલો ઠરાવ રજુ કર્યો હતો:—

'મુંબઇમાં વસતા ભાટીઆ ભાઇઓની ગયે વરસે વસતીની જે ગણત્રી કરવામાં આવી છે અને જેનું કોષ્ટક હાલમાં પ્રગટ કરવામાં આવ્યું છે, લગભગ તે ધોરણે મુંબઇ શહેર અને તેના પરાંઓની બહાર આ પ્રાંતની જ્યાં જ્યાં ભાટીઆ વસતી હોય તેની ગણત્રી કરવી ઇચ્છવા જોગ હોવાથી આ પરિષદ્ ઠરાવ કરે છે કે પરિષદ્‌ની આવતી બેઠક મળતા સુધીમાં તેની ગણત્રીનું કામ કરી લેવું.'

ઉપલો ઠરાવ રજુ કરતાં શ્રી૦ નારાણજી નરસિંહે ભાટીઆ મિત્રમંડળ તથા વૉલન્ટીઅર કોરની મદદ સાથે બહાર પડેલા કોષ્ટક ઉપર ધ્યાન ખેંચતાં તથા ભાટીઆ વસતીમાં જણાયલા ઘટાડા વિષે બોલતાં ઠરાવમાં જણાવ્યા પ્રમાણે આ ઇલાકામાં વસતા ભાટીઆભાઇઓની વસતીની ગણત્રીની આવશ્યકતા જણાવી હતી.

ઉપલા ઠરાવને શ્રી૦ દામોદર ગોવિંદજીએ ટેકો આપ્યો હતો.

૪૪

શ્રી. વિઠ્ઠલદાસ હરિદાસનું વિવેચન.

ઠરાવને પુષ્ટિ આપવામાં શ્રી વિઠ્ઠલદાસ હરિદાસે કરેલું ભાષણ નીચે મુજબ છે:—

પ્રમુખ સાહેબ, ભાઇઓ તથા બ્હેનો,

ભાઇ નારાણજી નરશીએ જે દરખાસ્ત રજુ કરી છે તેને હું અંતઃકરણથી ટેકો આપું છું. આપણી જ્ઞાતિનો એક એવો દિવસ હતો કે જ્યારે ન્યાતમાં જમણવારો થતી ત્યારે લગભગ મહાજનવાડીના દરવાજા બહાર સુધી પંગત જમવા બેસતી, જ્યારે આજ આપણે આવડી મોટી ગુજરાત, કચ્છ તથા કાઠીયાવાડ સુધીના ભાટીઆ ભાઇઓને નોતરી પરિષદ્ ભરી છે ત્યારે એક આટલા ગાળામાં પણ પુરા ભાઇઓ ભેળા થઇ શકયા નથી, જેથી કરી આપણા ભાઇઓની સંખ્યા મુંબઇમાં તથા પરાંઓમાં કેટલી છે તે જાણવાની બહુ જરૂર છે. આપણી જ્ઞાતિનું બંધારણ આટલું નબળું પડી ગયાનું કારણ આપણી નાતના જુના શેઠીયાઓની ઉંઘ છે. જ્યારે આપણી જ્ઞાતિની પડતી થવાની હદ આવવા લાગી ત્યારે એક નાની ભાટીઆ વોલન્ટીયર કોરે આ એક પરિષદ્ ભરી ભાટીઆ કોમની પડતીમાંથી તેને અટકાવવાનો વિચાર કર્યો અને આ પરિષદ્ બોલાવી; જેમાં આપણા મહાજનના શેઠીઆઓ તથા બીજા કેટલાક ભાઇઓને શકા હતી કે હવે વોલન્ટીયર કોર શું કરવાની છે? તેનાથી કાંઈ થવાનું નથી, કોઇ ભેળા થશે નહીં, કોણ ભેળા થાય છે તે જોશું; આવી રીતે માંહોમાહે વાત કરતા હતા તેમાં કેટલાક ભાઇઓએ એવો પણ વિચાર કર્યો હતો કે આપણે કાંઇ કરવું નથી, પણ પરિષદ્‌નાં દર્શનાર્થે જશું. દિલગીર થવા જેવું છે કે આવી વાતો કરવા બદલે જો મહાજનના શેઠીઆઓએ 'છનજે ને પાંજે કુછ' નો આપણી જ્ઞાતિ ઉપર થતો આક્ષેપ મુકી દઇ વોલન્ટીયર કોરે આદરેલા કામને પુષ્ટિ આપી આવા શુભ કામને મદદ કરી હોત તો અત્યારે જે કામ થઇ રહ્યું છે તેનાથી પણ સુંદર કામ તે કરી બતાવત, જેમાં આપણી કોમની શોભા વધત. ખેર, ન્યાતના નાના બચ્ચા તુલ્ય વોલન્ટીયર કોરે જે આ મહાન કામ ઉપાડયુ તેમાં ઇશ્વરની મદદ મલી, જે આપણે હાજરી અને ઉત્સાહથી કામ કરી રહ્યા છે તે ઉપરથી જોઇ શકયા છીએ આપણા ગરીબ ભાઇઓને ન્યાતનાં બંધારણ વગર શું શું ખરાબ દશા ભોગવવી પડે છે તેમાં એક ભાઇ ઉપર બનેલા જુલ્મનો દાખલો હું લંબાણથી રજુ કરી શકતો નથી. કારણ કે મને પ્રમુખ સાહેબની ઘંટડી વાગવાની બ્હીક છે, છતાં પણ ટુંકમાં કહીશ. વધુ વિગત મારા ભાઇ તેરશી કહી શકશે, જે મજકુર બાબતના સંબંધમાં કુળ વાકેફગાર છે. આ વાત મને મારા મિત્ર તરફથી અરધી સાંભલવા મલી છે. એક એવી ટોળી ફરે છે કે કોઇ પણ ગૃહસ્થને કોઇપણ જાતની કન્યા જોઇતી હોય તો તેને ખબર મલ્યે કે તુરત પરણવાની ઇચ્છા કરનાર ગૃહસ્થને મલે અને જોઇતી હોય તેવી કન્યા કોઇ પણ હલકામાં હલકા વરણમાંથી લાવી તેને તેની કીમત ઠરાવી રોકડા લઇ પરણાવી આપે છે. એ ટોળીના સપાટામાં આપણી જ્ઞાતિનો એક ભાઇ આવી ગયો. અગાઉ આ ટોળીને ભોગ કેટલા થયા હશે તેની મને ખબર નથી. તેને એક પરણેલી ધાટણ અમુક રૂપીયા લઇ પરણાવી દીધી. તેમાંથી ૮૦ રૂપીયા ધાટણના જાના ધણીને આપ્યા આ ધાટણના માબાપને તેમની છોકરીના

સુખાકારીના સમાચાર નહીં મલવાથી તે અત્રે આવ્યા, અને પોતાની છોકરીની તપાસ કરતાં તે છોકરી ભાટીઆને પરણાવી દેવામાં આવી છે તેવા ખબર મલતાં તે ભાટીઆનો પત્તો કઢાવી તેની પાસેથી તે છોકરીને દમ ભરાવી ખુચવી લીધી. બીચારા ભાટીઆ ભાઇની પૈસાની તથા આબરૂની આમ બરબાદી થઇ. ભાઇઓ, આવી રીતે આપણા ગરીબ ભાઇઓની આપણા જ્ઞાતિનાં બંધારણ તથા રીત રીવાજોને અભાવે આવી દશા થાય અને આપણે કાંઇ ન કરી શકાયે તો આ આપણે જે ઉચ્ચ કોમમાં ગણાવાનો દાવો કરીએ છીએ તે કરવાનો આપણને હક રહેશે નહી. તો મારા ભાઇઓ તથા બ્હેનોને વિનંતિ છે કે આપણી કોમની જેમ બને તેમ તાકીદે ઉન્નતિ થવા માટે તેની જ્યારે ગણત્રી કરવાને આપણા ભાઇઓ તૈયાર થાય ત્યારે તેને જોઇએ તેટલી મદદ આપશો એવી મારી તમારી પાસે નમ્ર પ્રાર્થના છે.

બાદ ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૫. ભાટીઆ જ્ઞાતિના ઇતિહાસની જરૂરીઆત વિષે.

શ્રી૦ મથુરાંદાસ હરિભાઇએ નીચલો ઠરાવ રજુ કર્યો હતોઃ—

ભાટીઆ જ્ઞાતિને ભાટીઆ ઇતિહાસની અતિ જરૂર છે અને તે ત્વરાએ પ્રગટ થાય એવું આ પરિષદ્ ઇચ્છે છે.

શ્રી૦ પોપટલાલ પુરૂષોત્તમે ઉપલા ઠરાવને ટેકો આપ્યો હતો.

શ્રી૦ નરોતમદાસ જેઠાભાઇએ ઉપલી દરખાસ્તને ટેકો આપતાં વારકો ડી ગામાને પોતાની સફર દરમ્યાન માર્ગ ભુલતાં આફ્રીકા ખેડતા એક ભાટીયા વહાણે કેમ મદદ કરી હતી તેનો દ્રષ્ટાંત આપતાં કોમને તેથી થનારા મોટા લાભો જણાવી તેવા ઇતિહાસની જરૂર ઉપર પરિષદ્નું ધ્યાન ખેંચ્યું હતું.

ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૬. ભાટીઆ પત્રની જરૂર વિષે.

શ્રી૦ રામદાસ રાઘવજીએ નીચલો ઠરાવ રજુ કર્યો હતોઃ—

ભાટીઆ જ્ઞાતિની ઉન્નતિ અર્થેના પ્રશ્નોની ચર્ચા ચાલુ અને છુટથી થઇ શકે તેટલા માટેનાં કોઇ પત્રની જરૂર હોવાથી આ પરિષદ્ પોતાનું તેવું એક માસિક અથવા અઠવાડિક બનતી ત્વરાએ ચાલુ કરવા ઠરાવ કરે છે.

ઉપલો ઠરાવ રજુ કરતાં શ્રી૦ રામદાસ રાઘવજી અન્ય કોમો સાથે સરખાવતા ભાટીઆ કોમ તે દિશામાં પછાત હોવા ઉપર સભાનું ધ્યાન ખેંચ્યું હતું.

શ્રી૦ ગોકલદાસ ધરમસીએ ઉપલા ઠરાવને ટેકો આપ્યા બાદ તે સર્વાનુમતે પસાર થયો હતો.

૭. જ્ઞાતિની વ્યક્તિયો નિર્મિત રકમોના સુવિનિયોગ વિષે.

શ્રી૦ ચત્રભુજ પુરૂષોત્તમે નીચલો ઠરાવ રજુ કર્યો હતોઃ—

આપણા જ્ઞાતિહિત માટે જુદી જુદી વ્યક્તિયોએ નિર્માણ કરેલી રકમોનો ઉપયોગ જે ધારણાથી તે અપાયલી છે તે ધારણાઓ અમલમાં મેલવા શા શા ઉપાયો અત્યાર સુધીમાં લેવાયા છે તેની વિગતો મેળવવી.

શ્રી૦ નારણદાસ પરસોતમે ઉપલા ઠરાવને ટેકો આપતાં જ્ઞાતિહિત ની ધારણાઓથી કહાડવામાં આવતી રકમોનો ઉપયોગ તે તે ધારણાઓ પ્રમાણે કરવાની આવશ્યકતા ઉપર ભાર મેલતાં તે અમલમાં મેલવા શા ઉપાયો લેવાયા છે તેની વિગતો મેળવવાની જરૂર દેખાડી હતી.

બાદ ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૮. વિજાતીય લગ્ન નિષેધ.

શ્રી ઠાકરસિંહ શામજીએ નીચલો ઠરાવ રજુ કર્યો હતો:—

આપણી જ્ઞાતિમાં થયલા વિજાતીય (ભાટીઆ સિવાયનાં) લગ્નનો આ પરિષદ્ સખ્ત નિષેધ કરે છે અને આવા લગ્નો જ્યાં જ્યાં થયાં હોય તે માટે તથા હવે પછી ન થાય તે માટે યોગ્ય પગલાં લેવા તે તે ગામના સ્થાનિક મહાજનને ભલામણ કરે છે.

શ્રી૦ ઠાકરસિંહ શામજીનું વિવેચન.

ઉપલો ઠરાવ રજુ કરતાં ૨૫ ગામ હાલાઇ ભાટીઆ મિત્રમંડળના સેક્રેટરી શ્રી. ઠાકરસિંહ શામજી સંપટે જણાવ્યું કે,

માનવંતા પ્રમુખ સાહેબ તથા વ્હાલા બંધુઓ,

પ્રાચીન કાળમાં આપણી ભાટીઆ જ્ઞાતિ સપ્રેમ ઉન્નતિ અને ધર્મ પરાયણતામાં ડોલતી હતી. તે જ્ઞાતિ સાંપ્રતકાળમાં કુસુંપ, અવનતિ અને અધર્મતામાં ડુબતી ઝોંકા ખાતી દૃષ્યમાન થાય છે તે જોઇ દરેક ભાઇનુ હૃદય બળે એ સ્વભાવિક છે.

માનવજીવનધારી વ્યક્તિની શારીરિક શુદ્ધિ માટે તેને બાહ્ય દોષોથી વિમુખ રાખવા જેમ પવિત્ર સ્નાનની ધર્મશાસ્ત્રોમાં અત્યંત મહત્તા દર્શાવવામાં આવી છે, તેવીજ રીતે તેની માનસિક શુદ્ધિ માટે જે સમૂહમાં તે જીવન વ્યતીત કરતો હોય તેજ જ્ઞાતિગંગામાં વ્યવહાર કુશળ થઇ પોતાની શક્તિ અનુસાર સહાયતા આપવી તેજ તેના જીવનનો અનુપમ લ્હાવો છે.

આપણું જ્ઞાતિરૂપી વ્હાણ હાલમાં હાલક ડોલક દશામાં વહન કરી રહ્યું છે તે સમયે ધર્મનું છેદન કરી નાત વિરૂદ્ધ આચરણ કરી વિજાતીય કન્યા લાવી જ્ઞાતિનાં ગૌરવને હણી ન છાજે તેવું વર્તન રાખવા કરતાં વાંઢા રહેવું એ હજાર દરજ્જે સારૂં છે.

ભાઇઓ, વિચારશો તો જણાશે કે આ દુનિયાદારીનો ખેલ, કરેલાં કૃત્યનાં ફળ મેળવવા માટે છે. દયાળુ પિતા પ્રભુએ તો સૃષ્ટિક્રમ બાંધ્યો છે તે વખતે દરેક જીવને સરખીજ "મુડી" આપી છે; તેમાં વિષમપણું રાખ્યું નથી. હવે જે જે દયાળુ પિતાની આ "મુડી" નો જેવો જેવો વ્યય કર્યો છે અને હજી કરે છે, તેવાં તે ફળ ભોગવે છે, અને તેથી "કરણી એવી પાર ઉતરણી" આ મહાન સિદ્ધાંતને ભુલી જવું ન જોઇએ.

મનુષ્ય, અધર્મનાવાળા "પાપ કર્મ" કરતાં બીલકુલ પાછા વાળી જોતાં નથી. અને પછી તેનાં અનિષ્ટ ફળો ભોગવે તે વખતે કોઇનાં ઉપર દોષારોપણ કરી જ્ઞાતિની અવનતિ કરવા પ્રેરાવું એ અધર્મ બાંધવો નહીં તો બીજું શું ? આ ક્ષણભંગુર સંસાર કે જે અસ્થિર હોઇ મનુષ્યનાં જીવનમરણનાં અવિછિન્ન નિયમ માટે અર્થસૂચક છે તેમાં ઘણાએ જન્મે છે અને મરે છે. પરંતુ જન્મ તેનોજ સફળ છે કે જેનાથી સ્વજ્ઞાતિની ઉન્નતિ થાય છે.

"થયું ન થયું" થતુંજ નથી, અને ગત વસ્તુનો શોચ કરવો એ વાજબી નથી. માટે "જાગ્યા ત્યાંથી સવાર" જાણી, આ સુવર્ણ તકનો લાભ લઇ, સ્વજ્ઞાતિઅભ્યુદયનાં જુદા જુદા અંગોનો દીર્ઘ દૃષ્ટિએ વિચાર કરી પરિષદરૂપી જ્ઞાતિગંગામાં દીવ્ય સ્નાન કરવા ચુકવું નહીં જોઇએ. છેવટે હું સર્વે ભાઇઓને વિનવું છું કે આપણી જ્ઞાતિ બહુ રગદોળાણી છે તેવા સમયે ઇશ્વર સૌ ભાઇઓને સદ્બુદ્ધિ આપો એવી પરમાત્માને મારી પ્રાર્થના છે.

શ્રી૦ રામદાસ કરસનદાસે ઠરાવને ટેકો આપ્યા બાદ તે સર્વાનુમતે પસાર થયો હતો.

૯. મકાનોની તંગી વિષે.

શ્રી૦ હરજીવન વાલજીએ નીચલો ઠરાવ રજુ કર્યો હતો:—

મુંબઇમાં હાલ રહેવા માટેનાં મકાનોની જે તંગી જોવામાં આવે છે અને જે મકાનો મળે છે તેનાં ભાડાં ગરીબ તેમજ મધ્યમ વર્ગને પોષાય તેવા નથી અને તેથી મધ્યમ ભાડાંના હવા ઉજાસ તથા સગવડવાળા મકાનોની જરૂર આ પરિષદ પીછાને છે અને તેવાં મકાનો તુરત સગવડ પડતા સ્થળોએ ઉભા કરવા આ પરિષદ જ્ઞાતિના ધનિકોને ભલામણ કરે છે.

શ્રી૦ હરજીવન વાલજી.

ઉપલા ઠરાવના ટેકામાં શ્રી૦ હરજીવન વાલજીએ જણાવ્યું કે છેલ્લી લડાઇએ અહીં ઘણી મોંઘવારી કરી દીધી છે. આપણને આરોગ્યતાની આ શહેરમાં ઘણી જરૂર છે. આપણે ત્યાં બાળાશ્રમો સ્થપાયા ત્યારે સૌ પૂછતા કે શું ભાટીઆના છોકરા ભીખ સ્વીકારશે ? તેમને તેમની શી જરૂર છે ? આજ અહીંના આપણા બાળાશ્રમમાં ૨૦૦ બાળકો શીખે છે. એ તે સંસ્થાની જરૂર પુરવાર કરે છે. સેનેટેરીઅમોના સંબંધમાં પણ એક વેળાએ તેવુંજ મનાતું. આજે આપણી ભાટીઆ સેનેટેરીઅમોમાં જગાએ ખાલી જડવી મુશકેલ છે. તેજ રીતે આપણે સારાં સગવડવાળાં મકાનોના સંબંધમાં સમજવું. આપણે ત્યાં કરોડાધિપતિયો છે છતાં ગલીચમાં ગલીચ મકાનોમાં આપણી વસ્તીને સડવું પડે એ શોચનીય છે.

શ્રી૦ જીવરાજ ગોકલદાસ નેણસી.

શ્રી૦ જીવરાજ ગોકળદાસે મકાનોની જરૂર ઉપર ભાર મેલતાં શ્રી૦ મથુરાદાસ હરીભાઇએ તેવું મકાન ભાટીઆઓ માટે ચીરા બજારમાં લેવા વિષેનો શુભ દ ખવો આપતાં સહકારી ધોરણે ભાટીઆ સંસ્થાનો સ્થાપવાની જરૂર દર્શાવી હતી, તથા જણાવ્યું હતું કે આ કોન્ફરંસરૂપી રેલ્વે ટ્રેન જ્ઞાતિ અવનતિનાં સ્ટેશનેથી ઉપડી ચુકી છે તેને જ્ઞાતિ ઉન્નતિનાં સ્ટેશને પહોંચવું છે. આ ટ્રેનમાં જુના વિચારવાળા, નવા વિચારવાળા,

સ્વતંત્ર વિચારવાળા અને મૉડરેટ વિચારવાળા પહેલા, બીજા, ઇન્ટર અને ત્રીજા વર્ગના ડબ્બાઓ જોડેલા છે, તેમજ સ્ત્રીઓ માટેના ખાસ ડબ્બાઓ જોડેલા છે. ટ્રેનના ગાર્ડરૂપી પરિષદ્‌ના પ્રમુખ ભાઇ પુરૂષોત્તમ વિશ્રામ માવજી તથા બ્રેકસમેન તરીકે ભાઇ પુરૂષોત્તમ જીવણદાસ મુળજીની નિમણુંક કરી છે, અને જ્ઞાતિનું એકત્રતારૂપી એન્જીન, સંપરૂપી એક સાથે જ્ઞાતિ બંધારણરૂપી ડ્રાઇવરના હાથે પોતાની મુસાફરી શરૂ કરે છે. આ કોન્ફરન્સરૂપી ટ્રેનને કન્યા વિક્રય, પુનર્લગ્ન તેમજ જ્ઞાતિ બહાર થતા લગ્નોરૂપી ખાડીઓ, તથા પલ્લાની વધી ગયેલી દુષ્ટ રૂઢી, તેમજ સ્વચ્છંદતારૂપી ગુફાઓમાંથી સહીસલામત મુસાફરી કરવાની છે. વળી જ્ઞાતિની ઘટતી જતી સંખ્યા તરફ 'ડેન્જર' સિગ્નલ ડ્રાઇવરનું ધ્યાન ખેંચી રહી છે. કોન્ફરન્સરૂપી આ ટ્રેન ધીરે ધીરે આપણા ભાઇઓ તેમજ બહેનોની મદદથી જરૂર ઉન્નતિના માર્ગરૂપી સ્ટેશનને પહોંચશે એવી મારી ખાત્રી છે.

શ્રી૦ મુલજી રણછોડ વેદ તથા શ્રી૦ નજુકલાલ નંદલાલે ઠરાવને ટેકો આપ્યા બાદ તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૧૦ કન્યા કેળવણી વિષે.

શ્રી૦ સુંદરદાસ ધર્મસિંહે નીચલો ઠરાવ રજુ કર્યો હતો:—

આપણી જ્ઞાતિની ઉન્નતિ માટે સ્થળે સ્થળે યોગ્ય ધાર્મિક અને સાંસારિક કન્યાકેળવણી અપાય તે માટે ઘટતો પ્રયત્ન કરવો.

શ્રી૦ સુંદરદાસ ધર્મસિંહ.

ઉપલો ઠરાવ રજુ કરતાં ભાઇ સુંદરદાસ ધર્મસિંહે કરેલું ભાષણ નીચે મુજબ છે:—

ભાઇઓ, મારા હાથમાં મુકવામાં આવેલી દરખાસ્ત ખાસ ઘણીજ અગત્યની છે; કારણ કે ભવિષ્યની આપણી પ્રજાનો આધાર આ સવાલ ઉપર રહેલો છે. જો ઘરનો પાયો કાચો હશે તો તેની ઉપર મજબુત ઘર બાંધવાની આશા તદ્દન ફોકટ છે. માટે પાયો પાકો કરવાની ખાસ જરૂર છે. હાલમાં જે કેળવણી આપણી બાળકીઓને મળે છે તે પુરૂષોને અપાતી કેળવણીને તદ્દન મળતી છે અને તે કેળવણી આપણને બંધ બેસતી નથી. આપણને ખાસ આપણા ઘરસંસાર તથા ધર્મના નિયમોને બંધબેસતી કેળવણી આપણી બાળકીઓને અપાવવાની ખાસ જોગવાઇ થએલી જોવાને હું આતુર છું. પ્રમુખ સાહેબ, તથા ભાઇઓ, આપણી જ્ઞાતિની અંદર જે કાંઇ પણ ખામીઓ જોવામાં આવે છે તે આ ખામીનેજ આભારી છે. જો આપણી ભવિષ્યની માતાઓને આપણી હાલની પરિસ્થિતિનું જ્ઞાન આપવામાં આવે તો હું ધારૂં છું કે તેઓ આપણને ખાસ મદદરૂપ થઇ પડશે. આ બાબતમાં હું બોલવા ઉઠયો તે પહેલાં પૂજ્ય માતુશ્રી જમનાબાઇએ તમારી સમક્ષ, સ્ત્રીઓને શું જોઇએ છે તે અસરકારક રીતે સમજાવ્યું છે અને તે ખામીઓ કેવી રીતે દૂર થાય તેની રૂપરેખા પણ તેમણે આપી છે. હું પણ તેઓના કહેવાને તદ્દન મળતો છું. આપણી ભવિષ્યની પ્રજાનો આધાર તેમની

માતાઓને મળતા શિક્ષણ ઉપર છે અને તે માટે તે શિક્ષણને જેમ સરળ બનાવી શકાય તેમ તે આધાર મજબુત થશે.

હાલમાં અપાતું શિક્ષણ ખામી ભર્યું છે એ નિર્વિવાદિત છે, અને મારા મત મુજબ તેમાં નીચે પ્રમાણે ફેરફાર કરવાની જરૂર છેઃ–હાલમાં અપાતા ભાષાજ્ઞાનની તો ખાસ જરૂર છે. તે ઉપરાંત ભૂગોળ, ગણિત તથા ઇતિહાસની પણ જરૂર છે. પણ ઇતિહાસમાં આપણી જ્ઞાતિએ જે ભાગ ભજવ્યો છે તે જુદો કાઢી તેનું ખાસ જ્ઞાન અને આપણી ભૂતકાળની સ્ત્રિયોએ જે ભાગ ઇતિહાસમાં ભજવ્યો છે તેનું ખાસ બારીક જ્ઞાન આપવાની જરૂર છે. તે ઉપરાંત ઘરસંસારનું તંત્ર ચલાવવા માટે ખાસ હીસાબી જ્ઞાન તથા ગૃહોપયોગી પાકશાસ્ત્ર, સીવણ, ભરત તથા ઘરની સુઘડતા વગેરેના જ્ઞાનની પણ જરૂર છે. જે ખામી છે તે તેઓને વૈદકજ્ઞાન, તથા માંદાઓની માવજત કેમ કરવી તેનું ખાસ જ્ઞાન આપવાની જરૂર છે તથા સાદાઇના નિયમોનું પાલન પણ તેમની પાસે કરાવવાની જરૂર છે; કારણ કે આપણી કમાણીનો મોટો ભાગ તેમને માટે ફૅશનેબલ કપડાંલત્તાં કરાવવા પાછળ ખરચાઇ જાય છે. જો તેઓને પોતાને હાથે ખાસ રેંટીઆ ફેરવી પોતાને માટે તથા કુટુંબ માટે જોઇતા કાપડ માટે સુતર ઘરમાં તૈયાર કરવાનું શીખવવામાં આવે તો તેઓ પોતાનો જે સમય નકામી વાતો તથા નકામા ટાહેલાં કરવામાં તથા પાનાં વગેરે રમવામાં કાઢે છે તેનો સદ્‌પયોગ કરતાં શીખે તો તે તેમના કુટુંબ તથા દેશને પણ ઉપયોગી થઇ પડશે.

હાલમાં જે ભીરૂતા તેમનામાં જોવામાં આવે છે તે દૂર કરવા માટે આપણી સ્રીઓને આપણી ભૂતકાળની માતાઓએ જે પરાક્રમો કરી બતાવ્યા છે તેનું ખાસ જ્ઞાન આપવાની જરૂર છે. તે માટે ઇતિહાસમાંથી તેવા ફકરાએ કાઢી તેને માટે જુદું પુસ્તક તૈયાર કરાવી તેનું શિક્ષણ આપવાની ખાસ જરૂર છે કે જેથી અને ભવિષ્યમાં તેઓ પોતાનો સ્વતંત્ર રીતે આફતના વખતે બચાવ કરવાને સમર્થ થાય.

•હાલમાં ધર્મના જ્ઞાનનું તેઓને કંઇ પણ શિક્ષણ મલતું હોય તેમ લાગતું નથી તો પ્રમુખ સાહેબ, તથા ભાઇઓ, તેવા શિક્ષણની જોગવાઇ આપણે કરી આપવી એ આપણા બધા ભાઇઓની ફરજ છે. ધર્મના સવાલમાં ઉંડા ન ઉતરતાં ધર્મના જે નિયમો ખાસ બધા ધર્માચાર્યોએ સ્વીકાર્યા છે તે શીખવવાની ખાસ જરૂર છે તો તે માટે ખાસ પુસ્તકો તૈયાર કરાવી આપવા એ આપણું કર્તવ્ય છે. હું આશા રાખું છું કે આપણા શ્રીમંત ભાઇઓ પોતાનો ઉદાર હાથ આવા કામો માટે લંબાવશે. તે માટે વખત ફાજલ પાડવા હું હવે બે શબ્દો બોલી તમારી પાસે બેસી જવાની રજા માગીશ.

જે શ્રીમંત ભાઇઓ અત્રે હાજર છે તેઓ તથા જે આ પરિષદમાં હાજર થયા નથી તેમને મારી ખાસ વિનંતિ છે કે તેઓએ પોતાનો ઉદાર હાથ આ શિક્ષણ માટે લંબાવવો અને આ પરિષદ્ તરફથી જે ખાસ કમિટી નેમાઇ છે તેને આ સવાલ ઉપાડી લઇ તેને કેવી રીતે વ્યવહારમાં મુકી શકાય તેના ઇલાજ સૂચવવા.

ઉપલા ઠરાવને શ્રી૦ ત્રિકમદાસ ચકુભાઇ, શ્રી૦ જમનાદાસ ડુંગરસિંહ, શ્રી૦ વલ્લભદાસ નરસિંહ અને શ્રી૦ નરોત્તમ જેઠાભાઇએ ટેકો આપ્યા બાદ તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

અત્રે ૫–૩૦ (સ્ટા. ટા) વાગે પરિષદ્ ચા માટે ઉઠી હતી.

ચા પછીની બેઠક.

પરિષદ્ ૬–૩૦ વાગે પાછી મળતાં પ્રમુખે જણાવ્યું કે નીચલા ઠરાવવાળી બાબતના સંબંધમાં મતભેદ હોવાથી એ પ્રમુખસ્થાનેથી રજુ કરવામાં આવશે; પ્રમુખસ્થાનેથી રજુ થતા ઠરાવ ઉપર ચર્ચા હોઇ શકે નહીં અને તેથી તે રજુ થતાં તે ઉપર ફક્ત મતજ લેવામાં આવશે.

૧૧. જ્ઞાતિમાં ધાર્મિક શિક્ષણના પ્રસાર વિષે.

પ્રમુખે તે પછી નીચલો ઠરાવ રજુ કર્યો હતો:—

(અ) આપણી જ્ઞાતિના એક પારમાર્થિક વીરનર શેઠ કરસનદાસ નાથાએ પોતે અત્રે સ્થાપેલી ભાટીઆ હાઇસ્કુલમાં વાલભ સંપ્રદાયનાં જે શિક્ષણનો પ્રબંધ કર્યો છે, તે માટે આ પરિષદ્ તેમને ધન્યવાદ આપે છે.

(આ) આ પરિષદ્ મુંબઇ ઇલાકાના ભાટીઆ ગ્રેડયુએટોને વિનંતિ કરે છે કે **એમ. એ.** માં જ્યાં તેઓ સ્વૈચ્છિક (optional) વિષયની પસંદગી કરે ત્યાં તેઓએ બને ત્યાં સુધી શ્રીમદ્દવલ્લભાચાર્યપ્રણીત " **અણુભાષ્ય** " ના અભ્યાસનો વિષય લેવો.

(ઇ) મુંબઇ યુનીવરસીટી ઉપરાંત દેશની સરકારી કે અર્ધ સરકારી તથા રાષ્ટ્રીય વિદ્યાપીઠો તરફથી પોસ્ટ-ગ્રેડયુએટ (post-graduate) અભ્યાસ દરમ્યાન જ્યાં "**અણુભાષ્ય**" ના અભ્યાસ માટેનો પ્રબંધ ન હોય ત્યાં તે કરવા આ પરિષદ્ તે વિદ્યાપીઠોના નીયામકોને અને કોમના ધનિકોને વિનંતિ કરે છે.

(ડી) આપણી જ્ઞાતિનું ધર્મઅંગ તદ્દન નબળું પડી જવાથી વાલ્લભ સંપ્રદાય કે જેને આપણી કોમની બહુમતિ અનુસરી રહી છે તેનું અપ્રસિધ્ધ સંસ્કૃત સાહિત્ય પ્રસિધ્ધ કરવા આ પરિષદ્ સંપ્રદાયના ગોસ્વામી મહારાજશ્રીઓને અને કોમના ધનિકોને ખાસ આગ્રહ કરે છે.

ઠરાવ ઉપર મત લેવાતાં તે ૧૭ વિરૂધ્ધ મોટી બહુમતિએ પસાર કરવામાં આવ્યો હતો.

૧૨. રેંટીઆ વિષેનો ઠરાવ.

પ્રમુખે નીચલો ઠરાવ રજુ કર્યો હતો:—

જ્ઞાતિને ઉન્નતિ તરફ કેમ લઇ જઇ શકાય, તેનાં એક સાધન તરીકે તેમજ જ્ઞાતિની આર્થિક સ્થિતિમાં કેમ સુધારો થાય આ હેતુ લક્ષમાં રાખીને આ કૉન્ફરન્સ માને છે કે અસલના વખતમાં દેશમાં આપણાં ઘરોમાં રેંટીએ સુતર કાંતવાનો જે રીવાજ હતો, તે ફરી ચાલુ કરવો, અને આવી રીતે કંતાઇને તૈયાર થએલા સુતરમાંથી કૌટુંબિક કપડાં વણાવી પહેરવાં.

ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૧૩. મહાજન કમિટિનો આભાર.

પ્રમુખે નીચલો ઠરાવ રજુ કર્યો હતો:—

પરિષદનાં કાર્ય માટે હાલાઇ ભાટિઆ મહાજનવાડીનો ઉપયોગ કરવા દેવા સારૂ તેની કમિટીનો આ પરિષદ્ આભાર માને છે.

ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

અત્રે પરિષદનો ફ્લૅશ લાઇટથી ગ્રૂપ-ફોટો લેવામાં આવ્યો હતો.

પ્રમુખનો ઉપકાર.

છેલ્લે પ્રમુખનો ઉપકાર માનવાની દરખાસ્ત રજુ કરતાં શ્રી૦ લક્ષ્મીદાસ રવજી તેરસીએ નીચે મુજબનું ભાષણ કર્યું હતું:—

શ્રી૦ લક્ષ્મીદાસ રવજી તેરસી.

ભાઇઓ, આ આપણી પરિષદે શું કામ કર્યું છે એ હવે વધુ કહેવાની જરૂર નથી. પ્રમુખે આપણને જે વાજબી સલાહ આપી છે તે આપણે સાંભળવી જોઇએ. સેવામાં માન છે એ આપણે ભૂલવું જોઇતુ નથી. તમો તો આ જાણો છોજ કે સેવા વિના મેવા નથી. પણ સેવા કરવી એમ કહેવું એ એક વાત છે અને તે કરી દેખાડવી એ જુદી વાત છે. જ્યાં સુધી ન્યાતમાં સેવા તરીકે કામ થશે નહીં, ત્યાં સુધી તે ટકશે નહીં. આપણા દાદા કૃષ્ણ પણ સેવક હતા. તો આપણે સેવા કરતાં શરમાવું શા માટે જોઇએ? જે દહાડેથી મહાજનના શેઠો નાતની સેવા કરવાનું ભૂલ્યા, ત્યારથી આપણી નાતની અધોગતિ થઇ છે. અહીંઆ તમો સન્મુખ શેઠ ચત્રભુજ મુરારજીની છબી છે. એ ભાઇ સાથે હું ઘણીએ બાબતમાં મળતો હતો નહીં, છતાંએ તેઓ પોતાને ન્યાતના શેઠ તરીકે નહીં પણ સેવક તરીકે ગણાવતા અને ન્યાતીજનોને ગુપ્ત મદદો કરતા હતા. અહીં બીજી છબી શેઠ મુલજી જેઠાના કુટુંબના ભાઇ વલ્લભદાસ વાલજીની છે. તેમના સંબંધમા તો મારે કહેવુંજ શું? મુલજી જેઠાની પેઢીમાં આજે જેટલા ભાટીઆઓ ચાકરી છે, એવી બીજી એકે ભાટીયાની પેઢીની તમોને ખબર હોય તો મને કહો? આ છબી શેઠ લક્ષ્મીદાસ ખીમજીની છે. તેમનું નામ લેવું ને પગે લાગવું બરોબર છે. શેઠ ગોકલદાસ તેજપાલે આપણી જ્ઞાતિ ઉપર કરેલા ઉપકાર વીસરાય તેમ નથી. મારા ઉપરી શેઠ વસનજી ખીમજીએ કરેલું કામ ભૂલાય તેવું નથી. તેમની સાથે મેં કામ કર્યું છે તે ઉપરથી કહીશ કે તેઓમાં મગરૂરી ન હતી કે પોતે શેઠ છે. શેઠ ગોવિંદજી ઠાકરસી મુલજીએ પણ આપણી જ્ઞાતિની સેવાઓ કરી છે. આમ આ શેઠીઆઓએ ન્યાતિના શેઠ તરીકે નહીં પણ સેવક તરીકે ન્યાતની સેવા બજાવી છે. તેમની જેમ હવે જેઓ મોટા છે તેમણે બજાવવાનું છે.

પરિષદનું કામ આપણે પૂરૂં થયલું માનવું જોઇતું નથી. ખરી રીતે તો તે હવે શરૂ થયું છે. અહીં ઠરાવ કર્યાથી આપણું કામ પાર નહીં પડે. હું જે કહેવા માગું છું તે આ કે જ્ઞાતિએ બહાર કહાડેલાઓ અહીંઆ વાડીમાં મળશે એ કોઇએ જાણતું ન હતું. પણ જુદે જુદે માર્ગે વહેતી નદીઓ અહીં આજે મળી છે એ સંતોષની વાત છે. ધાર્મિક બાબતો અહીં ચર્ચા માટે આવી છે તે

ન આવી હોત તો ઠીક થાત. ધર્મ કોઇના ઉપર ઠસાવાય તેમ નથી. મનમાં કોઇપણ જાતનો તે બાબતમાં ભ્રમ રાખી અહીંથી જશો નહીં. તમો સન્મુખ 'શાંતિ ધરો' નો આ બોરડ તમો જુઓ છો, તેમ શાંતિ રાખજો.

આ પરિષદમાં આપણે ચાલીઓ બાંધવા, ઇતિહાસ પ્રગટ કરવા વગેરેના "ઠરાવો" કર્યા છે. પણ એક વ્યાપારી કોમ તરીકે તેનો **અમલ** કરાવવા આપણે જોઇતું કરી ઉઠયા નથી. એક વેપારી કોમ તરીકે આપણે અહીં પૈસા ભેગા કર્યા હોત, પણ તેવું આપણે કર્યું નથી. પણ સાંજ પડી તેથી રાત થઇ એમ માનશો નહીં. આપણે જ્ઞાતિની દાઝ ધરી કામ લેવું જોઇએ. તે દાઝ હશે તો આપણે કામ કરી શકશું. આપણે એકઠા થઇ આપણું સંગઠન કરશું તો આપણને કોઇ છુટા પાડી શકે તેમ નથી. હું હમેશ કહેતો આવ્યો છું કે Mahajans may come and Mahajans may go, but I go on for ever એટલે "મહાજનો આવે અને જાય, પણ આપણી જ્ઞાતિ જેમની તેમ રહેશે." જ્યાં સુધી આપણે સૌને સરખા ગણીશું, ત્યાં સુધી આપણી જ્ઞાતિની મજબુતી જેમની તેમ રહેશે. આપણે નીચામાં નીચા સાથે પણ મળી કામ કરવું. (Man who is level with the lowest) નીચામાં નીચો થઇ એક ભાઇ ઉતરે નહીં ત્યાં સુધી તે કાંઈ પણ કામ કરી શકે નહી. ફરીને હું કહીશ કે આપણા કૃષ્ણ દાદાએ જે કહ્યું છે અને જે ઉપર આપણા પ્રમુખ ભાઇએ ખાસ ધ્યાન ખેચ્યું છે તે ધ્યાનમાં રાખજો. તેમણે આપણને શું કહ્યું છે? એજ કે "**પરંતપ, તું ઉઠ, તારૂં કર્મ કર.**" આપણે પણ તેમ ઉઠી કર્મ કરવાનું છે. આપણે આપણા બાપના કુવામાં ડુબવાનુ નથી. ગીતા આપણા દાદાની છે, એ આપણે ન સમજીએ ત્યાં સુધી સૌ ખોટું છે. દુન્યામાં મોટામાં મોટું પુસ્તક ગીતા છે. ને આજથી વાંચતાં શીખશો તો ધર્મ અને અધર્મ સમજી શકશો. ફરીથી હું આપના તરફથી આપણા પ્રમુખનો આભાર માનું છું. આપણા પ્રમુખનુ નામ પુરૂષોત્તમ છે, આપણી સ્વાગત કમિટીના પ્રમુખનું નામ પણ પરષોત્તમ છે. પુરૂષોત્તમ એટલે શું તે તમો જાણો છો? પુરૂષોમાં ઉત્તમ તે પુરૂષોત્તમ. આપણા પ્રમુખને હું કહીશ કે તમો પુરૂષોમા ઉત્તમ તરીકે વર્ત્યા છો તેમજ **હવે પછી** વર્તજો. આ તમોને ફુલોના હાર પહેરાવ્યા છે તે હાર સમજશો નહીં. પરિષદે તમારી ઉપર નાંખેલા ફરજની બેડી તેને માનજો. એનો બદલો પૈસાથી વળશે નહીં. તે સેવાથી વળશે એ ભુલતા નહીં

હું ફરીને **સૌને** કહીશ કે ફુલાઇ જતા નહીં. પરિષદ ખલાસ થઇ નથી. એક ભાટીઆ તરીકે અહીં આવ્યા તેનાથી સવાગણા થઇ બહારે નીકળજો, ત્યારે ખરૂ કામ કર્યું કહેવાશે.

શ્રી૦ તેરસીએ તે પછી પરિષદના અધ્યક્ષ અને સ્વાગત કમિટીના પ્રમુખને પુષ્પહારો તાળીઓના અવાજો વચ્ચે પહેરાવ્યા હતા.

શ્રી૦ મુલજી રણછોડ વેદે પ્રમુખનો આભાર માનવાની દરખાસ્તને ટેકો આપ્યા બાદ દરખાસ્ત તાળીઓના અવાજ વચ્ચે પસાર થઇ હતી.

પ્રમુખનો ઉત્તર ને સમારોપ.

પરિષદ્‌ના પ્રમુખ ભાઇ શ્રી૦ પુરૂષોત્તમ વિશ્રામ માવજીએ પોતાના માનવામાં આવેલા ઉપકારનો જવાબ આપતાં કરેલું ભાષણ નીચે મુજબ છેઃ

સ્વાગત કમિટીના પ્રમુખ ભાઇશ્રી, સુજ્ઞ બ્હેનો, વડિલો તથા બંધુઓ,

આપણી આ પરિષદ્‌ની કાર્યવાહી પુરી થઇ છે. જે શાંતિ અને ઉત્સાહથી આપ સર્વ બંધુઓ અને સન્નારીઓએ આ કાર્ય પાર ઉતાર્યું છે તેને માટે સર્વેને ધન્યવાદ ઘટે છે. આ પરિષદ્ નક્કી થઇ ત્યારથી ઘણાઓનાં મનમાં એની ફત્તેહ માટે શંકા હતી અને આનું પરિણામ શું આવશે તે સંબંધી અનેક તરેહના વિચારો દર્શાવાતા હતા. પ્રભુ કૃપાથી આ સર્વ ભય ખોટો નીવડયો છે અને શાંતિ અને સંગીન કાર્યની આશા સહીત આ પરિષદ્‌નું કાર્ય આજે પુરૂં થયું છે. આપે મને પ્રમુખસ્થાન આપી જે ઉપકાર મારા ઉપર કર્યો છે તેના કરતાં પણ વિશેષ મને આ પરિષદ્‌નું કાર્ય યશસ્વી અને ફત્તેહમંદ બનાવવામાં સહાય આપી તે દ્વારા થયો છે. તે માટે હું આપ સર્વનો આભારી થયો છું. આ પરિષદ્‌નાં કાર્ય માટે સર્વ યશ આપ બંધુઓ અને સન્નારીઓને ઘટે છે.

પરિષદ્‌માં આપણી કોમના હિતના અનેક પ્રશ્નો ચર્ચાયા છે. શાંતિ અને ધીરજથી કેટલાક બંધુઓએ વિવાદગ્રસ્ત પ્રશ્નોને માટે દબાણ નથી કર્યું અને એ પ્રશ્નોના નિરાકરણ માટે ભવિષ્ય પર આશા રાખી ધીરજ દર્શાવી છે તે માટે તેમને પણ ધન્યવાદ ઘટે છે. આપણી પરિષદ્ તદ્દન નાનું બાળક છે. તે કાળે કરી સુદૃઢ અને મ્હોટી બને તે પ્રસગે આવા વિવાદગ્રસ્ત પ્રશ્નોની ચર્ચા ઝીલવાને તે વિશેષ સમર્થ થઇ શકે ત્યાં સુધી એ પ્રશ્નોને લંબાવવામાં મ્હોટું ડહાપણ અને વ્યવહારકુશળતા દર્શાવાયા છે.

આપનો સમય બહુ ગયો છે. ચર્ચા પણ રૂડી રીતે થઇ છે. એટલે હવે હુ વિશેષ નહીં કહીશ. માત્ર ભાટીઆ વૉલન્ટીઅર કોર તથા કાર્યવાહી મંડળીના બંધુઓએ અને સેક્રેટરીઓ વિગેરે અધિકારીઓએ આ પરિષદ્‌ને વિજય આપવાને જે અથાગ શ્રમ લીધો છે તે માટે આપ સર્વ તરફથી તેમનો ઉપકાર માનવાની રજા લઇશ. ભાટીઆ વૉલન્ટીઅર કોર માત્ર આ પરિષદ્ ભરવાનું નક્કી કરી બેસી રહી નથી. પણ તેની કાર્યવાહી અને વ્યવસ્થામાં પણ તેણે બહુ અગત્યનો ને આગળ પડતો ભાગ લીધો છે, અને તે માટે તેને ધન્યવાદ ઘટે છે. પ્રભુ! એ કોરને કોમના ઉત્તરોત્તર હિતમાં વધારે ને વધારે ભાગ લેવડાવો!

આ પરિષદ્‌માં કહેવાયું છે તેમ માત્ર ઠરાવો કરીને બેસી રહેવાથી કાંઇ વળશે નહીં. હવે સમય માત્ર ભાષણનો નથી રહ્યો; કાર્યનો સમય છે. મારી નમ્ર વિનતિ એ છે કે કારોબારી સમિતિ જેનાપર સર્વ આધાર છે તે ત્વરા અને ઉત્સાહથી તેમને સોંપેલું કાર્ય બજાવશે અને હવે પછીની પરિષદ્‌માં આપણે સારી પ્રગતિ કરી છે, સારૂં સંગીન કામ કર્યું એવું કહેવાનો સમય લાવશે.

આ પરિષદમાં આપણી સ્ત્રીઓએ જે ભાગ લીધો છે તે આપણી પ્રગતિનુ એક મોટું ચિહ્ન છે અને આપણી સ્ત્રીઓમાં સામાજીક પ્રશ્નો માટે આવતી જતી જાગૃતિસૂચક છે. પ્રભુ એ ઉત્તરોત્તર વધારો !

જે બહારના પ્રેક્ષકોએ આપણને હાજરીથી લાભ આપ્યો છે અને શ્રીયુત દેવધર અને શ્રીમતી જાનકીબાઇ ભટે વિવેચન કર્યું છે તેને માટે તેમનો ઉપકાર થયો છે.

અંતમાં પ્રભુ પાસે આપણા દાદા શ્રીકૃષ્ણ ભગવાનના પવિત્ર ચરણોમાં માગું છું કે તે આપણી કોમમાં પૂર્ણ સંપ સાથે કોમની પૂર્ણ ઉન્નતિ કરો.

પુનઃ આપ સર્વ બંધુઓ અને સન્નારીઓનો ઉપકાર માનુ છું. (તાળીઓ)

બાદ "શ્રીગોવર્ધનનાથજીની જય"ના પોકારો વચ્ચે પરિષદનું કાર્ય પુરૂં થયલું જાહેર કરવામાં આવ્યું હતું.

પરિશિષ્ટ ૧.

સન્માનકારિણી સભાના સભ્યો તથા ડેલીગેટો.

બાઇઓ મોરારજી ગોકુલદાસ, લાલજી હરિદાસ, મોરારજી નરશી, સુંદરજી ગોકુલદાસ, નારણદાસ ભગવાનદાસ, વિજયસીંહ ગોવિંદજી પોરેચા, નરોત્તમ ધેલાભાઇ, મથુરાદાસ હરિભાઇ, જમનાદાસ ભાણજી, જીવરાજ ગોકુલદાસ નેણસી, હરગોવિંદ ગોરધનદાસ, દ્વારકાદાસ નારણદાસ, રતનશી ચાંપશી, કાનજી સુંદરજી, મથુરાદાસ વલ્લભદાસ, દેવજી નારાણજી, લક્ષ્મીદાસ રતનશી, વિઠલદાસ વસનજી જેરાજાણી, કરશનદાસ રાઘવજી, ત્રિકમદાસ ખીમજી દેવજી, પદમશી ચત્રભુજ, હીરજી વીરજી, વલ્લભદાસ ભગવાનજી, હરિદાસ રૂપજી, મુળજી દયાળ, લક્ષ્મીદાસ હરિદાસ, જમનાદાસ ડુંગરસિંહ, મુળરાજ કરશનદાસ, ખીમજી જેરામ, દામોદર કલ્યાણજી જેરામ, વસનજી મુળજી દામોદર, નારાણદાસ મુળજી, ગોરધનદાસ દયાળ, રામજી વેલજી, મોહનલાલ જગજીવન, બાઇ જમનાબાઇ ગોવીંદજી માધવજી, નારાણદાસ પરશોતમ, મોરારજી જેઠા, ગોવર્ધનદાસ પ્રાગજી, ગોકુલદાસ રામજી, ઓધવજી કેશવજી, હરિદાસ કલ્યાણજી, વાલજી કાનજી, બાઇ રતનબાઇ કરશનદાસ પ્રેમજી, બાઇ હરિદાસ દામોદર, મથુરાદાસ ભીમજી, મોરારજી ધારશી, ગોરધનદાસ પુરૂષોત્તમ, દામોદર મેઘજી, દેવીદાસ ટોપણ, સુંદરદાસ ધરમશી, જેઠાભાઇ વસનજી, હીરજી ગોરધનદાસ, મથુરાદાસ ત્રિકમજી, માવજી વાઘજી, વાઘજી પ્રેમજી, ગોરધનદાસ ભાણજી, દામોદર પુરૂષોત્તમ, ત્રિભોવનદાસ વેલજી, ધરમસિંહ રતનસિંહ, હરિદાસ મથુરાદાસ, જેઠાભાઇ કલ્યાણજી, કેશવજી પ્રેમજી, રતનસિંહ ગોરધનદાસ, લખમીદાસ દામોદર, રતનસિંહ દામોદર, ભીમજી રામદાસ, ત્રિકમદાસ પુરૂષોત્તમ, મગનલાલ પ્રાણજીવનદાસ, વલ્લભદાસ રણછોદાસ, પ્રાગજી મનજી, ગોકલદાસ ગીરધરદાસ, ડાહ્યાભાઇ માધવજી, ધેલાભાઇ કુરજી, વસનજી પુરૂષોત્તમ, લાલજી જેઠા, મુલજી લખમીદાસ, કરશનદાસ વાલજી, કાનજી મુલજી, જમનાદાસ રણછોડદાસ, કાલિદાસ ગોવિંદજી, છોટાલાલ વસનજી જેરાજાણી, કાનજી વસનજી, ગોરધનદાસ મોરારજી, ત્રિકમદાસ છબીલદાસ, મથુરાદાસ ડુંગરસિંહ, દ્વારકાદાસ લીલાધર, કલ્યાણજી ગોરધનદાસ દામોદર, પરભુદાશ પરશોતમ, જમનાદાસ ગોકુલદાસ, વલભદાસ હરગોવીંદદાસ, મથુરાદાસ ગુલાબભાઇ, ગોવિંદજી નારણદાસ, પરમાનંદ નારણદાસ, નારણદાસ કલ્યાણજી, જેઠા હરિદાસ, મથુરાદાસ ધરમશી, કાનજી લાલજી, ચત્રભુજ ત્રિકમદાસ, ધનજી મુલજી, વલ્લભદાસ નરશી, વિઠલદાસ ખટાઉ, મથુરાદાસ ગોકુલદાસ, કુંવરજી ડોસા મીઠાવાળા, લખમીદાસ ચાંપશી, મુલજી દામોદર, જેઠાભાઇ ગોવિંદજી, ગોવિંદજી કેશવજી, ભગવાનદાસ પુરૂષોત્તમ જમનાદાસ કાલિદાસ, ઠાકરસિંહ શામજી, મથુરાદાસ વસનજી ખીમજી, જાદવજી હંસરાજ, હરિદાસ કલ્યાણજી, રણછોડદાસ મુલજી ગીડવાણી, જીવણદાસ પરશોતમ, મથુરાદાસ લક્ષ્મીદાસ, વિઠલદાસ મોરારજી, પ્રાણજીવન વસનજી મનજી, મથુરાદાસ નારાણદાસ, મોરારજી મુલરાજ ખગાર, ભીમજી કારા, માધવદાસ

મોરારજી, ઉમરશી ગોકલદાસ, ગોરધનદાસ ધનજી, લક્ષ્મીદાસ રવજી તેરશી, લક્ષ્મીદાસ લાલજી, ગોરધનદાસ વાલજી ડુંગરશી, ઉમરશી રણછોડ, ગોકલદાસ ડુંગરસિંહ, વિઠલદાસ કાનજી, કરશનદાસ વસનજી ખીમજી, હરિદાસ લખમીદાસ, કરશનદાસ કુરજી ધરમશી, ભાણજી ગોવિંદજી, વાલજી દયાળ, કેશવજી દામોદર શરાફ, ભગવાનદાસ ગોરધનદાસ, મુલજી રણછોડ વેદ, પ્રેમજી ચત્રભુજ, વિઠલદાસ પરશોતમ, નરોત્તમ મોરારજી, પુરૂષોત્તમ વિશ્રામ માવજી, લીલાધર રતનશી, દ્વારકાદાસ ગોકલદાસ, રતનશી પ્રાગજી, ભીમજી ગોવિંદજી, જમનાદાસ શામજી, હરિદાસ માધવજી, પુરૂષોત્તમ જીવણદાસ મુલજી, ત્રિકમદાસ કલ્યાણજી, લખમીદાસ નારાણદાસ, બાઇ જમનાબાઇ પરશોતમ, સૌ. કસ્તુરબાઇ ગોકલદાસ, ભાઇઓ કલ્યાણજી કરશનદાસ, રૂપસિંગ મથુરાદાસ લવજી, વસનજી પરશોતમ, પદમસી ગોકુલદાસ મોરપરીઆ, રતનશી આસુ, નેણશી આસુ, કરસનદાસ ગોરધનદાસ, ગોકુલદાસ, રતનશી હંસરાજ, હરિદાસ શિવજી, ધરમશી દામજી, માધવસિંહ હંસરાજ, લીલાધર પ્રેમજી જેરાજાણી, હરિદાસ ગોરધનદાસ, વિઠલદાસ હરિદાસ સંપટ, ધનજી લક્ષ્મીદાસ, દુર્લભદાસ ડાહ્યાભાઇ, રામદાસ કરશનદાસ માધવજી, કરશનદાસ મેઘજી, લક્ષ્મીદાસ કેશવજી, ભગવાનદાસ ત્રિકમદાસ, હરિદાસ જીવણદાસ, પરશોતમ ડુંગરશી, વિઠલદાસ ચાંપશી, દયાલ જીવણદાસ, પરશોતમ જેઠા, મુલજી નાગજી, ભભાભાઇ, જેરામદાસ ધરમશી, હીરજી લીમજી બીલાણી, માધવજી ખીમજી બખલા, હરિદાસ રામદાસ, કરશનદાસ હરગોવિંદ, ભગવાનદાસ જમનાદાસ, લક્ષ્મીદાસ કરશનદાસ, હીરજી રામજી, સુંદરદાસ ધરમસિંહ, ત્રિકમદાસ ચકુભાઇ, લીલાધર કરશન, મોનજી ખીમજી, માધવદાસ ધરમશી, મથુરાદાસ જાદવજી ઉદેશી, લક્ષ્મીદાસ પરશોતમ, નારાણદાસ કરશનદાસ, ભગવાનદાસ દયાળજી, ગીરધરદાસ કસલચંદ, પોપટલાલ પરશોતમ, પુરૂષોત્તમ મોરારજી, પદમશી મેઘજી, મોરારજી જેરામ, વલભદાસ હેમરાજ, રામદાસ ગોકુલદાસ, દેવીદાસ ધરમશી, પરશોતમ ગોકુલદાસ, ઓધવજી ચાંપશી, મકનજી ચાંપશી, ભીમજી વલભદાસ, લક્ષ્મીદાસ હરજીવન, નારાણદાસ ત્રિકમદાસ, રણછોડદાસ હરિદાસ, જમનાદાસ ડુંગરસિંહ, અમરશી રણછોડ, વલ્લભદાસ નરસિંહ, કરશનદાસ ઠાકરશી, ગોપાલદાસ શામજી, વસનજી નારણજી, પરશોતમ જેરામ, નારણદાસ દયાલજી, કરશનદાસ દેવજી, ઠાકરશી શામજી, વલભદાશ કાનજી, મકનજી હરજીવન, રતનશી કરશનદાસ, જમનાદાસ કાનજી, હરિદાસ લખમીદાસ, ચત્રભુજ ત્રિકમદાસ, વલભદાસ મોરારજી, મોરારજી ગોકુલદાસ, રણછોડદાસ ગોવિંદજી, દ્વારકાદાસ જીવણદાસ, વાઘજી પરશોતમ, નેણશી વીશરામ, જમનાદાસ નેણશી, લધાભાઇ ડોસા, લખમીદાસ પુરૂશોતમ, જીવણદાસ લક્ષ્મીદાસ, દ્વારકાદાસ પરશોતમ, પ્રાગજી કલ્યાણજી, દયાળજી દામજી, વલભદાસ ગોરધનદાસ, જમનાદાસ ધરમશી, દામોદર રવજી પુરેચા, જીવણદાસ હરિદાસ, જમનાદાસ ધરમશી, રતનસિંહ જીવણદાસ, કાનજી કરશનદાસ, આણંદજી કાનજી, ગોવિંદજી કરશનદાસ, દેવીદાસ રતનશી, વિઠલદાસ દામોદર, વિઠલદાસ ભીમજી, હરિદાસ ગોકુલદાસ, મથુરાદાસ તુલશીદાસ, જે. ડી. ડોસા, કે. કે. દેવજી, લખમીદાસ તુલશીદાસ, મોરારજી પરશોતમ, કરશનદાસ વાલજી, નારણદાસ દેવજી, પ્રેમજી મુળજી, જીવરાજ શામજી, હરિદાસ માવજી, વલ્લભદાસ ડુંગરશી, લખમીદાસ મુળજી, ભુખણદાસ

ગોવીંદજી, જમનાદાસ જેઠાભાઇ, મુળજી જેઠા, વંદ્રાવન કાનજી, મથુરાદાસ ભગવાનદાસ, કરશનદાસ તુળશીદાસ, હરિદાસ પરશોતમ, ગોકુળદાસ ગોરધનદાસ, ગોરધનદાસ કાનજી, ચત્રભુજ જીવણદાસ, પરશોતમ મુળજી, દ્વારકાદાસ માધવજી, હીરજી શીવજી, વલ્લભદાસ ગોપાલજી, ધરમશી પરશોતમ, પ્રાગજી નારણજી, કુંવરજી પીતાંબર, રતનશી ભીમજી, દ્વારકાદાસ મુળજી, જેઠાભાઇ મેઘજી, નારણજી દયાળ, ગોપાળજી માવજી, ગોપાળદાસ હેમરાજ, નારાણદાસ રામજી, કરશનદાસ દેવજી, જમનાદાસ ધરમશી અને દ્વારકાદાસ રવજી. (૨૯૫).

કાઠીયાવાડ ડેલિગેટો.

ભાઇઓ અમરશી વેલજી (કાલાવડ); દામોદર ગોવીંદજી, રતનશી હેમરાજ, ગોકુળદાસ જાદવજી, મથુરાદાસ હરિભાઇ, રામદાસ રાઘવજી, પરશોતમ રવજી, વસનજી પદમશી, મુળજી વાલજી, રણછોડદાસ હરજીવન, જમનાદાસ ગોપાળજી, પ્રેમજી ઠાકરશી, ગોરધનદાસ માવજી, નારાણદાસ નરશી, ગોકુળદાસ જીવરાજ, પદમસિંહ હરિ, જેઠાભાઇ મુળજી, પરશોતમ મુળજી, વસનજી પુરૂષોત્તમ, ધનજી પરશોતમ, દ્વારકાદાસ રવજી, ચત્રભુજ પરશોતમ અને ગોકુળદાસ ધરમશી (ખંભાલીઆ મહાજન); રતનશી મેઘજી (ખંભાલીઆ); પોપટ મનજી (મોરબી); ભગવાનદાસ નાગજી અને દામોદર જગજીવન (લાલપુર); વલભદાસ દામોદર, કલ્યાણજી લીલાધર, ભગવાનદાસ હેમરાજ, હીરજી ગોપાલદાસ, શામજી જેઠા, મથરાંદાસ લીલાધર, કરશનદાસ સુંદરજી અને માધવજી કલ્યાણજી, (જામનગર); મોહનલાલ પરશોતમ, દામોદર વીરજી કેશવજી, અને રામદાસ ગોરધનદાસ (અમરેલી); અને કલ્યાણજી નાગજી (રાજકોટ). (૩૯).

ગુજરાત ડેલીગેટો.

ભાઇઓ ડાહ્યાભાઇ ગીરધરલાલ અને નાજુકલાલ નંદલાલ ચોકશી (વડોદરા). (૨).

કચ્છ ડેલીગેટો.

ભાઇઓ જમનાદાસ ત્રિકમદાસ, ગોરધનદાસ હરીદાસ, અને ચત્રભુજ કેશવજી (અંજાર); ખટાઉ મોરારજી અને ચાંપશી જેઠા (માંડવી). (૫).

મહારાષ્ટ્ર ડેલીગેટો.

ભાઇઓ મુગુટલાલ આસર. વીશ્વનાથ દામોદર, લક્ષ્મણનાથ કાશીનાથ, વલ્લભદાસ રંગીલદાસ, ગોકુલદાસ ગણપતદાસ અને નગીનદાસ શ્રીધર (વીજાપુર); ચીમનલાલ માણેકલાલ, ચીમનલાલ ગંગારામ, જીવણદાસ ગીરધરદાસ, કનૈયાલાલ હીરાલાલ, હેમલાલ ગંગાધર, ગુલાબદાસ રણછોડદાસ, ગોકુલદાસ શ્રીધર અને ચત્રભુજ લાલજી (ધરણગામ); વિઠલદાસ દામોદર અને સુંદરદાસ વિઠલદાસ (આડોની); દ્વારકાદાસ દામોદર (ખંડવા); મુરારજી દેવજી, હીરજી ગોકુલદાસ અને કરશનદાસ ગોકુલદાસ (જલગામ); ઠાકરશી ચત્રભુજ અને રૂપશી ચત્રભુજ (તાંડુર). (૨).

ભાઇ શામજી જેઠા (કાલીકટ). (૧).

——:00:——

પરિશિષ્ટ ૨.

મુંબઇ પ્રાંતિક ભાટીઆ પરિષદ્ મળવા પૂર્વે ભાટીઆ કોમને ઉદ્દેશીને પરિષદ્‌ના મંત્રી-સહી સાથે વખતો વખત બહાર પાડવામાં આવેલી પત્રિકાઓ નીચે મુજબ છેઃ—

કુંકુમપત્રિકા.

પ્યારા ભાઇઓ,

આપણા પૂર્વજ શ્રીકૃષ્ણચંદ્ર જેમણે જગત આખામાં પરમાત્મપદ પ્રાપ્ત કર્યું છે તેમના પવિત્ર પાદપંકજમાં પ્રણામ કરી વિનતિ કરવાની કેઃ—

મુંબઇ ઇલાકાના જુદા જુદા ભાગોના ભાટીવા રહીશોમાંના જેઓ મુંબઇમાં વસે છે તેઓના પ્રતિનીધીઓની એક જાહેર સભા ગઇ તા. ૧૪–૧–૧૯૨૪ ને દિને અત્રેની નવી ભાટીયા મહાજન વાડીમાં શેઠ માધવદાસ જેઠાભાઇના પ્રમુખપણા નીચે મલી હતી. તેમાં થયેલા કામકાજનો વિગતવાર હેવાલ જાહેર છાપામાં છપાયલો છે તે આપના વાંચવામાં આવ્યોજ હશે.

તમામ ભાટિયા ભાઇઓ આ બાબતમાં તો એક મત છે કેઃ—

"જે ભાટીયા ન્યાતના નામનો એક વખત દુનીયામાં ડંકો વાગતો હતો તે દિનપ્રતિદિન વધારે પડતી જાય છે, તેનો જો હવે તાબડતોડ ઉપાય કરવામાં નહી આવે તો તે એકદમ રસાતલે જશે અને ભાટિયાનું નામ નિશાન નાબુદ થશે. આવા ભયંકર પરિણામ આવતાં અટકાવવા માટે કોઇપણ અકસીર ઉપાય જરૂર યોજવા જોઇએ."

અમારા ધારવા પ્રમાણે આપ તેમજ આપની તરફના આપણા બીજા ભાઇઓ પણ એમજ ધારતા હશો.

એ વિચારને વ્યવહારૂ રૂપ આપવા માટે આ પરિષદ્‌ની યોજના ઉભી કરવામાં આવી છે તેને જેમ અત્રે વસતા તેમ દેશાવરોમાં વસતા આપણા ભાઇઓ અંતઃકરણપૂર્વક વધાવી લઇ દિલોજાનથી ટેકો આપવા તૈયાર થયા છે તેવીજ રીતે આપ અને આપની તરફના તમામ ભાઇઓ પણ તૈયાર છો એમ માનવામાં અમે ખોટા નહી ગણાઇશું. એ પરિષદ્ આવતા એપ્રીલ મહીનાની કઇ તારીખે અને કયે વખતે ભરાશે તે હવે પછી નકકી કરી જાહેર કરવામાં આવશે. તેથી તેની આ કુંકુમપત્રિકાનો પહેલો અંક આપની તરફ મોકલી વિનંતિ કરવાની કેઃ—

૧. આપની તરફના આપણા ભાઇઓ એકઠા મલી આ પરિષદ્‌માં સામેલ થવાનો ઠરાવ કરી લખી જણાવશો.

૨. એ પરિષદ્‌નું કામ પાર પાડવા માટે લાગનારા ખરચમાં આપની તરફનો ફાળો ઉઘરાવી મોકલશો.

૩. એ પરિષદ્‌માં ભાગ લેવા માટે આપની તરફના પ્રતિનીધીઓ ચુંટી કહાડી તેમના નામ ઠામ લખી મોકલશો.

૪. એ પરિષદ્‌માં શું શું સવાલો ચર્ચવા અને તે સંબંધે આપના શુ વિચારો છે તે લખી જણાવશો.

૫. એ પરિષદ્‌નો પ્રમુખ કોને નીમવાની આપ ભલામણ કરો છો તે લખી જણાવશો.

આશા રાખીએ છીએ કે આ કુંકુમપત્રિકાનો આદર આતિથ્ય કરનારો વલનો જવાબ આપની તરફથી ઉતાવળે મલશે.

લી૦

ભાટીયા ન્યાતના ચરણરજ સેવક.

તા૦ ક૦—આપનું નામ ઠામ અમને મલવાથી અમે આ આપની તરફ મોકલ્યુ છે. તે આપની તરફનાં બધા ભાઇઓને વંચાવશો. તે ઉપરાંત આપની આજુ બાજુના ગામના અમને ન જણાયલા ભાઇ યા ભાઇઓના નામે ખાસ મોકલવાની જરૂર જણાતી હો તો અમને લખી જણાવશો તો તેમને મોકલી આપશું.

———:o:———

ભાટીઆ ભાઇઓ પ્રત્યે.

પત્રિકા નાં. ૧.

ભાઇઓ અને બ્હેનો,

આપને વિદિત હશે કે આજથી લગભગ એક દાયકા ઉપર અખિલ હિંદ ભાટીઆ પરિષદ્‌ની પહેલી બેઠક કરાચી ખાતે સને ૧૯૧૩ માં સ્વ. ભાઇ લક્ષ્મીદાસ રવજી સપટના પ્રમુખપણા હેઠળ મળી હતી, અને તેને મળેલી ફત્તેહને અંગે તેવીજ એક બીજી પરિષદ્ સને ૧૯૧૫ માં મોટા પાયા ઉપર લાહોરના સુપ્રસિદ્ધ સ્વ. ડૉ. હીરાલાલના પ્રમુખપણા હેઠળ મુંબઇ ખાતે મળી હતી. તે પરિષદ્‌માં મુંબઇના મહાજનોના આપણા ભાઇઓ ઉપરાંત ગુજરાત, કચ્છ, કાઠીઆવાડ, મહારાષ્ટ્ર, સિંધ, પંજાબ, સરહદ પ્રાંત, રજપુતાના, બંગાળ, મદ્રાસ, કોચીન, મલબાર વિગેરે સ્થળોના ભાઇઓ તથા આપણી બ્હેનોએ બહુ સારી સંખ્યામાં હાજરી આપી હતી. આમાં આપણને ધારવા કરતાં મોટી ફત્તેહ મળેલી જોઇને ત્રીજી પરિષદ્ આપણા પંજાબી ભાઇઓનાં નિમંત્રણથી સને ૧૯૧૬ માં લાહોરમાં રાવબહાદુર દીવાન આસરદાસ મોતીરામના પ્રમુખપણાં હેઠળ મળી હતી. ત્યાં જો કે મુંબઇ, મહારાષ્ટ્ર વિગેરે દૂરના સ્થળોના આપણા ભાઇઓ બહુ મોટી સંખ્યામાં હાજરી આપી શકયા ન હતા. છતાં પણ ખુદ તે (પંજાબ) પ્રાંતના, તથા તેની નજદીકના સિંધ અને સંયુકત પ્રાંતના આપણા ભાઇઓ મોટી સંખ્યામાં હાજર

રહ્યા હતા. આ પછી આપણી કોન્ફરન્સની ચોથી બેઠક કલકત્તા ખાતેથી સ્વ. ભાઇ કલ્યાણજી મોરારજી ઠકરના પ્રમુખપણ હેઠળ મળી હતી. બાદ આપણી કોન્ફરન્સ મથુરાં, રાજકોટ અને કચ્છ ખાતે બોલાવવાની તજવીજ થઇ હતી, પરંતુ તે કાર્ય અનેક કારણવશાત્ પાર પાડી શકાયું હતું નહિ. કોન્ફરન્સની છેલ્લી બેઠક મળ્યાને આમ આજે લગભગ પાંચ વરસ થઇ ગયા છતાં તે જ્યારે ન મળી શકી અને નજદીકનાં ભવિષ્યમાં મળવાનો પણ સંભવ ન જણાયો ત્યારે ભાટીયા વોલન્ટીયર કોરે પોતાની ગઇ તા. ૩૦ મી નવેમ્બર સને ૧૯૨૩ ને દિને મળેલ સભામાં આખા હિંદની પરિષદ મેળવી ન શકાય તો હરકત નહી, પણ કચ્છ, કાઠીયાવાડ ગુજરાત અને મહારાષ્ટ્રના અને તે પ્રાંતોના અન્ય સ્થળોએ વસતા આપણા ભાઇઓની નાન પાયા ઉપર એક પરિષદ ભરવી એવો ઠરાવ કર્યો અને તેની પહેલી બેઠક આવતા એપ્રિલ મે માસમાં સવડ પડતા દિવસો (જે પાછળથી જાહેર કરવામાં આવશે તે) દરમ્યાન ભરવા નક્કી કર્યું અને તે કામ માટે પોતાની પાસેના ફંડમાંથી રૂપીઆ ૧૦૦૧) એક હજાર એકનો નક ફાળો આપવા ઠરાવ્યું.

આપ સારી પેઠે જાણતા હશો, કે આપણા મહાજનોના, મંડળોના, અને આપણ જાણીતા નેતાઓના ટેકા વિના એકલી વોલન્ટીયર કોર માટે આ કામ પાર પાડવું કેવળ અશક્ય છે. અમે તો એવુંજ ઇચ્છતા હતા કે પરિષદની આગલી બેઠકોમાં જેમ અમોએ અનેકવિધ સેવાઓ બજાવી કોન્ફરન્સને ફતેહમંદ બનાવવા અમારાથી બનતું કર્યું હતું, તેમ આ નવિન પ્રસંગે પણ અમે અમારૂં બનતુ કરી અમારો ધર્મ બજાવીએ; પરંતુ તે અમાર ઇચ્છા ફળીભૂત થતી અમો જોઇ શકયા નહી. આથી હવે આ પ્રાંતિક પરિષદ ભરવાનો અને તે ફતેહમંદી સાથ પાર ઉતારવાનો સઘળો આધાર કેવળ આપ ઉપરજ છે. તેથી આપ અમોને જે જે પ્રકારની મદદ આપી શકો તેમ હોય તે દ્વારા સહાયતા આપીને આ કાર્યમાં મદદ કરશો તો આપણે સર્વે ભેગા મળી જ્ઞાતિ ઉન્નતિવિષયક કોઇ લાભદાયી માર્ગ ખોળી શકીએ, વ આપણાથી બનતું કરીએ. આમાં કોરને કે તેના કોઇ અધિકારીને અંગત સ્વાર્થ નથી. કેવળ જ્ઞાતિની સેવા બજાવવી અને તેના ઉન્નતિનાં કામમાં કંઇક પણ કારણભૂત થઇ શકાય તેવ હેતુથીજ આ હીલચાલ કોરે ઉપાડી લીધી છે. આ કાર્ય આપનુંજ છે, અને આપેજ કરવાનું છે પણ જો કદી આપથી અન્ય કશું ન બની શકે તો પણ આપણી પરિષદની અંદર હાજરી આપવા અને તે રીતે આપણી જ્ઞાતિ પ્રત્યેની આપની સહાનુભૂતિ દર્શાવવા જ્ઞાતિ ઉન્નતિન આપના શુભ વિચારો આપણી જ્ઞાતિના અન્ય ભાઇઓ અને બ્હેનો સન્મુખ ધરવા, તથા અન ભાઇઓ જે વિચારો દર્શાવે તેમાંથી ગ્રહણ કરવા યોગ્ય હોય તે સ્વીકારવા, જ્ઞાતિઉન્નતિ માટેન કોઇ વ્યવહારૂ યોજના પાર પાડવામાં સહાનુભૂત થવા અને તેમ કરીને જ્ઞાતિગંગાને ફરી જીવત જાગતી વહેતી કરવા આપ પત્ર પુષ્પ પણ ભેટ કરશો તો આ કોર આપની આભારી થશે.

કોરે આ પરિષદ સાથે અખિલ ભારત ઔદ્યોગિક અને ખાદીને લગતું પ્રદર્શન ભરવાનુ પણ નક્કી કર્યું છે.

પરિષદ્ અંગેની સન્માનકારિણી સભા કે જેના સભાસદો મુંબઇ ખાતે મોટે ભાગે વસી રહેલા આપણા ભાઇઓ તથા બ્હેનો થઇ શકશે તેઓનાં નામો નોંધવાનું કાર્ય હાલમાં ચાલુ છે. તે માટે કોરે હાલ તુરતમાં નીચલા સ્થળોએ મથકો ખોલવાનો પ્રબંધ કર્યો છે, અને રૂા. ૫ (પાંચ) ની ફી લઇ સભ્યોનાં નામો તે મથકોએ નોંધવાનું આરંભ્યું છે. આ મથકો ઉપરાંત જેમ વધુ જરૂર જણાશે તેમ બીજા મથકો ખોલવામાં આવતા રહેશે. પરિષદને અંગે નાની મોટી રકમોનાં ડોનેશનો (ભેટો) પણ નીચલા મથકોએ આપી શકાશે. સભ્યોની ફી તથા ડોનેશનની રકમો માટે કામ ચલાઉ રસીદો આપવા પ્રબંધ થયો છે. એટલે ફી તથા ડોનેશન સાથે તેવી રસીદ કદી ન મળે તો દરેક ભાઇએ માગી લેવી. પાકી રસીદ ખજાનચીની સહી સાથે નોંધાયલા સરનામે પાછળથી રવાના કરવામાં આવશે. પરિષદ ઓફીસ હાલ તુરત માટે નીચલા સ્થળે રાખવામાં આવી છે એટલે પરિષદ સંબંધીની પુછપરછ અને પત્રવ્યવહાર પરિષદ્‌ની કામ ચલાઉ કાર્યવાહક સમીતીના માનદ મંત્રી **ડા. હીરજી વીરજી, ઠેકાણું, જુની હનુમાન ગલ્લી, મુંબઇ, નાં. ૨,** એ શિરનામે કરવા વિનંતિ છે.

(૧) ડા૦ હીરજી વીરજી, ઠેકાણું, જુની હનુમાન ગલી, મુંબઇ નાં૦ ૨.

(૨) ડા૦ રતનસી દામોદર, ઠેકાણું, લખમીદાસ ખીમજી મારકીટ, દુકાન નાં. ૭, વચલી ગલ્લી, મુંબઇ નાં૦ ૨.

વન્દે માતરમ્.

ભાટીઆ જ્ઞાતિના હિતેચ્છુ ભાઇઓ પ્રત્યે.

પત્રિકા નં૦ ૨.

દિન પર દિન વંચાતી ચર્ચાઓથી ભાટીઆ જ્ઞાતિના હિતેચ્છુ ભાઇઓનાં મત હવે મળનારી ભાટીઆ પરિષદ્‌માં લાગી રહ્યાં છે. શરૂઆતમાં વોલન્ટિયર કોરે એ કામ ઉપાડી લીધું ત્યારે કેટલાક ભાઇઓનાં મન જો ભાટીઆ સમસ્ત કંન્ફરન્સ બોલાવે તો ઠીક એમ લાગવાથી કાર્યવાહકોએ તુરત તે રૂડાં કાર્યને તેવા ભાઇઓના વિચારને બંધબેસ્તુ બનાવી દીધું. એટલે સંક્રાતિને દિવસે તે બધો બોજો વોલંટિયરકોરે મુંબઇના સમસ્ત ભાટીઆને નામે મુકી મુંબઇના ભાટીઆ ભાઇઓને એક મહાભારત કામ કરવા ઉત્સાહી બનાવી મુકયા છે. આવકાર દેનારી કમિટી માટે ઉત્સાહી ભાઇઓ સભ્યો બનાવવા માટે પ્રયત્ન કરી રહ્યા છે. વોલંટિયર ભાઇઓ ઘરેઘર મેમ્બર કરવા ઉત્સાહથી મંડી પડયા છે. બંદર ઉપર પણ ચળવળ થઇ રહી છે.

નવગામ, પચ્ચીસગામ, કચ્છ, જામનગર. ખંબાલીઆ, પોરબંદર મહારાષ્ટ્રમ આમંત્રણો માટે સૂચનાઓના કાગળો લખાઇ રહ્યા છે અને આગામી કોન્ફરન્સને સારી રીતે ફત્તેહમંદ બનાવવા સંપૂર્ણ પ્રયાસ થઇ રહ્યા છે તો દરેક ભાટીઆ ભાઇઓની ફરજ છે કે તે કામમાં મદદ માટે બહાર પડવું. પરિષદ સંબંધી કાર્ય કરનાર મુંબઇ અને બહારના ભાઇઓએ **ભાટીઆ મિત્રમંડલ, સુખડવાળા બીલ્ડીંગ, ને શિરનામે પરિષદ્‌નાં કાર્યવાહકોને લખવું.**

---:o:---

ભાટીઆ શ્રીમંતોને.

પત્રિકા નં० ૩.

મુંબઇની ભાટીઆ વાલંટિયર કોરે જ્ઞાતિ સમસ્તની સેવા બજાવવાના હેતુથી આ શહેર મધે કચ્છ, કાઠીઆવાડ વિગેરે સ્થળોના આપણા ભાઇઓની એક પ્રાંતિક પરિષદ્ ભરવા ઠરાવ્યું હતું. પણ પોતાનાં કાર્યને ભાટીઆ સમસ્તનો ટેકો છે કે કેમ તે જાણવા આપણા કેટલાક ભાઇઓની ઇચ્છાથી તેણે પ્રથમ ભાટીઆ મિત્રમંડળ સાથે પત્રવ્યવ્હાર ચલાવી તેની અંતઃકરણપૂર્વકની સહાનુભૂતિ મેળવી, અને તે પછી તેના આશ્રય હેઠળ સમસ્ત ભાટીઆ ભાઇઓની એક જાહેર સભા ભરવા ઠર્યું. તદનુસાર તેની એક સભા ગયા મકરસંક્રાંતિના પર્વ ઉપર પિકેટ રોડ ઉપરની આપણી નવી મહાજનવાડીમાં કંઠી ભાટીઆ મહાજનના પ્રમુખ શેઠ માધવદાસ જેઠાભાઇનાં પ્રમુખપણા હેઠળ મળી હતી. વર્તમાન પત્રોદ્વારા આપે વાંચ્યું હશે કે તે સભામાં ભાટીઆ ભાઇઓની શરૂઆતની હાજરી નિરાશાજનક હતી, તેમજ આપ શ્રીમાનોનો પણ ઘણો મ્હોટો ભાગ ત્યાં ન હોવાથી સભા બોલાવનારાઓને ભય હતો કે સભા ભરાશે કે કેમ? પણ આપ જાણીને ખુશી થશો કે જ્ઞાતિનો નિર્ધન અને મધ્યમ તેમજ શિક્ષિત વર્ગ ત્યાં જોત જોતમાં ન ધારેલી મોટી સંખ્યામાં એકઠો મલ્યો અને ઘણાઓને, સભામાં દાખલ થવાના માર્ગમાં, પોતાની બેઠક લેવાની કે તેની આસપાસ ઉભા રહેવાની ફરજ પડી હતી. ત્યાં થયેલ કામકાજનો અહવાલ વર્તમાન પત્રોમાં વિગતે પ્રગટ થયેલો હોવાથી તે આપ સમક્ષ ફરી રજુ કરવાની અમારે જરૂર નથી. તેથી તો આપ વાકેફ હશો. પણ તે સભામાં જે અગત્યનું કાર્ય થયું તે આજ કે મજકુર કાર્ય જે ભાટીઆ વાલંટીયર કોરે કરવા ધારેલુ તે ત્યાં હાજર રહેલ ભાટીઆ સમસ્તે માથે ઉઠાવી લીધું. તે જવાબદારીનો ભાર હવે ભાટીઆ કોમ સમસ્તે પોતાના શિરે લીધો છે. કોર હવે પરિષદને અંગે તેની કાર્યવાહક સમિતિ જે હુકમો બહાર પાડશે, તેની બજાવણી કરી પોતાનો ધર્મ બજાવશે. પણ પ્રશ્ન ત્યારે ઉપસ્થિત થાય છે કે શું હાલની કાર્યવાહક સમિતિ ઉપલું મહત્કાર્ય એકલે હાથે પાર ઉતારી શકશે? નહીંજ. જનતાના ટેકા વિના અને આપની સહાયતા વિના તે એકલી કશું પણ કરી શકવાની નથીજ. જનતાનો ટેકો તો તેને મલી ચૂકયો છે. તે સભાઓ અને વરતમાનપત્રોની કટારોમાં શરૂ થએલી ચર્ચાઓએ સિદ્ધ કરી આપ્યું છે. ત્યારે શું આપ આ હીલચાલથી અલગ રહેશો? અમે તો તે માનવાની સાફ નાજ પાડીએ છીએ. આપ સ્થૂળ દેહે મજકુર સભામાં હાજર રહયા નહતા. તેથી ઘણાઓના મન આપની સહાયતાથી નહી મળે એમ ધારી શંકાશીલ થયા હતા અને હજીએ તેવાં છે. તેનાં આપની પાસે અનેક કારણો હશે. કદાચ એ સભામાં આપને કોઇ ઓછો આદર દે કે કોઇ આગલી પાછલી વાતોની યાદ દે એવો આપને ભય લાગ્યો હશે. ત્યાં અપાયલા ભાષણો પરથી તે આપનો ભય સમૂળગો ખોટો ન હતો, એમ સૈ કોઇને લાગશે. પણ સાથે આ પણ આપે સાંભળ્યુ અને વાચ્યું હશે કે થયલાં ભાષણોમાં

કોઇ અમુક પક્ષ ઉપરજ ટીકાઓ થઇ નહતી. વકતાને જેનાં જેનાં દોષો જણાયા તે તેણે જણાવ્યા અને સાથે થયલી ભૂલોના પણ ખુલ્લા એકરારો થયા હતા. વળી આપ આ પણ જોઇ શક્યા હશો કે થયલાં વિવેચનોમાં જુનાં અને નવાં મહાજનના બંનેના દોષો નીકળ્યા, પણ દરેક વકતાએ અંગત ટીકા ન કરવાની ખાસ સંભાળ લીધી હતી. આ ઉપરથી સાબીત થઇ શકે છે કે ગઈ ગુજરી ભુલી જવા સૌ તત્પર થઇ રહયુ છે. શું ત્યારે આપ ગઇ ગુજરી ભુલી જવા તત્પર નહી બનો ? શું અન્યોને જ્ઞાતિની દાઝ છે અને આપને નથી ? શું બીજાઓ જ્ઞાતિનો ઉત્કર્ષ કરવા માગે છે અને આપ તે માગતા નથી ? શુ બીજાઓ જ્ઞાતિમાં કુસંપ ન રહે એમ ઇચ્છે છે અને આપ તે ચાહો છો ! જ્ઞાતિનું વહાણ ભર દરીએ તોફાનમાં ન ડુબે એમ બીજાઓ નથી માગતા અને તે તેમ ડુબે તેમાં આપ શું રાજી છો ? અને જ્ઞાતિ વસતીએ અને વસુએ ઘસાતી ચાલી છે એ માટે બીજાઓ રડે છે, ત્યારે શું તે પરિસ્થિતિ જોઇ આપ હસો છો ? કોણ એમ કહી શકશે ? ભાટીઆ તરીકે જન્મ લીધો એટલે તેને જ્ઞાતિની હાલની અધોગતિ માટે લાગવાનુંજ. પછી ભલે તે શ્રીમંત હો કે ગરીબ હો, જુના મહાજનવાળો હો કે નવા મહાજન વાળો હો, વૃદ્ધ હો, યા જુવાન હો, શિક્ષિત હો કે અશિક્ષિત હો, સ્ત્રી હો કે પુરૂષ હો, સૌને વધતે ઓછે તો કંઇનો કંઇ લાગવાનુંજ. અને તેથી આ કામ જેવું આપ કરશો તેવું અન્ય કોઇ નહી કરશે. આટલુંજ આપ સ્મરણમાં રાખશો કે મોટાઓની લડાઇમાં ન્હાના મરી ગયા છે. સૌથી વધુ નુકસાન—કહો કે સર્વે નાશ—મધ્યમ અને ગરીબ વર્ગનો થયો છે. તેના ઉદ્ધારક તારક ફરીને આપ બની શકો છો. આપના પૂર્વજોએ જ્ઞાતિનું હિત કેમ સાધ્યું છે તે ઇતિહાસનાં પાનાં ઉથલાવો એટલે એમના સુપુત્રો તરીકે આપણી જ્ઞાતિના ઉદ્ધારનો પ્રશ્ન આપ આપ મેળેજ ઉકેલી શકશો. આપની નજર એક વેળાએ મીઠી બનતાં, આપનાં હૃદયમાં એક વેળાએ દયાનાં ઝરણાં વછુટતાં, આપનાં મનમાં સહજે પ્રસન્નતા ઉદ્ભવતાં અને આપનું અંતઃકરણ થોડુંક ઉદાર અને સહિષ્ણુ બનતાં આજે હજારોનાં અનેકવિધ કલ્યાણો થાય તેમ છે. શું આ તક—જ્ઞાતિસેવાની આ સોનેરી તક—અંતરની માની લીધેલી ગાંઠોને ખાતર ગુમાવી દેશો કે ? જો તેમ થયું તો જ્ઞાતિ પોતાનું મોટું કમનશીબ માનશે. પણ તેને આશા છે કે આ કટોકટીના મામલા વેળાએ જ્ઞાતિનો શ્રીમંત વર્ગ તેના આ વર્ગથી અલગ નહીજ બેસશે. સભાઓમાં જુદી જુદી વ્યકિતઓનાં વિવેચનોથી કે વર્તમાનપત્રોમાં આવેલી ટીકાઓથી જ્ઞાતિ સેવાની આપની અંતરની ભાવનાઓને દાબી દેશો નહી. જનતા આપના તરફ હજીએ માન અને પ્રેમની નજરે જુએ છે. તેને આપ ફરી આપની ગોદમાં લઈ લ્યો, તેની ઉપર આપની ફરીને છત્રછાયા ધરો, તેના આપ ફરીને અશ્રુ લુછો અને છેલ્લે આપ ફરીને તેમને કહો કેઃ

કડવી હોજો લીંબડી, જેની મીઠી છાંય;
બાંધવ હોજો અબોલણા, તોય પોતાની બાંય.

ફકત આટલું અભયદાન આપો, પધારો જ્ઞાતિની સેવા કરવા અને લ્યો પરિષદની આગેવાની, ઉદારતાથી ભરો તેના ફંડમા નાણાં અને જુવો કે જ્ઞાતિ ગંગા ફરીને આપને અને સૌ જ્ઞાતિજનોને આંગણે ફરી વહેતી થઇ બધાને કેમ પાવન કરે છે. **જય શ્રીકૃષ્ણ.**

:0.

ભાટીઆ ભાઇઓને.

પત્રિકા નં. ૪.

આપણી પરિષદની સન્માનકારિણી સમિતિએ તા. ૬-૪-૨૪ ને દિને મળી પરિષદ માટે નીચેના દિવસો તથા ડેલીગેટ (પ્રતિનીધિ) તથા પ્રેક્ષકોની ફી નીચે પ્રમાણે નક્કી કરેલ છેઃ-

દિવસો.

તા. ૩ જી મે સને ૧૯૨૪, ચઇતર વદ ૦)) શનિવાર.
તા. ૪ થી મે સને ૧૯૨૪, વૈશાખ શુદ ૧ રવિવાર.
તા. ૫ મી મે સને ૧૯૨૪, વૈશાખ શુદ ૨ સોમવાર.

ફી.

ડેલીગેટો (પ્રતિનિધિ)	રૂા. ૨
વિઝિટર (પ્રેક્ષક)	રૂા. ૧ દિવસ ૩ માટે
વિઝિટર (પ્રેક્ષક)	રૂા. ૦॥ દિવસ ૧ માટે

ઉપરાંત સ્ત્રી પ્રેક્ષક તથા હાઇસ્કુલ કોલેજ જેવા કેળવણીની સંસ્થાના વિદ્યાર્થીઓ માટે પ્રેક્ષક તરીકેની ફી રાખવામાં આવેલ નથી, પણ તેઓને ફ્રી પાસ આપી દાખલ કરવામાં આવશે. સ્થાનિક તથા બહારગામના મહાજન, મંડળો તથા ભાઇઓએ પોતાનાં પ્રતિનીધિઓ ચુંટી પરિષદના અધિકારીઓને નામઠામ લખી મોકલવા અગર જે ભાઇઓ ડેલીગેટ તરીકે આવવા ઇચ્છતા હોય તેમણે પોતાનાં નામઠામ લખી મોકલવા તેમજ પરિષદમાં ચર્ચવા માટેના વિષયોની સૂચનાઓ પણ તાકીદે મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

ભટ્ટિવીરો અને વીરભગિનીઓને હાકલ.

પત્રિકા નાં. ૫ઃ

ભટ્ટિવીરો અને વીરભગિનીઓ,

મુંબઇને આંગણે ચૈત્ર વદ૦)), વૈશાખ શુદી ૧ અને વૈશાખ શુદી ૨, તા. ૩-૫-૨૪, ૪-૫-૨૪ અને ૫-૫-૨૪ ને શનિ, રવિ અને સોમવારના દિવસોએ જ્ઞાતિગંગા વહેવાની છે. તે માટે ઘોર તપશ્ચર્યાઓ કરી તેનું આહ્વાન કરવામાં આવ્યું છે. કાર્યકર્તાઓની મુશ્કેલી, નાણાંની તંગી, જ્ઞાતિજનોના ઉત્સાહની મંદતા વિગેરે અનેક મુંઝવણો વચ્ચે આ કાર્ય ઉપાડવામાં આવ્યું છે. જ્ઞાતિની છિન્નભિન્ન અવસ્થા, તેની ઘટતી જતી વસ્તી, તેની વરણી પરણીનું સંકોચાતું જતું ક્ષેત્ર, જ્ઞાતિમાં લગ્ન-મરણ વગેરે શુભાશુભ પ્રસંગોએ થતાં ભારે ખરચો, તથા

જ્ઞાતિની ધાર્મિક, રાજદ્વારી, આર્થિક, ઔદ્યોગિક, વ્યાપારિક, શૈક્ષણિક વગેરે અનેક દિશાઓમાં થયલી અને થતી રહેલી અવનતિના અનેક પ્રશ્નો આજે જ્ઞાતિસમક્ષ ઉકેલાયા વિના જેમના તેમ ઉભા છે. આપણા મહાજનો આજે મમત્વ વિગેરે કલિનાં દોષોથી નિશ્ચેતન બની ગયા છે અને તેથી જ્ઞાતિની સ્થિતિ આજે એવી કફોડી થઇ છે કે હાલ સર્વત્ર સ્વચ્છંદતા વ્યાપી રહી છે. સૌ સૌનાં ઘરનાજ નહી પણ આજે સૌ પોતપોતાનાં મનના રાજા થઇ પડયા છે. પરિણામે જ્ઞાતિ આજે ભરદરિયે પુર તોફાનમાં સપડાયલા સુકાની વિનાનાં વહાણની જેમ હર પળે ડુબું ડુબું થઇ રહી છે, અને મુંબઇ ખાતે થયલી છેલ્લી વસ્તીગણત્રીએ સૌને દેખાડી આપ્યું છે તેમ જ્ઞાતિ ડુબવા લાગી છે. એક દાયકો બીજો અને જ્ઞાતિને તેની બેદરકારીના વધુ કડવાં ફળો ચાખવાં પડશે. જ્ઞાતિપરની આ આફતમાંથી કોઇ ઉગરી શકશે નહી. જેમ એક ઔદ્યોગિક કે વેપારી પેઢી પડી ભાંગતાં સૌને વધતે ઓછે-મોટાને મોટો અને નાનાને નાનો-ધકકો લાગ્યા વિના રહેતો નથી, તેમ જ્ઞાતિ ઉપરની આ આફતમાંથી કોઇ બચે એ શકયજ નથી. ઘર, આબરૂ, ધન, માલ, મિલ્કત, ઓદ્ધા, અધિકાર કશું પણ આડે આવશે નહી. એ સંજોગોમાં જ્ઞાતિપ્રેમીઓની ખુલ્લી ફરજ છે, તેમનો ખુલ્લો ધર્મ છે, કે પાણી પહેલાંજ પાળ બાંધવી. આગ લાગતાં કુવો ખોદવાનો વિચાર કરશુ તો કુવો ખોદાયા પહેલાંજ અગ્નિ આપણું ભક્ષણ કરી જશે. આપણે તેથી હવે સવેળ એ ચેતવું જોઇએ. દરેક જ્ઞાતિજને જ્ઞાતિની સ્થિતિ ઉપર હવે ગંભીરપણે વિચાર કરવો જોઇએ. હવે આપણે ફરીને સાથે મળવું જોઇએ, ફરીને વિચાર કરવો જોઇએ, ફરીને સાથે મળી તોડ કહાડવા જોઇએ અને ફરીને જ્ઞાતિનું તારણ કરવા બહાર પડવું જોઇએ. તેમ કરતાં આગલાં દોષો અને આગલી વાતોનો આપણે ભુલી જવાં જોઇએ. આમ કર્યું હોત તો આમ થાત અને તેમ ન કર્યું માટે આમ થયું એ વિચારવાના દિવસો હવે વહી ગયા છે. સૌ સાથે ડુબતા હોય ત્યારે તેવા વિચારો ન થવા જોઇએ. ત્યારે તો સૌએ હાથમાં હાથ મીલાવી, પોતાના પ્રતિપક્ષીની ભુલને માફ કરી, પ્રભુએ પોતાને જે શક્તિ બક્ષી હોય તેનો લાભ જ્ઞાતિને આપી, સામાને તારી, પોતે તરીને પાર ઉતરવુ જોઇએ. અત્યારે આપણે સૌને દેખાડી આપવું જોઇએ કે આપણે યાદવો યાદવાસ્થળિ કરવાની અખૂટ શકિતયો ધરાવીએ છીએ, તેમ સુવર્ણની દ્વારિકા સ્થાપવા અને તેની હાક સર્વત્ર વગડાવવા જોઇતું સંગઠન કરવાની પણ શકિત ધરાવીએ છીએ. જ્ઞાતિ ગંગા-પરિષદ્ ગંગા-આટલા માટે આપણાં ભૂતકળાનાં દોષેનું નિવારણ કરવા અને આપણને પવિત્રતાનું દાન કરી આપણામાં રહેલું દિવ્ય તેજ-આપણામાં રહેલી અદ્ભુત શકિતયો-બહાર આણવા અને તે રીતે આપણો ફરી ઉદ્ધાર કરવા આપણે આંગણે પધારે છે. આવા પુણ્યયોગના સમયે એવો જ્ઞાતિદ્રોહી કોણ હશે જે કહેશે કે જ્ઞાતિનાં તારણમાં અગારે અમારો ફાળો નથી આપવો ? આટલા માટે, ભાઇઓ અને બ્હેનોને, પરિષદ્‌ની સન્માનકારિણી સભા વિનવે છે કે આ શુભ ટાંકણે આપ પધારો અને આપની શકિત અનુસાર આ પુણ્યકારિ કાર્યને ઉકેલવામાં આપનો યોગ્ય હિસ્સો આપો. પરિષદ્‌નાં અંગે કાર્ય કરવાના અનેક ખતાઓ ખોલાયા છે તેમાં આપ આવી જોડાઓ; સન્માનકારિણી સભા ઉપરનો ભાર હલકો કરો; તન, મન, બુદ્ધિ, ધન વગેરેથી

જ્ઞાતિની સેવા કરો; અને આપણે ટુંક સમયમાં જોશું કે આ વીર કોમની વધુ અવનતિ થતી અટકશે, એટલુંજ નહિ પણ તેની ઉન્નતિ થવા માંડશે. માટે,

उत्तिष्ठत, जाग्रत, प्राप्य वरान्निबोधत ।

ઉઠો, જાગો, વરદાન પ્રાપ્ત કરી જ્ઞાનદશા પ્રાપ્ત કરો.

કેમકે

ભાટિયા જ્ઞાતિ દરેક ભાટિયા ભાઇ અને બ્હેન પાસે તેનો ધર્મ બજાવવાની આજે આશા રાખે છે.

ભાટીઆ યુવકો અને વિદ્યાર્થીઓ પ્રત્યે.

પત્રિકા નં. ૬.

ભાઇઓ,

આપને આ સુવિદિતજ હશે કે આપણી જ્ઞાતિની એક પ્રાંતિક પરિષદ્ આજથી ફક્ત એક પખવાડીઆ બાદ એટલે આવતી તા૦ ૩-૪-૫ મી મેએ મુંબઇ ખાતે ભરવા ધારી છે. પરિષદ્દનું કાર્ય કેટલું મહત્વનું છે તે આપને કહેવાની ખાસ જરૂર રહી નથી. પરિષદ્ અંગે બહાર પાડેલી પત્રિકાદ્વારા તે સંબંધમાં આપે આજ પહેલાં જરૂરી સર્વે જાણ્યું હશે, તેમ છતાં આ તકે આ પત્રિકાદ્વારા અમારે તમોને એક ખાસ વિનતિ કરવાની છે. તે આપણી પરિષદનું કાર્ય પાર ઉતારવામાં આપે અમોને સહાયતા આપવાની છે તે છે. પરિષદ્ અત્યારે આપણી કોમની દરેક વ્યકિત પાસે તેની શકિત અનુસારનાં કાર્યની આશા રાખી રહી છે. તે વેળાએ જો તમો અમોને મદદ નહિ કરો તો તમો પરિષદ્દની સેવા કરવામાં પછાત પડયા છો એમજ ગણાશે. શ્રીમંતો નાણું આપી પરિષદના કાર્યને આગળ વધારી શકે છે, તેમ તમો તમારાં તન, મન અને બુદ્ધિદ્વારા મદદ કરી શકો છો. તમારૂં આજે ચઢતું લોહી છે તે સમયે જ્ઞાતિસેવા કરવાનું તમારામાં અથાગ સામર્થ્ય ભર્યું છે; વૃદ્ધ થયે તે સામર્થ્ય રહેવાનું નથી. તો શું તમારામાં અત્યારે રહેલો શકિતનો અખૂટ ખજાનો આપણી કોમની સેવા કરવામાં વાપરી કૃતકૃત્ય નહીં બનો ?

આપણી જ્ઞાતિપરની આફતનું ચિત્ર આપની સમક્ષ નવેસરથી દોરવાનું રહેતું નથી. કોમ આજે કુસુંપ, પ્રમાદ, આલસ્ય વગેરે દોષોને અંગે અધોગતિને પામતી રહી છે. મહાજનો આજે સુષુપ્તિ દશા ભોગવી રહ્યા છે. નથી જ્ઞાતિનું કોઇ બંધારણ, નથી તેના કાંઇ કાયદા કાનુનો, નથી કોઇના પર કોઇ જાતનાં બંધનો કે અંકુશો, અને નથી કોઇ કોઇનો ભાવ પુછતું. સૌ અત્યારે પોતપોતાના મનના રાજા થઇ વિચારે છે. આ સ્થિતિ ઇચ્છવા યોગ્ય નથી એમ સૌ કોઇ સ્વીકારે છે, પણ તે કેમ સુધારવી તેના કોઇને માર્ગ જડતા નથી. મહાજનો મળતા હોય તો કોઇ તોડ નીકળેને ? મહાજન કોઇ બોલાવતું નથી. પણ એમ

કોઇને હિમ્મત આવતી નથી કે એકાદ બે સભામાં તેમ પોપડાં ઉખડશે છતાં એ પછી તો રચનાત્મક કાર્ય માટેનો માર્ગ મોકળો થશેને ? પણ આ સૌ મહાજનોના અધિકારીઓએ વિચારવાનું છે. પણ આ સ્થિતિમાં આપણે શું ત્યારે હાથ જોડીને બેસી રહેવું ? તેમ તો બનેજ કેમ ? માર્ગ તો કોઇ કાઢવોજ જોઇએ તે માર્ગ કાઢવાજ પરિષદ બોલાવવામાં આવી છે. અને આ પરિષદ પ્રત્યે દિલસોજી અને સહાનુભૂતિ ? તે તો અનેકની છે. ખુદ સમજુ શ્રીમંત વર્ગ પણ જ્ઞાતિની હાલની અવનતિ ઇચ્છતો નથી. આજે તેથીજ તેનો એક ભાગ પરિષદનું કાર્ય પાર ઉતારવા કટિબદ્ધ થયો છે. પણ હજી કેટલાક શ્રીમંતો અમુક શેઠ જોડાય તો અમો જોડાઇએ, અમુક કાર્યકર્તા થાય તો અમો થઇએ, અમુક ફંડમાં નાણાં ભરે તો અમો ભરીએ, એમ રાહ જોતા બેઠા છે. પણ અંતે તે સૌ આપણાજ છે અને સ્વયમેવ નહીં તો એક બીજાના કહેવાથી કે બીજાને જોઇને પણ તેઓ આપણા આ કાર્યમાં સહાનુભૂત થશે એ વિવાદ વિનાનું છે. આ પત્રિકાદ્વારા તેવાઓને પણ કમિટીની પ્રાર્થના છે કે તેમણે હવે આ જ્ઞાતિસેવાનાં કાર્યમાં વિલંબ ન કરવો, પણ જ્ઞાતિની હાકલનો તુરત ઉદાર જવાબ વાળવો.

પણ તેઓ જોડાય તે દરમ્યાન તમારી ફરજ શી છે? એજ કે તમારે તમારા અંતઃકરણની સલાહ લઇ કાર્ય કરવું. જ્ઞાતિની હાલની સ્થિતિ તમે ચાહો છો ? જો ચાહતા હો તો પ્રશ્ન જુદોજ થઇ પડશે. પણ જો ન ચાહતા હો તો તમારી ફરજ સ્પષ્ટ છે. ફરીને અમો તમોને વિનવીએ છીએ કે અત્યારે તમારૂં લોહી ચઢતું છે તો અત્યારે તમો જે સેવા કરી શકશો તે મોટપણે થવાની નથી. જ્ઞાતિના તમો ભાવિ આશારૂપ છો. આજે તમો ન્હાના હશો તો કાલે તમો મોટા થશો; આજે તમો અભ્યાસ કરતા હશો તો કાલે તમો વ્યવહારમાં પડશો; આજે તમો બ્રહ્મચારી હશો તો કાલે તમો ગૃહસ્થાશ્રમમાં જોડાશો. તે વેળાએ જ્ઞાતિ કેવી અમૂલ્ય વસ્તુ છે અને તેને અવનત દશાએ ગબડવા દીધી તેમાં કેટલું મોટું પાપ કર્યું તે સમજશો. જ્ઞાતિ ઉદ્ધારમાં અત્યારથીજ નહી લાગી જતાં ભાવિ પ્રજા આપણે આપણાં કર્તવ્યમા ભૂલ્યાં માટે શ્રાપ દેશે. શું જ્ઞાતિની હાલની દશા માટે આપણી પુર્વે થયલાઓનો દોષ નથી કઢાતો ? તો શું આપણે આપણાં કર્તવ્યમાં ભુલશું તો ભાવિ પ્રજા આપણે માટે તેવાજ વિચારો નહીં બાંધે ? તે સ્થિતિમાં, બન્ધુઓ, હવે વિચારો કરવાનું ત્યજી દો, અને તમારા ફુરસદનો તથા શાળાઓમાં હાલ પડેલી અથવા તુરતમાં પડનારી રજાઓનો સમય પરિષદ દેવીની સેવામાં અર્પણ કરો. પરિષદ અંગે સેવા અર્થે અનેક ખાતાઓ ખોલવામાં આવ્યા છે. કોઇ પણ ખાતામાં જોડાઇ કેઇ પણ રૂપે તમો સેવા કરી શકો છો.

જાગૃત થાઓ–ઝટ ઉઠો.

અથવા.

સદાને માટે જ્ઞાતિને અસ્તવ્યસ્ત થવા દઇ તેના લય સાથે તેના વિનાશનાં દુઃખરૂપ કાર્યના ભાગી બનો.

ભટ્ટિવીર માતાઓ અને ભગિનીઓ પ્રત્યે.

પત્રિકા નાં. ૭.

માતાઓ અને ભગિનીઓ,

ચૈત્ર માસ ઉતરતાં મુંબઇની હાલ્લાઇ ભાટીઆ મહાજન વાડીમાં એક મોટો મનોરથ થનાર છે. ચૈત્ર વદી ૦)), વૈશાખ શુદિ ૧, અને વૈશાખ શુદિ ૨ ના શનિ, રવિ અને સોમના દિવસોએ એ મનોરથ છે. આ મનોરથ કોઇ એકજ બ્હેન કે ભાઇનો નથી, તે આપણા સૌનો છે; એટલે મનમાં કાંઇપણ મલાજો લાવ્યા શિવાય એ મનોરથમાં ભાગ લેવા પધારવા અમો તમોને નોતરીએ છીએ. એ મનોરથ આપણી જ્ઞાતિના પરિષદરૂપે છે. ઉપર જણાવેલા ત્રણે દિવસોએ આપણે સર્વે આપણી જ્ઞાતિની હાલની સ્થિતિ ઉપર વિચાર ચલાવવા મળનાર છીએ. તમો તે પરિષદનાં કાર્યમાં ભાગ લઇ શકો છો. જો તે લેવા ન માગતા હો તો ત્યાં થતું કામકાજ જોવા અને તે રીતે તમો પણ અમારા કાર્યમાં સામેલ છો તેનો પુરાવો તમારા કુટુંબને તથા જ્ઞાતિને આપવા તમો આવી શકો તેમ છો. પરિષદમાં આવતાં તમોને કોઇ વારી શકે તેમ નથી. આપ દર્શને જાઓ છો, સગાંઓમાં જાઓ છો, સવડ હોય તો હરવા ફરવાએ જઇ શકો છો તેમાં તમારી આડે કોઇ આવી શકતું નથી. ત્યારે જ્યાં જ્ઞાતિને પાવન કરવા પરિષદરૂપી ગંગા પધારવાની છે ત્યાં તેમાં નાહી પાવન થતાં અને આ જ્ઞાતિનાં દર્શન કરતાં શું તમોને કોઇ રોકી શકે તેમ છે?

આ પરિષદ્ શાં કારણે ભરવામાં આવનાર છે તે વાત તો તમારા કાન ઉપર આવીજ હશે. આપણી જ્ઞાતિનો અત્યારે કોઇ ધણી ધોરી નથી; જેમ ફાવે તેમ સૌ પોતપોતાનું ફોડી લે છે. આપણી વસતી ઘટી ગઇ છે. મુંબઇમા રહેતા આપણા જ્ઞાતીજનોની વસ્તીની ગણુત્રિ આજથી કેટલાક સમય પહેલાં કરવામાં આવી હતી. તેની હકીકત છાપાઓમાં તો તમે વાંચી હશે. તો પરિષદ્ દ્વારા તમોને જણાવવાની રજા લઇએ છીએ કે આપણી જ્ઞાતિમાં કુંવારા અને રંડાયલાઓ માટે જોઇતી કન્યાઓ નથી. આપણે ત્યાં કુંવારા અને રંડાયલાઓની વસ્તી કરતાં અડધી કન્યાઓ છે. તે જોતાં તમારા પુત્રો, ભાઇઓ, ભત્રીજાઓ. અને ભાણેજો વગર પરણેલા રહે તેમાં કાંઇ નવાઇ નથી. છોકરા કે ભાઇનું સગપણ કરવા જતાં કેટકેટલાંની તમારે ખોટી ખુશામદો કરવી પડે છે, કેટકેટલાંને ત્યાં તમારે વગો પુગાડવી પડે છે, કેટકેટલાંનાં તમારે મોઢાં બોલાવવાં પડે છે, કેટકેટલી વખત પગનાં તળીઆં ઘસી નાખવા પડે છે, તે, હે માતાઓ અને બ્હેનો, તમો સર્વ જાણો છો; અને તે તમો જાણો છો તેટલું પુરૂષવર્ગ જાણતો નથી. અને તેમ છતાં એ તમારી મહેનતનું પરીણામ શું આવે છે? એજ કે તમારે ઘેર મોટર કે બાળો કે હીરામોતીના દાગીના નથી. અને તેથી તમારો પ્રાણથી પણ પ્યારો કાકુ પરણ્યાવિનાનો—અરે કહો કે વાંઢોજ રખડે છે, રઝળે છે અને તમો 'વહુ, વહુ,' ના વલખાં મારતાં આંસુઓ સારતા બેસી રહો છો! આ તમારો અંતરનો કકળાટ—આ તમાર

ઉનાં આંસુઓ—જ્ઞાતિને ગુપ્ત શ્રાપ આપી રહયા છે અને તેજ શ્રાપોથી જ્ઞાતિ અત્યારે બળ રહી છે. આવાંજ એક દસ વરસ બીજા પસાર થશે તો કન્યાઓની અછત છે તેથી પણ વધુ જણાશે.

મ્હાતાઓ અને બ્હેનો, લુગડાં ઘરેણાંનો વિચાર કરતાં જ્ઞાતિની આ દશાનો કયા વિચાર કર્યો છે ખરો કે? જ્ઞાતિમાં કન્યાની છત અછત એક શ્રીમંતનો છોકરો ઉથલ તેને ત્યાં કેટલી જન્મપત્રિકઓ જાય છે તે ઉપરથી સમજવાની જરૂર નથી. એમ તો કો કોઇ શ્રીમંતને ત્યાં ૭૫ જેટલી પણ જન્મપત્રિકાઓ જાય છે! તેમાં પસંદ તો કોઇ સાર શ્રીમંતનીજ કન્યા થાય છે, પણ પોતાની છોકરી મોટરમાં બેસી મલકાય, શેઠાણી કહેવાય હીરામોતીના દાગીના પહેરી શોભે તે ખ્યાલથી જ્ઞાતિનો મધ્યમ અને ગરીબ વર્ગ પણ શ્રીમંતના છોકરાને પોતાની છોકરી આપવા પછડાય છે! અને તેથીજ કોઇ શ્રીમંત ઉથ તો કન્યાઓ માટેનો મનમાન્યો વર મળી શકે તે હેતુથીજ કેટલેક ઠેકાણે કન્યાઓ મો કરવામાં આવતી જોવામાં આવે છે. આ સ્થિતિ ઉભી થવાનું કારણ પણ એજ છે જ્ઞાતિના કુંવારાઓ માટે જોઇતી કન્યાઓ નથી. જ્યાં કન્યાઓની છત છે ત્યાં ગરીબો પોતાની કન્યાઓ ગરીબોને આપવા આતુરજ હોય છે, પણ ખુદ તે જ્ઞાતિના શ્રીમંતો પણ ગરીબ કુટુંબોમાં પોતાની છોકરીઓ આપવા અને તેમને ઠેકાણે પાડવા રાત અને દિવ ચિંતા કરતા જોવામાં આવે છે. તમારા ભાઇ ભાંડુઓને વરાવવા પરણાવવા શું તમો સ્થિતિ જોવા ચાહો છો? આપણી જ્ઞાતિની પરિષદ જ્ઞાતિના બીજા અગત્યના પ્રશ્નો સા જ્ઞાતિમાં કન્યાઓની છત કેમ થાય એનો પણ વિચાર કરશે, આ કુટુંબસુખનો સવા હોવાથી પરિષદ તેમાં તમારી સલાહ તમારી હાજરી-ઇચ્છે છે. માતાઓ અને બ્હેનો, સલાહ અને હાજરી તમો આપી શકશો? જો તમો તે આપી શકો તો દરેકનું કુટુંબ સુખ બનાવવા સાથે જ્ઞાતિનું કલ્યાણ પણ કરી શકાશે અને તેની વસતી પણ વધારી શકાશે. પણ તે માટે આપણે અત્યારથીજ પગલાં લેવા માંડશું તોજ બનશે. માટે,

વીરમાતાઓ અને ભગિનીઓ, જાગૃત થાઓ. તમારાં સુનેલાં સિંહબાળ અને ભ્રાતાઓને જગાડો, તેમને જ્ઞાતિની અને તમારી અમારી સૌની ખરી સ્થિતિનું ભા કરાવો, તેમને તેમની ફરજ પ્રત્યે વાળો અને કલ્યાણકારી પરિષદમાં પધારી અમારો, આપ અને આખી જ્ઞાતિનો આ મનોરથ સિદ્ધ કરાવો.

ભાટીઆ ભાઇઓ જોગ.

પત્રિકા નં. ૮

અધ્યક્ષ

ભાઇ પુરૂષોત્તમ વિશ્રામ માવજી.

સ્વાગત સમિતિના પ્રમુખ

ભાઇ પુરૂષોત્તમ જીવણદાસ મુલજી.

સ્થળ

હાલાઇ ભાટીઆ મહાજનવાડી, કાલબાદેવી રોડ.

દિવસ.

ચૈત્ર વદિ ૦)) તા. ૩-૪-૨૪ ને શનિવાર.

વૈશાખ શુદિ ૧ તા. ૪-૫-૨૪ ને રવિવાર.

વૈશાખ શુદિ ૨ તા. ૫-૫-૨૪ ને સોમવાર.

ફી.

ડેલીગેટો (પ્રતિનિધી) રૂા. ૨)

વિઝીટર (પ્રેક્ષક) રૂા. ૧)

વિઝીટર (પ્રેક્ષક) રૂા. ૦ાા દિન ૧ માટે

ઉપરાંત સ્ત્રી પ્રેક્ષક તથા હાઇ સ્કુલ, કોલેજ વગેરેની કેળવણીની સંસ્થાઓ માટે પ્રેક્ષક તરીકેની ફી રાખવામાં આવેલ નથી. તેઓને ફ્રી પાસ આપી દાખલ કરવામાં આવશે.

સ્થાનિક તથા મહાજન મંડલો તથા ભાઇઓએ પોતાના પ્રતિનિધીઓ ચુંટી પરિષદ્‌ના મંત્રીને નામ ઠામ તરત લખી મોકલવા તેમજ પરિષદ્‌ના ચર્ચવા માટેના વિષયોની સૂચનાઓ પણ તાકીદે મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

બહાર ગામથી આવનારા ડેલીગેટો તથા પ્રેક્ષક ભાઇઓને માટે ઉતરવાને સારૂ અત્રે ખાસ ગોઠવણો તથા ખાવા પીવા વગેરેની ખાસ સગવડો કરવામાં આવી છે. માટે આવનારા ભાઇઓએ મુંબઇ ખાતે પધારવું અને આવવાની ખબર અગાઉથી લખી જણાવવાથી સ્ટેશને ઉતારવા સ્વયંસેવકો હાજર રહેશે. કુટુંબ સાથે આવનાર ભાઇઓ માટે પણ અલાહેદી ગોઠવણો કરવામાં આવી છે. પરીષદ્‌માં બહારગામથી આવનાર ભાઇઓ માટે કેમ્પ (રસોડું) તા. ૩૦-૪-૨૪ ને રોજે ઉઘડશે.

ડેલીગેટો (ચુંટાયલા પ્રતિનિધિઓ) અને પ્રેક્ષકોની ટિકિટો તા. ૨૩-૪-૨૩ થી નીચલા ઠેકાણેથી મળી શકશેઃ—**હીરજી વીરજી કાપડીઆ**, જો. ઓ. મંત્રી, ઠેકાણું, જુની હનુમાન ગલી, પોસ્ટ નં. ૨.

પૂજ્ય ભટ્ટિદેવીઓ જોગ.

પત્રિકા નં. ૯.

અતિ આનંદની વાત છે કે આપણી મુંબઇ નગરીમાં, આપણા ઘરને આંગણે આ માસની આખરીએ જ્ઞાતિ ગંગા સંમેલનનું સ્થાપન થવાનું છે. આશા છે કે દરેક જ્ઞાતિબંધુ યુવાન કે વૃદ્ધ આ જ્ઞાતિદર્શનથી બહિર્મુખ નહીં રહે. સાથે સાથે આપણી જ્ઞાતિની દેવીઓ, અર્થાત બહેનો અને માતાઓ પણ, આ સમ્મેલનમાં જોડાઈ, જ્ઞાતિ કલ્યાણમાં ભાગ લઇ, તેમાં સહાયક બની, જ્ઞાતિની સુધારણા, જ્ઞાતિની ઉન્નતિ, જ્ઞાતિમાં જડ ઘાલી બેઠેલા અહિતકારી રીવાજો, જ્ઞાતિમાંથી અદૃષ્ટ કરવા સહાય કરશે, કયા રીવાજોને જલદી દુર કરી શકાય તેની સૂચના કરશે, કયા રીવાજો જ્ઞાતિ હિતકર્તા હોવા છતાં તેનું રૂપાંતર થયેલું હોવાથી તેનું મૂળ સ્વરૂપ કેવી રીતે ધારણ કરે તેની રીતે દેખાડશે. કયાં કયાં અડચણો આવે છે તે પોતાના લાંબા વખતના અનુભવથી માર્ગ દર્શાવશે.

દેવીઓ! પુરૂષોએ એકલે હાથે જ્ઞાતિનું નાવ અત્યાર સુધી ચલાવ્યું. અનુભવે સિદ્ધ કર્યું કે સ્ત્રીઓની સહાયતાથી તે સુગમ થઇ શકે કારણ કે કેટલીક બાબતો એવી છે કે કરેલા ઠરાવો યથાર્થ પાળવામાં સ્ત્રી વર્ગની સહાનુભૂતિ હોવીજ જોઇએ; વળી આવા ઠરાવો કરતી વખતે તે વર્ગ તરફની સલાહ અને સહાનુભૂતિ આવશ્યક છે.

દેવીઓ! જ્ઞાતિ સંમેલનમાં તમારી હાજરી અનિવાર્ય છે. તમો ભટ્ટિ વીરોની માતાઓ છો. ગમે તેવો બહાદુર ભટ્ટિ નર હશે, પ્રજામાં પંકાયેલો હશે, સરકારમાં અંકાયેલો હશે, પણ તે પાકયો છે તમો દેવીઓની કુખે. હાલની તેની મોટાઇ તે તો બાળપણામાં તેને તમોએ આપેલા માતૃશિક્ષણને આભારી છે. આપણા શાસ્ત્રો **માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્યદેવો ભવ** એવી આજ્ઞા કરે છે. આ ત્રણે ગુરૂઓમાં પણ તમો દેવીઓને પ્રથમ સ્થાન આપેલું છે, આધુનિક જમાનામાં રાજદ્વારી અને શહેરી સમાજ, પાર્લામેન્ટ, મ્યુનિસિપલ કોરપોરેશન વગેરે સંસ્થાઓમાં પણ સ્ત્રીઓની હાજરી સ્વીકારી છે તો આ જ્ઞાતિ સંમેલનમાં તમારી હાજરી અનિવાર્ય છે. માટે બહેનો! પધારો. માતાઓ! પધારો. પુત્રીઓ અને પુત્રવધૂઓને સાથે લાવજો.

બહેનો! જ્ઞાતિયજ્ઞમાં તમારી સેવાની જરૂર છે. માટે તમારા નામો ગંગાસ્વરૂપ બ્હેન જમનાબાઇ ગોવિંદજીને આ કોનફરન્સની ઓફીસમાં પહોંચાડશો તો આપને ઘર બેઠા તે માટેની ટીકીટો પહોંચતી કરી આપવામાં આવશે.

સ્ત્રી વર્ગ માટે મલાજા ભરેલી સગવડ આ કોનફરન્સના પ્રવર્તકોએ રાખી છે.

પરિષદ્ કયા કયા વિષયો ઉપર વિચાર ચલાવશે?

પત્રિકા નં૦ ૧૦

મુંબઇ ખાતે આવતા શનિવારના દિવસથી મળનારી પરિષદ્‌માં કયા કયા વિષયોની ચર્ચા કરવામાં આવશે તે વિષે ભાટીઆ ભાઇઓમાં અનેક જાતના તર્ક વિતર્કો કરવામાં આવે છે. તેથી આ પરિષદ્‌ની વરકીંગ કમિટી આ પત્રિકા દ્વારા જાહેર કરે છે કે પરિષદ્‌માં પ્રધાનપદે નીચલી બાબતોનો વિચાર ચલાવવામાં આવશેઃ--

૧. આપણી જ્ઞાતિનું બંધારણ શિથિલ થયું હોવાથી તે કેવા પ્રકારનું હોવું જોઇએ તે ઉપર વિચાર ચલાવવો.

૨. આપણી જ્ઞાતિની ઉન્નતિ થતી કેમ અટકી છે અને અધોગતિ થતી હોય તો તે કેવી રીતે અટકાવવી અને જ્ઞાતિને ઉન્નતિ તરફ કેમ લઇ જઇ શકાય તેનો વિચાર કરવો.

૩. આપણા જ્ઞાતિહીત માટે જુદી જુદી વ્યકિતઓએ નિર્માણ કરેલી રકમોનો ઉપયોગ, જે ધારણાથી અપાયલી તે રકમો છે તે ધારણાઓ અમલમાં મેલવા શા શા ઉપાયો લેવા તેનો વિચાર કરવો.

મુંબઇમાં વસતા ભાટીઆ ભાઇઓની વસતી ગણત્રીનું કોષ્ટક.

પત્રિકા નં. ૧૧.

મુંબઈના ભાટીઆ મિત્રમંડળે ગયા વરસ દરમ્યાન આ શહેર તથા તેના પરાઓમાં રહેતી ભાટીઆ વસ્તીની ગણત્રિનું કાર્ય ભાટીઆ વોલન્ટીઅર કોરની મદદ સાથે કર્યું હતું. તેના પરિણામે તેઓ તરફથી સહેલાઈ સાથે સમજી શકાય એવું એક કોષ્ટક તૈયાર કરવામાં આવ્યું છે.

૩૪૦૧ પુરૂષોની વસ્તીમાંથી કુંવારાઓની સંખ્યા ૧૩૫૮ ની અને રંડાએલાઓની ૩૩૦ ની મળી તેવાઓની કુલ સંખ્યા ૧૬૮૮ ની થવા જાય છે.

૩૧૬૮ સ્ત્રી વસ્તીમાં કુંવારીઓની સંખ્યા ૭૭૩ ની અને વિધવાઓની ૭૮૦ ની મળી તેઓની કુલ સંખ્યા ૧૫૫૩ ની થવા જાય છે.

કોમમાં પુનર્લગ્ન કરવાનો રીવાજ નથી, એટલે કુંવારા અને રંડાએલા મળી ૧૬૮૮ પુરૂષો વિરૂદ્ધ કુંવારીઓની સંખ્યા ૭૭૩ જેટલી જણાય છે. ગણિત નજરે ૧૬૮૮–૭૭૩ બાદ કરતાં પુરૂષો કરતાં કન્યાઓની ઘટ ૯૧૫ જેટલી છે. મિત્રમંડળે બહાર પાડેલું કોષ્ટક નીચે મુજબ છેઃ—

પુરૂષો કુલ્લે ૩૪૦૧.

પરણેલા.	વરેલા.	કુંવારા.			રંડાયેલા.		કુલ્લે.
		૧૫ વરસની ઉમર અંદર.	૧૫ થી ૩૦ વરસ સુધી.	૩૦ વરસની ઉમર અંદર.	૪૦ વરસની ઉમર અંદર.	૪૦ વરસની ઉમર ઉપર	
		૮૬૧	૪૬૪	૩૩	૧૧૩	૨૧૭	
૧૫૬૨	૧૫૧	૧૩૫૮			૩૩૦		૩૪૦૧

સ્ત્રીઓ કુલ્લે ૩૧૬૮.

પરણેલ	વરેલ.	કુંવારી.		વીધવા.				કુલ્લે.
		૧૦ વરસની ઉંમર અંદર	૧૦ વરસની ઉમર ઉપર	૧૫ વરસની અંદર.	૧૫ થી ૨૫ વર્ષની ઉમર સુધી	૨૫ થી ૪૦ ઉમર સુધી	૪૦ થી ૫૨ ઉમર સુધી.	
		૬૪૧	૧૩૨	૨	૭૭	૨૪૦	૪૫૭	
૧૫૦૬	૧૦૯	૭૭૩		૭૮૦				૩૧૬૮

કુલ્લે વસ્તી ૬૫૬૯

લી૦ સેવકો,

(સહી) વિઠલદાસ દામોદર ગોવિંદજી.

,, સુંદરદાસ ઠાકરસી રાજડા.

,, વિજયસિંહ ગોવિંદજી પરેચા.

,, હીરજી વીરજી કાપડીયા.

મંત્રીઓ, ભાટીઆ પ્રાંતિક પરિષદ્.

પરિશિષ્ટ ૩.

પરિષદે પસાર કરેલા ઠરાવો.

(૧) આપણી જ્ઞાતિમાં પડેલાં ભંગાણુ અગર મતભેદને દૂર કરવા સારૂ શા શા ઉપાયો લેવા તે નક્કી કરવા આ પરિષદ્ નીચલા ગૃહસ્થોની એક કમિટી નેમે છે, અને તે કમિટીએ બે માસની અંદર પોતાનો રિપોર્ટ કારોબારી (વર્કિંગ) કમિટીને કરવો:—

ભાઇ પુરૂષોત્તમ વિશ્રામ માવજી.
,, પુરૂષોત્તમ જીવણદાસ મુલજી.
,, લાલજી નારાણજી.
,, મથરાંદાસ કાનજી મટાણી.
,, દામોદર ગોવિંદજી.
,, મુલજી રણછોડ વેદ.
,, હીરજી વીરજી.
,, લખમીદાસ લાલજી.

(સર્વાનુમતે પસાર.)

(૨) આપણી જ્ઞાતિનું બંધારણ શિથિલ હોવાથી આ પરિષદ્ એક કારોબારી સમિતિ નેમે છે. આ સમિતિની ફરજો નીચે પ્રમાણે રહેશેઃ—

(અ) આ પરિષદ્ જે જે ઠરાવો કરે તે તે ઠરાવો પરિષદ્ની બીજી બેઠક મળે ત્યાં સુધી અમલમાં લાવવા.

(આ) પરિષદનાં બંધારણની એક યોજના છ માસની અંદર ઘડી કાઢવી, અને તે યોજનાને વ્યવહાર રૂપ આપવાને માટે તેનો ખરડો નક્કી કરી આખા પ્રાંતના અભિપ્રાયો સાથે પરિષદ્ની બીજી બેઠક વખતે તેની બહાલી માટે રજુ કરવો અને તેવી બેઠક આજથી મોડામાં મોડી બાર માસની અંદર મેળવવી.

(ઇ) પરિષદ્નાં ફંડનો જે કાંઇ પણ વધારો રહે તો તે આ કારોબારી સમિતિને ખરચ માટે સોંપી આપવો અને વધુ નાણાંની જરૂરીઆત રહે ત્યાં આ સમિતિ ઉઘરાણું કરી પોતાનાં કાર્યને ગતિમાં મેલે.

(ઉ) કારોબારી સમિતિનું બંધારણ આખા પ્રાંતમાંથી સ્ત્રી તથા પુરૂષો મળી કુલ્લે ૬૦ સભાસદોનું રહેશે. તેમાં ઓછામાં ઓછી ૫ સ્ત્રીઓ રહેશે. આ સમિતિ જરૂર પડતાં ૧૫ સુધી વધુ સભાસદ નીમશે.

(એ) સમિતિ પોતાની અંતર્ગત વ્યવસ્થા માટે પોતાને જરૂર પડતા નિયમો બાંધશે.

ઉપરોક્ત સમિતિ નીચના સભાસદોની બનશે.—

બાઇઓ પુરૂષોતમ વિશ્રામ માવજી, નારાણદાસ પુરૂષોતમ, વિસનજી વિઠલદાસ, હરિદાસ મુરારજી વેલજી, લાલજી નારાણજી, લખમીદાસ લાલજી સરૈયા, હીરજી વીરજી, નારાણદાસ ભગવાનદાસ, ભગવાનદાસ દયાલજી, ઓધવજી ચાંપશી, વિઠલદાસ દામોદર ગોવિંદજી, મથરાંદાસ હરિભાઇ, હરજીવન વાલજી, વિસનજી નારાણજી, ગોવર્ધનદાસ માવજી, ત્રિકમદાસ ચકુભાઇ, પુરૂષોતમ જીવણદાસ, મથુરાંદાસ કાનજી મટાણી, જીવરાજ ગોકલદાસ નેણસી, દ્વારકાદાસ રવજી (ગોવર્ધનદાસ ખેતસીવાળા,) કાનજી કરસનદાસ, હંસરાજ પ્રેમજી, રતનસી કરસનદાસ રણછોડદાસ, કાનજી ખટાઉ, માધવદાસ જેઠાભાઇ, લધા ડોસા, લક્ષ્મીદાસ પુરૂષોતમ આસર, નજુકલાલ નંદલાલ ચોકશી, લક્ષ્મણદાસ કાશીનાથ, ચીમનલાલ માણેકલાલ, વીરજી કાનજી, લક્ષ્મીદાસ પુરૂષોત્તમ, દ્વારકાદાસ ગોકલદાસ દલાલ, મુલજી રણછોડ વેદ, જમનાદાસ ડુંગરસી, મુલજી કરસનદાસ, કેશવજી રામજી લક્ષ્મીદાસ, ગોવર્ધનદાસ પ્રાગજી, ગોવર્ધનદાસ ગોકલદાસ તેજપાલ, કાલિદાસ ગોવિંદજી, વિઠલદાસ કાનજી, રણછોડદાસ હરજીવન, રતનસી હેમરાજ, ગોકલદાસ ધરમસી, કરસનદાસ ઠાકરસી રવજી, સુંદરદાસ ઠાકરસી, મુલજી નાગજી, દામોદર જગજીવન, બાઇઓ વાલીબાઇ વિઠલદાસ દામોદર, લીલાબાઇ લાલજી, મોતીબાઇ માધવજી દામોદર, ગોમતીબાઇ લીલાધર ભીમજી, ચતુરબાઇ નેણસી વાલજી, સાકરબાઇ વિસનજી દામોદર, જમનાબાઇ ગોવિંદજી માધવજી, શામીબાઇ મુરારજી વેલજી અને ટમુબાઇ ખીમજી.

(સર્વાનુમતે પસાર)

(૩) આપણી જ્ઞાતિની ઉન્નતિ કેમ અટકી છે અને જો અધોગતિ થતી હોત તો તે કેવી રીતે અટકાવવી અને જ્ઞાતિને ઉન્નતિ તરફ કેમ લઇ જઇ શકાય તે માટે:—

(અ) આપણી જ્ઞાતિમાં હજી પણ કોઇ કોઇ સ્થળે કન્યાવિક્રય થાય છે તે પ્રત્યે આ પરિષદ્ પોતાનો સખ્ત અણુગમો જાહેર કરે છે.

(આ) આ પરિષદ બાળલગ્ન અને વૃદ્ધપુરૂષોનાં લગ્ન બંધ કરવાની ભલામણ કરે છે.

(ઇ) આપણી જ્ઞાતિમાં સારા અને માઠા પ્રસંગોએ કરવામાં આવતા રીતરીવાજો અમલમાં લાવવાનો કુલ્લે આધાર સ્ત્રીવર્ગના હાથમાં હોવાથી, આ પરિષદ જ્ઞાતિના સ્ત્રી વર્ગને ખાસ કરીને વિનંતિ કરે છે કે જ્ઞાતિની ઉન્નતિને ખાતર તેમજ જ્ઞાતિની હાલની અને ભવિષ્યની પ્રજાને ભારે ન પડે અને ભવિષ્યની પ્રજા સુખમય જીવન ગાળે તે ખાતર નીચે જણાવેલી સૂચનાઓનો પૂર્ણપણે વહેલો અમલ કરે:—

૧. યજ્ઞોપવીત (જનોઇ) સમયે ધાર્મિક ક્રિયાઓ ઉપરાંત વરઘોડો (ફુલેકો) અને તેવા બીજા ખરચાળ વ્યવહાર બને તેટલા ઓછા કરવા.

૨. આપણી જ્ઞાતિમાં સગપણ સમયે પલ્લું (સહાય) મુકવાના પ્રચલિત રિવાજ તરફ આ પરિષદ્ પોતાનો સખ્ત અણુગમો જાહેર કરે છે.

૩. આપણી જ્ઞાતિમાં વરણી, પરણી તથા સીમંતના અનેક શુભ પ્રસંગોએ 'જયશ્રીકૃષ્ણ,' 'જયગોપાલ' અને 'નાલિયેર' રૂપે રોકડ લેતી દેતીનો જે રિવાજ છે, તે જ્ઞાતિના મધ્યમ

અને ગરીબ કુટુંબો ઉપર બહુ ભારે થઇ પડયો છે. તેથી આ પરિષદ્ જ્ઞાતિને અને ખાસ કરીને તેના સ્ત્રી વર્ગને તે લેતી દેતી બંધ કરવા ખાસ આગ્રહ કરે છે. આ કેટલાક રીવાજો મુખ્યત્વે પૈસાપાત્ર કુટુંબો તરફથી વધારવામાં આવતાં તેનું અનુકરણ બીજાઓ કરતા હોવાથી શ્રીમંત વર્ગનેજ આ રીવાજો બંધ કરી દાખલો બેસાડવા આ પરિષદ્ મજબુત ભલામણ કરે છે.

૪. આપણી જ્ઞાતિમાં મરણ જેવા અશુભ પ્રસંગોએ કેટલેક ઠેકાણે ફરજ્યાત જમણવારો અને ઉઠમણાંનો વ્યવહાર ચાલુ છે તેનો આ પરિષદ સખ્ત નિષેધ કરે છે અને તે જમણવારો તથા ઉઠમણાંનો વ્યવહાર ન કરવાની ભલામણ કરે છે. (સર્વાનુમતે પસાર)

(૪) મુંબઇમાં વસતા ભાટીઆ ભાઇઓની ગયે વરસે વસ્તીની જે ગણત્રિ કરવામાં આવી છે અને જેનું કોષ્ટક હાલમાં પ્રગટ કરવામાં આવ્યું છે, લગભગ તે ધોરણે મુંબઇ શહેર અને તેનાં પરાંઓની બહાર આ પ્રાંતની જ્યાં જ્યાં ભાટીઆ વસ્તી હોય તેની ગણત્રિ કરવી ઇચ્છવા જોગ હોવાથી આ પરિષદ્ ઠરાવ કરે છે કે પરિષદ્‌ની આવતી બેઠક મળતા સુધીમાં તેવી ગણત્રિનું કામ કરી લેવું. (સર્વાનુમતે પસાર)

(૫) ભાટીઆ જ્ઞાતિને ભાટીઆ ઇતિહાસની અતિ જરૂર છે અને તે ત્વરાએ પ્રગટ થાય એવું આ પરિષદ્ ઇચ્છે છે. (સર્વાનુમતે પસાર)

(૬) ભાટીઆ જ્ઞાતિની ઉન્નતિ અર્થેના પ્રશ્નોની ચર્ચા ચાલુ અને છુટથી થઇ શકે તેટલા માટેનાં કોઇ પત્રની જરૂર હોવાથી આ પરિષદ્ પોતાનું તેવુ એક માસિક અથવા અઠવાડિક બનતી ત્વરાએ ચાલુ કરવા ઠરાવ કરે છે. (સર્વાનુમતે પસાર)

(૭) આપણા જ્ઞાતિહિત માટે જુદી જુદી વ્યક્તિયોએ નિર્માણ કરેલી રકમોનો ઉપયોગ જે ધારણાથી તે અપાયલી છે તે ધારણાઓ અમલમાં મેલવા શા શા ઉપાયો અત્યાર સુધીમાં લેવાયા છે તેની વિગતો મેળવવી. (સર્વાનુમતે પસાર)

(૮) આપણી જ્ઞાતિમાં થયલા વિજાતીય (ભાટીઆ સિવાયનાં) લગ્નનો આ પરિષદ્ સખ્ત નિષેધ કરે છે અને આવા લગ્નો જ્યાં જ્યાં થયાં હોય તે માટે તથા હવે પછી ન થાય તે માટે યોગ્ય પગલાં લેવા તે તે ગામના સ્થાનિક મહાજનને ભલામણ કરે છે.

(સર્વાનુમતે પસાર)

(૯) મુંબઇમાં હાલ રહેવા માટેનાં મકાનોની જે તંગી જોવામાં આવે છે અને જે મકાનો મળે છે તેનાં ભાડાં ગરીબ તેમજ મધ્યમ વર્ગને પોષાય તેવા નથી અને તેથી મધ્યમ ભાડાંના હવા ઉજાશ તથા સગવડવાળા મકાનોની જરૂર આ પરિષદ્ પીછાને છે અને તેવા મકાનો તુરત સગવડ પડતા સ્થળોએ ઉભા કરવા આ પરિષદ્ જ્ઞાતિના ધનિકોને ભલામણ કરે છે. (સર્વાનુમતે પસાર)

(૧૦) આપણી જ્ઞાતિની ઉન્નતિ માટે સ્થળે સ્થળે યોગ્ય ધાર્મિક અને સાંસારિક કન્યાકેળવણી અપાય તે માટે ઘટતો પ્રયત્ન કરવો. (સર્વાનુમતે પસાર)

(૧૧) (અ) આપણી જ્ઞાતિના એક પારમાર્થિક વીરનર શેઠ કરસનદાસ નાથાએ પોતે અત્રે સ્થાપેલી ભાટીઆ હાઇસ્કુલમાં વાલ્લભ સંપ્રદાયનાં જે શિક્ષણનો પ્રબંધ કર્યો છે, તે માટે આ પરિષદ તેમને ધન્યવાદ આપે છે.

(આ) આ પરિષદ મુંબઇ ઇલાકાના ભાટીઆ ગ્રેડ્યુએટોને વિનંતિ કરે છે કે એમ. એ., માં જ્યાં તેઓ સ્વૈચ્છિક (optional) વિષયની પસંદગી કરે ત્યાં તેઓએ બને ત્યાં સુધી શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રણીત "અણુભાષ્ય" ના અભ્યાસનો વિષય લેવો.

(ઇ) મુંબઇ યુનીવરસીટી ઉપરાંત દેશની સરકારી કે અર્ધસરકારી તથા રાષ્ટ્રીય વિદ્યાપીઠો તરફથી પોસ્ટગ્રેડ્યુએટ (post-graduate) અભ્યાસ દરમ્યાન જ્યાં "અણુભાષ્ય "ના અભ્યાસ માટેનો પ્રબંધ ન હોય ત્યાં તે કરવા આ પરિષદ તે વિદ્યાપીઠોના નિયામકોને અને કોમના ધનિકોને વિનંતિ કરે છે.

(ઈ) આપણી જ્ઞાતિનું ધર્મઅંગ તદ્દન નબળું પડી જવાથી વાલ્લભ સંપ્રદાય કે જેને આપણી કોમની બહુમતિ અનુસરી રહી છે તેનું અપ્રસિધ્ધ સંસ્કૃત સાહિત્ય પ્રસિધ્ધ કરવા આ પરિષદ સંપ્રદાયના ગોસ્વામી મહારાજશ્રીઓને અને કોમના ધનિકોને ખાસ આગ્રહ કરે છે.

(મોટી બહુમતિએ પસાર)

(૧૨) જ્ઞાતિને ઉન્નતિ તરફ કેમ લઇ જઇ શકાય, તેનાં એક સાધન તરીકે તેમજ જ્ઞાતિની આર્થિક સ્થિતિમાં કેમ સુધારો થાય આ હેતુ લક્ષમાં રાખીને આ કોન્ફરન્સ માને છે કે અસલના વખતમાં દેશમાં આપણા ઘરોમાં રેંટીએ સુતર કાંતવાનો જે રીવાજ હતો, તે ફરી ચાલુ કરવો, અને આવી રીતે કંતાઇને તૈયાર થએલા સુતરમાંથી કૌટુંબીક કપડાં વણાવી પહેરવા.

(સર્વાનુમતે પસાર)

(૧૩) પરિષદનાં કાર્ય માટે હાલાઇ ભાટિઆ મહાજનવાડીનો ઉપયોગ કરવા દેવા સારૂ તેની કમિટીનો આ પરિષદ આભાર માને છે. (સર્વાનુમતે પસાર).

પરિશિષ્ટ ૪.

પરિષદ્ સહાયક ફંડમાં નાણું ભરનારાઓનાં નામની ટીપ.

મુંબઇ (સ્થાનિક)

૧૦૦૧ શ્રી મુંબઇ ભાટીયા વોલન્ટીઅર કોર.
૫૦૧ બાઇ મથુરાદાસ વસનજી ખીમજી.
૫૦૧ "એક ગૃહસ્થ"
૨૫૧ ,, મુળરાજ ખટાઉ.
૨૫૦ ,, નરોતમ મુરારજી ગોકલદાસ.
૨૦૧ ,, પુરૂષોત્તમ વિશ્રામ માવજી.
૧૨૫ ,, તુલસીદાસ ગોરધનદાસ ખટાઉ.
૧૨૫ ,, ત્રિકમદાસ ગોરધનદાસ ખટાઉ.
૧૦૧ ,, વિજયસિંહ ગોવિંદજી પોરેચા.
૧૦૧ ,, જાદવજી હંસરાજ.
૧૦૧ ,, નારણદાસ ટોપણ.
૧૦૧ ,, ભગવાનદાસ ગોરધનદાસ.
૧૦૧ ,, જેરામ દામજી રાજડા.
૧૦૧ ,, મુલજી કરસનદાસ.
૧૦૧ ,, હરિદાસ ધનજી મુલજી.
૧૦૧ ,, રતનસિંહ મુલજી.
૧૦૧ ,, જેરામ હરિ.
૧૦૧ ,, મુરારજી વેલજી.
૧૦૧ ,, ત્રિકમદાસ પુરૂષોત્તમ.
૧૦૧ ,, પુરૂષોત્તમ ગોવિંદજી.
૧૦૧ ,, વીરજી કાનજી.
૧૦૧ ,, રણછોડદાસ નારાણદાસ.
૧૦૧ ,, લાલજી નારણજી.
૧૦૧ શ્રી કંઠી ભાટીયા મહાજન.
૧૦૧ શ્રી મુંબઇ ભાટીયા મહાજન,
૧૦૦ બાઇ પરશોતમ દયાલ.

૧૦૦ ભાઈ વિઠલદાસ દામોદર ગોવિંદજી.
૧૦૦ ,, રામદાસ ડોસા.
૫૧ ,, મુલજી દયાલ.
૫૧ ,, લખમીદાસ પરશોતમ.
૫૧ ,, હંસરાજ પરશોતમ.
૫૧ ,, ભીમજી રામદાસ.
૫૧ ,, રતનશી ગોવિંદજી.
૫૧ ,, ત્રિભોવનદાસ પ્રાગજી.
૫૧ ,, મથુરાદાસ હરિદાસ.
૫૧ ,, રવજી વલભદાસ કાનજી.
૫૧ ,, પરશોતમ લક્ષ્મીદાસ છીંટવાળા.
૫૧ ,, મુરારજી ગોવિંદજી.
૫૧ ,, ગોકુલદાસ જીવરાજ દયાલ.
૫૧ ,, લીલાધર મોરારજી.
૫૧ ,, લક્ષ્મીદાસ રવજી તેરસી.
૫૧ ,, કાનજી કરશનદાસ.
૪૬ ,, મુળજી રણછોડ વેદ.
૪૬ ,, જેઠાભાઇ ગોવિંદજી.
૪૬ ,, હરિદાસ કલ્યાણજી.
૪૫ ,, મુલજી દામોદર.
૨૫ ,, જેરામ ચાંપશી.
૨૫ ,, ગોપાલદાસ કેશવજી.
૨૫ ,, હરિદાસ નારાણજી.
૨૫ ,, રતનસિંહ ત્રિકમદાસ.
૨૫ ,, વિઠલદાસ માવજી.
૨૫ ,, ગોરધનદાસ ગોકલદાસ.
૨૫ ,, મુરારજી નારણદાસ.
૨૫ ,, હેમરાજ કાનજી.
૨૫ ,, મુરારજી ગોવિંદજી.
૨૫ ,, જમનાદાસ જેઠાભાઇ.
૨૫ ,, મથુરાદાસ હરિભાઇ.
૨૫ ,, લક્ષ્મીદાસ મુલજી.
૨૫ ,, જમનાદાસ હરિદાસ.

૨૫ બાઇ આણંદજી વાલજી.
૨૫ શ્રી પચ્ચીસ ગામ ભાટીયા મંડળ.
૨૫ બાઇ હરજીવન વાલજી.
૨૫ ,, ગિરધરદાસ કુંવરજી.
૨૫ ,, હરિદાસ વાલજી કું॰
૨૫ શ્રી યદુવંશી ભાટીયા મંડળ.
૨૫ બાઇ મથુરાદાસ ડુંગરશી.
૨૫ ,, ત્રિકમદાસ જમનાદાસ.
૨૦ ,, કાલિદાસ ગોવિંદજી.
૧૫ ,, કરશનદાસ હરગોવિંદ ચતુ.
૧૫ ,, દામોદર પી. સંપટ.
૧૧ ,, વલભદાસ રામદાસ.
૧૧ ,, ધરમસિંહ માધવજી.
૧૧ ,, નેણશી માધવજી.
૧૧ ,, વિઠલદાસ ભગવાનદાસ.
૧૧ ,, દેવીદાસ ત્રિકમદાસ.
૧૧ ,, ગોરધનદાસ નારણજી.
૧૧ ,, દ્વારકાદાસ કાનજી.
૧૧ ,, ધરમસિંહ નારાણદાસ.
૧૧ ,, ગિરધરદાસ લીલાધર.
૧૧ ,, દેવીદાસ શામજી.
૧૧ "એક ગૃહસ્થ."
૧૦ ,, ઓધવજી કેશવજી.
૧૦ ,, હરિદાસ કલ્યાણજી.
૧૦ ,, મુલજી લક્ષ્મીદાસ.
૧૦ ,, કાનજી મુલજી.
૬ ,, વાલજી કાનજી.
૬ ,, કરસનદાસ વાલજી.
૬ ,, ચત્રભુજ ત્રિકમદાસ.
૫ ,, લક્ષ્મણનાથ કાશીનાથ.
૫ ,, વલ્લભદાસ રંગીલદાસ.
૫ ,, ચત્રભુજ લધા.
૫ ,, વલભદાસ રણછોડદાસ.

૩ "એક ગૃહસ્થ."

૧ ભાઇ ધરમસિંહ રણછોડદાસ.

૬,૬૫૩ કુલ્લે સ્થાનિકના.

બહારગામ.

૧૪૨॥ શ્રી લીન્ડી (આફ્રિકા) ના ભાઇઓ તરફથી ૨૦૦ શલિંગના.

શિલિંગ.

૫૦ ભાઇ મુલજી ખટાઉ કું.

૫૦ ,, કુંવરજી કરશનદાસ.

૨૫ ,, રતનશી લખમીદાસ કું.

૨૫ ,, ગોરધનદાસ છબજી.

૧૦ ,, ખીમજી દામોદર.

૧૦ ,, મુલજી હરિદાસ.

૧૦ ,, દયાળ વસનજી.

૧૦ ,, ચત્રભુજ દામોદર.

૧૦ ,, રણછોડદાસ કરસનદાસ.

૧૦ ,, રતનસિંહ જાદવજી.

૫ ,, નરસિંહ દામોદર.

૫ ,, લધા મુલજી.

૨૨૦

૨૦ શિલીંગ ખર્ચની ગઇ.

૨૦૦.

૧૩૧ શ્રી રંગુન ભાટીયા મહાજન.

૧૧૫ શ્રી ધરણગામ ભાટીયા મહાજન.

૧૧૨ શ્રી તિરૂપુરના ભાટીયા ભાઇઓ.

૧૫ ભાઇ દ્વારકાદાસ નરશી.

૧૦ ,, પરશોતમ હરિદાસ.

૧૦ ,, વલભદાસ જીવણદાસ.

૧૦ ,, રવજી શામજી.

૧૦ ,, રૂગનાથ કાળીદાસ.

૧૦ ,, પોપટલાલ પ્રાગજી.

૧૦ ભાઇ જમનાદાસ સુંદરજી.
૫ ,, વીઠલદાસ કરમશી.
૫ ,, કાનજી વાલજી વેદ.
૫ ,, શામજી વાલજી વેદ.
૫ ,, દ્વારકાદાસ ભાણજી.
૫ ,, વેલજી મુલજી.
૫ ,, ભગવાનદાસ જીવણદાસ અજારીયા.
૫ ,, લખમીદાસ દ્વારકાદાસ.
૨ ,, નરસિંહ નથુ.

૧૧૨

૧૦૭ શ્રી જામનગરના ભાટીયા ભાઇઓ તરફથી.
પા ભાઇ વીરજી લવજી હા. વલભદાસ.
૫ ,, કરશનદાસ જેઠાભાઇ.
૫ ,, વલભદાસ ડોસાભાઇ.
૪ ,, વિઠલદાસ પોપટ ભાણજી.
૩ ,, માધવજી કલ્યાણજી.
૩ ,, દામા લાલજી પેડાવાળા.
૩ ,, હેમરાજ જાદવજી.
૨૧ ,, અમરસિંહ પરશોતમ.
૨ ,, જીવણદાસ લાલજી લહેરી.
૨ ,, નારાણજી મોરારજી.
૨ ,, રામજી પરશોતમ.
૨ ,, ગોકુલદાસ કુરજી
૨ ,, નારાણદાસ સુંદરદાસ.
૨ ,, પરમાણંદ નરશી.
૨ ,, પદમશી ચાંપશી.
૨ ,, વલભદાસ ગોકુલદાસ.
૨ ,, જેરામ કુરજી.
૨ ,, હીરજી નારાણજી.
૨ ,, વીરજી પ્રાગજી.
૨ ,, દ્વારકાદાસ લાલજી.
૨ ,, જાદવજી પરશોતમ.

૨ ભાઇ ગોકુલદાસ રવજી કુરજી.
૨ ,, કાનજી આણુંદજી.
૨ ,, પરશોતમ નારાણજી.
૨ ,, ગોપાલદાસ કરશનદાસ.
૨ ,, દયાળજી ગોપાલજી.
૨ ,, કરશનદાસ ચાંપશી વેલા.
૨ ,, વીરજી મદનજી.
૧। ,, દયાળજી ભાણજી.
૧। ,, રવજી હરિ.
૧। ,, કરશનદાસ લીલાધર.
૧। ,, વિઠલદાસ રામજી
૧। ,, ધેલા પરશોતમ
૧। ,, ભાણજી હીરજી
૧। ,, જમનાદાસ કુરજી
૧। ,, રવજી જીવરાજ.
૧। ,, ગોકુળદાસ પદમસિંહ.
૧। ,, લખમીદાસ માધવજી
૧। ,, પરશોતમ મોરારજી.
૧। ,, વાલજી તુળશીદાસ.
૧। ,, જેઠા મેઘજી.
૧। ,, વલભદાસ હરિ.
૧। ,, વેલજી કેશવજી.
૧। ,, ગોકુળદાસ મુળજી.
૧। ,, ટોપણ માધવજી.
૧। બાઇ નંદુબાઇ નેણશી.
૧ ભાઇ રણછોડદાસ દામોદર.
૧ ,, કરશનદાસ ચાંપશી.
૧ ,, કરશનદાસ મુળજી.
૧ ,, સુંદરદાસ રવજી.
૧ ,, પદમશી કુરજી.
૧ ,, મોતીરામજી દેવરીઆવાળા.
૧ ,, ગોપાળદાસ નેણશી.
૧ ,, કરશનદાસ માધવજી,

૧ ભાઇ વિઠલદાસ કલ્યાણજી.
૧ ,, કલ્યાણજી જાદવજી.
૧ ,, માણેકભાઇ ધરમસીંહ.
૧ ,, જેઠાલાલ મુળજી.
૧ ,, વલભદાસ ચાંપશી.
૧ ,, ગોપાળદાસ રવજી દેવરીયાવાલા.

૧૦૭

૧૦૧ શ્રી જલગાંવ (ખાનદેશ) ભાટીયા ભાઇઓ તરફથી.
૨૫ ભાઇ વસનજી હીરજી.
૧૧ ,, પુરશોત્તમ જીવણદાસ.
૭ સૌ. બહેન બેચુબાઇ.
૭ ભાઇ ગોકુલદાસ જાદવજી.
૭ ,, કરસનદાસ ભીમજી.
૫ ,, મોરારજી દેવજી.
૫ ,, સુદરદાસ નારાણજી.
૫ ,, ચત્રભુજ રવજી.
૫ ,, જમનાદાસ નરસિંહ.
૩ ,, ગોકુલદાસ કેશવજી.
૩ ,, વલભદાસ ખેતશી.
૩ ,, મુલજી હીરજી.
૩ ,, માધવજી મુલજી.
૨ ,, વીઠલદાસ વલભદાસ.
૨ ,, દ્વારકાદાસ રામદાસ.
૨ ,, વીઠલદાસ ગોકુલદાસ.
૨ ,, નારણદાસ વસનજી.
૨ ,, દ્વારકાદાસ વલભદાસ.
૨ ,, કરશનદાસ વાલજી.

૧૦૧

૧૦૦ ,, શ્રી મસ્કત અને મત્રા મહાજનના હા. ભાઇ છોટાલાલ વસનજી જેરાજાણી.
૫૭ ,, શ્રી ખંભાલીયા ભાટીયા મહાજન.
૫૧ ,, શ્રી વિજાપુર ભાટીયા મહાજન.

૫૧ ,, શ્રી અંજાર ભાટીયા મહાજન.
૫૧। ,, શ્રી સલાયા ભાટીયા મહાજન.
૫૧ ,, શ્રી મોરબી દીવાન ભાટીયા મહાજન.
૫૧ ,, શ્રી મુંદ્રા યંગ ભાટીયા ભાઇઓ.
૨૫ ભાઇ પુરૂશોતમ ડી. આસર તિરૂપુર.
૨૫ ,, ગોરધનદાસ ધારશી. ,,
૨૫ ,, દેવજી ઉમરશી આસર ,,
૨૫ ,, લક્ષ્મીદાસ પ્રેમજી, કલકતા.
૨૫ ,, ગોરધનદાસ ધારશી, કોચીન.
૨૫ ,, શ્રી મહુવા ભાટીયા મહાજન.
૧૦ ,, માધવજી ઝીણાભાઇ, રાજકોટ.
૬ ,, વિઠલદાસ દામોદર, આડોની.
૫ ,, મથુરાદાસ વલભદાસ, જલગાંવ.
૫ ,, જમનાદાસ કેશવજી, કંકાલ, કોચીન.
૫ ,, ગોકુલદાસ દામોદર, કલકતા.
૫ ,, પોપટલાલજી મોવૈયા.
૩ ,, ડાહ્યાભાઇ ગીરધરદાસ, વડોદરા.
૩ ,, મુગટલાલ દામોદર વીજાપુર.
૨ ,, નાજુકલાલ નંદલાલ ચોકશી, ભરૂચ.

૧૩૧૪-૧૨-૦ કુલ્લે બહારગામથી.

રૂ. ૭૯૬૭ાાા એકંદર કુલ્લે સ્થાનિક તેમજ બહારગામના, સહાયક ફંડમાં ભરાયલા તે.

—:o:—

શું

ભાટીઆઓ ક્ષત્રિય નથી?

તેઓ છેજ.

પણ

જો હોય તો તેનાં પ્રમાણો ક્યાં છે?

તે એ છે.

શ્રી

ભાટીઆઓની કુલકથા

જે

આજથી સાડા પાંચ સૈકા ઉપર લખાયલી છે

અને જે

આપણી

મુંબાઈ પ્રાન્તિક પરિષદે છપાવી મુફ્ત વહેંચી છે

તે

ન વાંચી હોય તો

વાંચો અને વંચાવો.

મુંબઈ પ્રાન્તિક ભાટીઆ પરિષદ્

ની

કારોબારી સમિતિના આશ્રય હેઠળ

ભાટીઆ જ્ઞાતિની અનેક વિધ ઉન્નતિના પ્રશ્નોની ચર્ચા કરતું

એકલું સચિત્ર માસિક

શ્રી

ભટ્ટી હિતેચ્છુ.

આપણા દાદા શ્રી કૃષ્ણની જયન્તીનાં શુભ તહેવારનાં દિને

જન્મ પામી ચુક્યું છે.

તંત્રીઃ—

રા. રા. પુરૂષોત્તમ વિશ્રામ માવજી.

ઠે૦ દ્વારકા સીમેન્ટ કંપની લિમિટેડ.

નં૦ ૨. રેમ્પાર્ટ રોડ, કોટ, મુંબઈ.

હિંદ માટેઃ		હિંદ બહારઃ
રૂપીઆ અઢી.	વાર્ષિક લવાજમ સાથે	રૂપીઆ ત્રણ.

આ રિપોર્ટ ભારત-સેવા પ્રિન્ટીંગ પ્રેસ, ખત્રવાડી, ધોબીતળાવ, લુહાર ચાલ સ્ટ્રીટ મધ્યે
રા. લાલશંકર લક્ષ્મીશંકર પંડ્યાએ છાપ્યો છે.